ફેબ્રુઆરી-૨૦૨૩
વર્ષ : ૧૫
અંક : ૦૮
મુલ્ય : રૂા. ૨૦/-

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

સેતુ સમાજ સંદેશ

Unity is our Strength

(માસિક)





ગોંદિયા ઘટકને આંગણે યોજાયેલ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના વાર્ષિક અધિવેશનમાં સ્ટેજ પર બિરાજમાન તથા અધિવેશન ઉદ્‌ઘાટન સમારોહનું દિપ પ્રાગટ્ય કરતા મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ ચાવડા સાથે મહાસભા, અ.ભા.મહિલા મહામંડળ, અ.ભા.યુવા મહામંડળ, વિદર્ભ પ્રાદેશિક, ગોંદિયા ઘટકના હોદ્દેદારો દશ્યમાન થાય છે.

ચાલો બિલાસપુર... ચાલો બિલાસપુર... ચાલો બિલાસપુર...

મહાસભાનું આગામી અર્ધવાર્ષિક અધિવેશન

બિલાસપુર (છત્તીસગઢ)

If undelivered please return to :
Setu Samaj Sandesh
C/o. Shree K.G.K. Samaj Bhavan
Nr. Townhall,
ANJAR - KUTCH 370 110.
Ph. : (02836) 246511

RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025
Posted at S.O. BHUJ on 2nd of Every Month.





Late Karmsinh Madhavji Tank
(Sinogra)



Mr. Prafulchandra K. Tank
Mob: +91 9825053258

Mr. Kishan P. Tank
Mob: +91 9925811599

KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES

RHODAMINE B 540%

Basic Violet 10 & Other Qualities

BASIC RHODAMINE B BASE

BASIC DYES FOR

Paper, Textile Printing & Leather

Factory : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

Residence : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

E-mail : karmachemical@gmail.com, tankishan5115@gmail.com

।। વિદ્યાદાન મહાદાન ।। ।। પરમ પૂજ્ય શ્રી ગંગા મૈયા ધ્રુવ સ્મૃતિ ।। ।। સા વિદ્યા યા વિમુક્તયે ।।

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય - કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષેત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી કોલેજકક્ષા સુધીની વિદ્યાર્થીનીઓને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવે છે.

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. **09460100003842**માં જમા કરાવી માનદ્ સહ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. **09427767810**ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.



'સમાજરત્ન' શ્રદ્ધેય
સ્વ. હિરજીભાઇ ખીમજીભાઇ
ચૌહાણ - રત્નાગીરી

: પ્રેરણા સ્ત્રોત :

દર મહિનાની ૨જી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

સેતુ સમાજ સંદેશ

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

'સમાજરત્ન'
શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ
સોલંકી - માધાપર



વર્ષ : ૧૫ અંક : ૦૮ ફેબ્રુઆરી-૨૦૨૩

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી :
વૈદ્યરાજ સ્વ. પ્રાગજીભાઇ મોનજીભાઇ ટાઠોડ

(Subject To Anjar Jurisdiction Only)

:: સમાજ સંરક્ષક ::



ભરતભાઈ કાંતિલાલ સાવલિયા
રાયપુર (છત્તીસગઢ)

: માનદ્ તંત્રી-મુદ્રક-પ્રકાશક :



વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. ૪, કામધેનુ સોસાયટી-૧,
અંજાર (કચ્છ) 370 110 M. 9408244644, 8160121930

: માલિક :



યોગેશભાઈ મગનભાઈ ચાવડા
મુખ્ય શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા

અધ્યક્ષ, સેતુ સમાજ સંદેશ સંચાલન સમિતિ



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9909069057

:: પથદર્શક ::



સ્વ. ભરતભાઈ વલમજીભાઈ વાઢેર
અંજાર (કચ્છ)

માનદ્ સંયોજક (Coordinator)
વિનોદ કેશવજીભાઈ પઢિયાર

પોસ્ટ એવં પ્રિન્ટીંગ
વિનોદ લીલાધરભાઈ ચૌહાણ

લવાજમ-વિજ્ઞાપન
અજય પ્રાગજીભાઈ પઢિયાર

સભ્યશ્રીઓ : વિનોદ શાંતિલાલ જેઠવા વિજય પ્રાગજીભાઈ પઢિયાર પ્રતિક દિનેશભાઈ ટાંક ગિરીશ મહેશભાઈ પરમાર

માનવ માત્ર ભૂલને પાત્ર કહેવાય છે પરંતુ ક્યારેય દેવતાઓ ભૂલને પાત્ર નથી કહેવાતા. આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં મનુષ્ય દેવતૂલ્ય હતો. ત્યાર પછી તેણે પ્રથમ ભૂલ કરી સ્વયંના આત્મસ્વરૂપને ભૂલવાની અને દેહરૂપને જ સર્વસ્વ સમજવાની ! સંસારમાં ભૂલનું બીજ અહીંથી જ રોપાયું અને તેમાંથી અનેક ભૂલોની પરંપરા શરૂ થઇ. વિશ્વમાં એવો કોઇ વ્યક્તિ નહીં હોય જેણે ક્યારેય ભૂલ ન કરી હોય ! માનવની ભૂલને કારણે જ આજ વિશ્વમાં દુઃખ, અશાંતિનું સામ્રાજ્ય ફેલાયું છે. ભૂલ પણ બે પ્રકારની હોય છે. એક તો અજાણતામાં થયેલી ભૂલ જે માફીને લાયક બની શકે. જ્યારે બીજી ભૂલ જાણ-સમજ હોવા છતાં કરવામાં આવે. આ ભૂલને ભૂલ નહીં ગુનો કહેવાય. જે સજાને પાત્ર બને છે.

ભૂલ થાય ત્યારે ધ્યાન રાખવા જેવી વાત એ છે કે પોતાની ભૂલને નમ્રતા અને સહૃદયતાથી સ્વીકાર કરવી, ભૂલ બતાવવા વાળાને ઉપેક્ષિત ન કરવો, આ સંસ્કારીક્તા છે. હરિજન સેવકના એક અંકમાં ગાંધીજીએ લખ્યું છે કે, ''ભૂલ કરવી માનવ સહજ સ્વભાવ છે પરંતુ ભૂલનો સ્વીકાર કરી, એ પ્રમાણે આચરણ કરવું જેથી ભૂલનું પુનરાવર્તન ન થાય એનું નામ મર્દાનગી છે.''

જાપાનમાં એક રાજા થઇ ગયો. એને ચીની માટીના બનાવેલ નકશીદાર ફુલદાનીઓનો સંગ્રહ કરવાનો ખૂબ શોખ હતો. તેના મહેલમાં દેશ-વિદેશથી લાવેલી અતિ કિંમતી ફુલદાનીઓ સજાવીને રાખેલી હતી. રાજાએ તેની દેખરેખ રાખવા માટે ખાસ ૨૦ જેટલા સેવકો રાખ્યા હતા. જેઓ દરરોજ એ ફુલદાનીઓની સાફ-સફાઇ કરતા. એક દિવસ વૃદ્ધ સેવકના હાથમાંથી સફાઇ દરમ્યાન ભૂલથી એક ફુલદાની તુટી ગઇ, રાજાને ખબર પડી. રાજા ક્રોધાવેશમાં ત્યાં પહોંચી આવ્યો. તેને દરબારમાં હાજર કરવાનો હુકમ આપ્યો. વૃદ્ધ સેવક દરબારમાં હાજર થયો અને રાજાએ તેને મોતની સજા સંભળાવી દીધી. દરબારીઓમાં સોંપો પડી ગયો. એવામાં સૌ કોઇ વધુ સમજે-વિચારે તે પહેલાં વૃદ્ધ સેવકે બાકી બચેલા ઓગણીસ જેટલા ફુલદાન ધડાધડ તોડી નાખ્યા ! રાજાએ ગુસ્સા અને આશ્ચર્યથી પૂછ્યું, ''તેં આ બચેલા ફુલદાન કેમ તોડ્યા ?'' વૃદ્ધ સેવકે જવાબ આપ્યો, ''મહારાજ અજાણતા મારાથી ભૂલ થઇ, હું તેનો સ્વીકાર કરું છું. મારૂં તો મરવાનું નક્કી છે પરંતુ બાકી બચેલા ફુલદાન તોડી મેં ૧૯ લોકોના જીવ બચાવ્યા છે. મારા મૃત્યુનો મને અફસોસ નથી.'' રાજાએ વૃદ્ધની નમ્રતા, સાહસ અને સમજદારીની પ્રશંસા કરી અને તેની સજા માફ કરી દીધી.

કાર્ય દરમ્યાન ભૂલ થવી સ્વાભાવિક છે અને એજ કારણ છે કે વધુ પડતી ચિંતા કરવાથી ભૂલોને આમંત્રણ આપવા જેવું છે. આવા સમયે જ્યારે કે આપણે કોઇ કારણવશ ભારે મુસીબતમાં હોઇએ ત્યારે ધૈર્ય ઉપર કાબુ રાખી વિવેક બુદ્ધિથી એનો પ્રતિકાર કરવો એજ સાચી નીતિ છે. બુદ્ધિમાન અને ધૈર્યવાન વ્યક્તિ જ જીવનમાં સદા વિજય પ્રાપ્ત કરે છે. **(સ્વ. ભરતભાઈ વાઢેરના લેખોમાંથી સાદર...)**

મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૨૦૦
આજીવન લવાજમ : ₹ ૧૫૦૦

મહાસભા વેબસાઇટ
www.kgksamaj.org

રકમ કોઇપણ Bank of Baroda - Anjar ની શાખામાં **"Setu Samaj Sandesh"** ના
Saving A/c. No. 03740100017955
IFSC Code - BARB0ANJARX (5th Character is Zero) માં ભરી શકાય છે.
E-mail : setusamaj@gmail.com Visit us on at : www.setusamajsandesh.org

ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે **9067292827** નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂં નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.

Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

પ્રમુખશ્રી મહાસભા
શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા
'અંબર', વાત્સલ્ય ભૂમિ, વાઠોડા,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) 35
Mob. 9373129642

સહ પીર્ય કરવાપહે

મહામંત્રીશ્રી મહાસભા
શ્રી વિનોદભાઈ કેશવજીભાઈ પઠિયાર
પ્લોટ નં. 26-બી, બાલાજીનગર-1
અંજાર (કચ્છ) 370 110
Mob. 09978790488



Regd. Office : 22, Hysham Road, Kolkata - 700 020 (W.B.)
Main Office : Shri Kshatriya Gyati Sewa Samiti, Opp. Satkar Hotel, Civil Station Road, Po. Raipur (C.G.) 492009. Ph./Fax : 0771 - 4098024
NAGPUR Office : "AMBER", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35. Mob. 937312642 ANJAR Office : Shop No. 5, Balaji Chambers - 2, Below Hotel Payal, Po. ANJAR (Kutch) 370 110, Mob. 9978790488

પ્રમુખ સ્થાનેથી...

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ **મહાસભાનું વાર્ષિક અધિવેશન વિદર્ભ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા ગોંદિયા ઘટકની યજમાનીમાં તા. ૩૦,૩૧ ડીસે. ૨૦૨૨ના રોજ ખુબજ ધામધૂમ પૂર્વક હર્ષોલ્લસાથી ઉજવવામાં આવ્યું હતું.** મહાસભાની કાર્યવાહક સમિતિની સભા, સામાન્ય સભા, યુવા મહામંડળ અને મહિલા મહામંડળની સભાઓ તેમજ અદ્‌ભૂત સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા ગુરૂ ગોંદિયા ઘટકના આયોજનને ચાર-ચાંદ લાગી ગયા હતા. **ગોંદિયા ઘટકના પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઈ રાઠોડ** અને તેમના સૌ હોદ્દેદારો તથા યુવા મંડળ અને મહિલા મંડળની ટીમ ખડે પગે ઉભા રહી મહેમાનોને કોઈ કચાસ ન રહે તેની પૂરી તકેદારી રાખી રહ્યા હતા. વિદર્ભ પ્રાદેશિક સમિતિના આદ. પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઈ પરમાર અને તેમના સૌ હોદ્દેદારો નાનામાં નાની સગવડો સાચવવા અને અધિવેશનને સંપૂર્ણ સફળ બનાવવા જહેમત લઈ રહ્યા હતા.

અખિલ ભારતીય મહિલા મહામંડળના ઉર્જાવાન **પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકી**ના નેતૃત્વમાં પૂર્વ પ્રમુખશ્રીના કાર્યોની ડૉક્યુમેન્ટરી અને તેઓના શુભેચ્છા સંદેશાઓનું આયોજન તેમજ તેમને અર્પણ કરવામાં આવેલ પ્રિયદર્શીની એર્વો કાર્યક્રમનું આયોજન અદ્વિતીય રહ્યું હતું. આ માટે મહિલા મહામંડળના સૌ હોદ્દેદારોને ધન્યવાદ પાઠવું છું.

મહાસભાની સભામાં આગામી સત્રના પ્રમુખશ્રીની ચૂંટણીની પ્રક્રિયા પર વિશદ ચર્ચા કરવામાં આવેલ હતી. **મહાસભાના ઉપપ્રમુખ શ્રી મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી – માધાપર**ના માર્ગદર્શનમાં **વડોદરા નિવાસી શ્રી પુજનભાઈ**એ તૈયાર કરેલ સોફટવેર અને ચૂંટણીની પ્રક્રીયાનું નિદર્શન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સભ્યો અને **સલાહકાર અધ્યક્ષ શ્રી પ્રફુલભાઈ પરમારે** વિશેષ રસ લઈ આ પ્રક્રિયામાં આવતી મુશ્કેલીઓ અને મુંઝવણ વિશે મુક્ત મને ચર્ચા કરી હતી. સભાસદોના પ્રશ્નનું યોગ્ય સમાધાન થાય અને ચૂંટણીની પ્રક્રિયા નિર્વિરોધ સફળતાપૂર્વક પાર પડે તે રીતે આયોજન ગોઠવાય તો ઓનલાઇન ચૂંટણીની પ્રક્રિયા કરવાથી ઘણા સારા પરિણામ મેળવી શકાશે અને ચૂંટણીના દુષણને ખત્મ કરવામાં મદદ મળી રહેશે તેવો સુર વ્યક્ત કરી આ પ્રક્રિયાનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવેલ હતો. શ્રી પૂજનભાઇએ જણાવ્યું હતું કે, આપશ્રી દ્વારા મળેલી ફીડબેક અને ક્વેરી દુર કરી આવતી છ માસીક મીટીંગમાં આખો કુલ પ્રુફ પ્લાન રજુ કરીશ. સભાને એમ લાગે કે આપણા બધા પ્રશ્નોનું સમાધાન થઇ ગયેલ છે તો જ તેને અમલમાં મુકવામાં આવશે. મહાસભાની આગામી કારોબારી સમિતિની બેઠક માટે એક કરતા વધારે ઘટકોના આમંત્રણ પ્રાપ્ત

થયા હતા. સલાહકાર મિત્રોથી ચર્ચા કરી **બિલાસપુર ઘટક** મધ્યે **આવતી કાર્યવાહક સમિતિની મીટીંગ** બોલાવવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. ગોંદિયા મધ્યે મહાસભાની મીટીંગો અને દરેક કાર્યક્રમો દરમ્યાન **સલાહકાર અધ્યક્ષ શ્રી પ્રફુલ્લભાઈ પરમાર** અને **પૂર્વ અધ્યક્ષ આદ. શ્રી રણજીતભાઈ પરમાર** તેમજ **આદ. શ્રી ભુપેન્દ્રભાઈ પરમાર**નું માર્ગદર્શન અને સુઝાવો મળી રહ્યા હતા તે બદલ આ ત્રણે વડિલોનો પ્રમુખ સ્થાનેથી ખાસ આભાર વ્યક્ત કરું છું. સાથે સાથે દરેક સમિતિના પ્રભારીશ્રી અને પ્રાદેશિક સમિતિના પ્રમુખશ્રીઓ દ્વારા કરેલ કાર્યોનો અહેવાલ ખુબજ સારી રીતે રજુ કરવામાં આવ્યો અને આગામી સમયમાં કઇ રીતે કાર્ય કરવું તેના વિશે ઉપપ્રમુખશ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપરના સુચનો પણ ખુબજ સમયસરના અને યોગ્ય રહ્યા હતા. આમ, દરેક પ્રભારીશ્રીઓ અને પ્રાદેશિક પ્રમુખશ્રીઓને પણ મહસભા વતી અભિનંદન પાઠવું છું. ગોંદિયા અધિવેશન દરમ્યાન **વિદર્ભ પ્રાદેશિક મંત્રી અને ગોંદિયા ઘટકના સહમંત્રી તેમજ સફળ સ્ટેજ કલાકાર શ્રી મિતેશભાઇ ટાંક દ્વારા સ્વરચીત સમાજ ગીતને સંગીતના સથવારે લોકો સમક્ષ મુકવામાં આવ્યું હતું ત્યારે સમગ્ર ઓડિયન્સ જય સમાજના નારા સાથે ગુંજી ઉઠ્યો હતો. મહાસભા વતી શ્રી મિતેશભાઇ ટાંકનું શાલ ઓઢાળી સન્માન કરવામાં આવ્યું હતું.**

ગોંદિયા અધિવેશન દરમ્યાન પ્રમુખ સ્થાનેથી મારા વકતવ્યમાં માદરે વતન કચ્છ ખાતે મહાસભા દ્વારા આપણા વડિલોને આશ્રય આપવા અને સમાજની વસાહત ઉભી કરવા તેમજ વડિલોની એકલતાનો યોગ્ય ઉકેલ લાવવાના પ્રયત્નો કરવા જોઇએ અથવા પેઇ વૃદ્ધાશ્રમ જેવી વ્યવસ્થા ઉભી કરવા પર ભાર મુકેલ હતો. આ અગાઉ મારા કચ્છના પ્રવાસ દરમ્યાન કચ્છના હોદ્દેદારો સાથે પણ આ બાબતે ચર્ચા કરેલ હતી. મને ખુશી છે કે આ માર્ગ પર **મહાસભા ઉપપ્રમુખશ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ – ગાંધીધામ, ઉપપ્રમુખ શ્રી લાધુરામભાઇ રાઠોડ – ખંભરા, વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા – અંજાર, મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર – અંજાર નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કરી રહ્યા છે.** મિત્રો દરેક કાર્ય જે આપણને યોગ્ય લાગે તે માટેના પ્રયત્નો આપણે કરવા જ જોઇએ. પરંતુ કુદરતને જ્યારે મંજુર હોય ત્યારે અને આપણા સૌના કુળદેવીના આશીર્વાદ હોય ત્યારે તેમાં સફળતા મળે છે અને મને વિશ્વાસ છે કે પ્રભુશ્રીરામ આપણને જરૂર સફળતા અપાવશે.

જાન્યુઆરી માસના બીજા સપ્તાહમાં **રાયપુર ઘટકના પ્રમુખ શ્રી ભરતભાઇ ચાવડાની આગેવાનીમાં ૧૧૫ સમાજબંધુઓ માદરે વતન કચ્છ અને કુળદેવીના દર્શનનો લાભ લેવા કચ્છ પધારેલ હતા. કચ્છ દર્શન સમિતિના પ્રભારી શ્રી લાધુરામભાઇ રાઠોડના નેતૃત્વમાં કુળદેવી દર્શન અને કચ્છના પ્રવાસનો ત્રણ દિવસનો કાર્યક્રમ ખુબજ સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો.** આ કાર્ય માટે આર્થિક સહયોગ આપનાર રાયપુર ઘટકના દાતાશ્રીઓ, ગાંધીધામ ઘટક, સાર્વજનિક ટ્રસ્ટ, શ્રી મનોજભાઇ વેગડ, સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકી, કચ્છ પ્રાદેશિક પ્રમુખ શ્રી રમણીકભાઇ વાઢેર, શ્રી વિનોદભાઇ જેઠવા, શ્રી મનોજભાઇ સોલંકી, બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમાર અને શ્રી ભોગીલાલભાઇ ચાવડાએ ખુબજ ઉત્કૃષ્ઠ મહેમાનગતી કરી બહારના સમાજબંધુઓની વતન કચ્છ પ્રત્યેની લાગણીને વધુ બળવાન બનાવવા પોતાનું યોગદાન આપેલ છે તે બદલ મહાસભા વતી હું સૌને આભાર સહ ધન્યવાદ પાઠવું છું.

શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા - પ્રમુખશ્રી મહાસભા

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાના વાર્ષિક અધિવેશન - ગોંદિયાની તસ્વીરી ઝલક



શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાના વાર્ષિક અધિવેશન - ગોંદિયાની તસ્વીરી ઝલક



શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાના વાર્ષિક અધિવેશન - ગોંદિયાની તસ્વીરી ઝલક



શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાના વાર્ષિક અધિવેશન - ગોંદિયાની તસ્વીરી ઝલક



॥ રામ ॥ ॥ રામ ॥ ॥ રામ ॥ ॥ રામ ॥ ॥ રામ ॥ ॥ રામ ॥ ॥ રામ ॥ ॥ રામ ॥ ॥ રામ ॥

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ ૐ નમો ભગવતે વાસુદેવાય ॥ ॥ જય સીયારામ ॥

પ.પૂ.ભગવત્પાદ બ્રહ્મલીન સદ્‌ગુરૂ શ્રી ગરીબદાસજી મહારાજની ૬૫મી નિર્વાણતિથિ નિમિત્તે

શ્રી રામગાથા નવાહ જ્ઞાનયજ્ઞ મહોત્સવ



પ.પૂ. બ્રહ્મલીન મહારાજ શ્રી ગરીબદાસજી ગુરૂશ્રી ઈશ્વરદાસજી, સંસ્થાપક :-શ્રી નિવૃત્તિ આશ્રમ



સંતશ્રી વાસુદેવદાસજી ગુરૂશ્રી ભાણદાસજી નિવૃત્તિ આશ્રમ



સ્નેહ આમંત્રણ

:: કથા પ્રારંભ ::

તા. ૨૧-૨-૨૦૨૩, મંગળવાર

:: કથા વિરામ ::

તા. ૧-૩-૨૦૨૩, બુધવાર



પ.પૂ. બ્રહ્મલીન મહારાજશ્રી ભાણદાસજી ગુરૂશ્રી ગરીબદાસજી



પ.પૂ. મહામંડલેશ્વર ૧૦૦૮ મહંતશ્રી ૐકારદાસજી મહારાજ રામજાનકી ગૌમુખ આશ્રમ, ભાદોગાંવ (એમ.પી.)

કથા શ્રવણ : સવારે ૮.૩૦ થી ૧૧.૩૦, બપોરે ૨.૩૦ થી ૫.૩૦

સ્થળ : સંતશ્રી ગરીબદાસજીનગર, નિવૃત્તિ આશ્રમ, કુકમા (કચ્છ)



વક્તા પ.પૂ. શાસ્ત્રી શ્રી કશ્યપભાઈ જોષી

પ.પૂ. ભગવત્પાદ બ્રહ્મલીન સદ્‌ગુરૂ શ્રી ગરીબદાસજી મહારાજની ૬૫મી નિર્વાણતિથિ નિમિત્તે નિવૃત્તિ આશ્રમ, કુકમા મધ્યે **''શ્રી રામગાથા નવાહ જ્ઞાનયજ્ઞ મહોત્સવ''**નું ભવ્ય આયોજન **'સમાજરત્ન'શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર - માધાપરના મુખ્ય યજમાન પદે** કરવામાં આવેલ છે. **કથાના વક્તા પ.પૂ. શાસ્ત્રી શ્રી કશ્યપભાઈ જોષી** સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવશે. આ શુભ અવસરે સમસ્ત સમાજબંધુઓને ઉપસ્થિત રહેવા ભાવભર્યું હાર્દિક નિમંત્રણ છે.



કથા આયોજનના સંપૂર્ણ ખર્ચના દાન દાતાશ્રી મુખ્ય યજમાનશ્રી 'સમાજરત્ન'શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર - માધાપર

:: કથાના પાવન પ્રસંગો ::

પોથી યાત્રા :

તા. ૨૧-૨-૨૦૨૩, મંગળવાર, સવારે ૯.૧૫ કલાકે

શ્રીરામ પ્રાગટ્યોત્સવ :

તા. ૨૩-૨-૨૦૨૩, ગુરૂવાર, બપોરે ૧૨.૦૦ કલાકે

શ્રી રામસીતા વિવાહોત્સવ :

તા. ૨૪-૨-૨૦૨૩, શુક્રવાર, સાંજે ૫.૦૦ કલાકે

શ્રી રામેશ્વર સ્થાપના :

તા. ૨૮-૨-૨૦૨૩, મંગળવાર, સાંજે ૫.૦૦ કલાકે

શ્રી રામ રાજ્યાભિષેક તથા કથા વિરામ :

તા. ૧-૩-૨૦૨૩, બુધવાર, સાંજે ૫.૦૦ કલાકે

શ્રી દશાંશ યજ્ઞ- શ્રી સુંદરકાંડ હોમ :

તા. ૨-૩-૨૦૨૩, ગુરૂવાર, સવારે ૮ થી ૧૨ કલાકે

કથા દરમ્યાન મહાપ્રસાદ (ભોજન)ની વ્યવસ્થા રાખવામાં આવેલ છે

॥ રામ ॥ ॥ રામ ॥ ॥ રામ ॥ ॥ રામ ॥ ॥ રામ ॥ ॥ રામ ॥ ॥ રામ ॥ ॥ રામ ॥ ॥ રામ ॥

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ જયશ્રી કૃષ્ણ ॥ ॥ જય સીયારામ ॥

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક આયોજીત

૧૦૮ પોથી સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ



કથાના મુખ્ય વકતા
સુપ્રસિદ્ધ કથાકાર પ.પૂ. શ્રી શ્યામભાઈ ઠાકર
(પોરબંદરવાળા)



કથા પ્રારંભ : ચૈત્ર વદ–૮, તા. ૧૩/૦૪/૨૦૨૩, ગુરૂવાર
કથા વિરામ : ચૈત્ર વદ–૧૪, તા. ૧૯–૪–૨૦૨૩, બુધવાર
નારાયણ યજ્ઞ : ચૈત્ર વદ–૩૦, તા. ૨૦–૪–૨૦૨૩, ગુરૂવાર
કથા શ્રવણ સમય : સવારે ૯.૦૦ થી ૧.૦૦ કલાક
કથા સ્થળ : યક્ષ મંદિર, માધાપર (કચ્છ)

પોથી શુલ્ક : રૂા. ૨૫,૦૦૦/-

પોથી નોંધાવનાર યજમાનશ્રીને દૈનિક સ્વતંત્ર બ્રાહ્મણ દ્વારા પોથી પૂજન
પોથી યજમાનશ્રીના પાંચ જણ ભોજન પ્રસાદ લઇ શકશે.
વધારાના ભોજન પાસ શુલ્ક આપીને મેળવી શકાશે.



સમાજ ગોર – પ્રધાન આચાર્યશ્રી
શ્રી પરેશભાઇ ત્રિવેદી

:: ભાગવતજીના રૂપેરા પ્રસંગો ::

પોથી યાત્રા : તા. ૧૩/૪/૨૩, ગુરૂવાર
નૃસિંહ જન્મ : તા. ૧૫/૪/૨૩, શનિવાર
કૃષ્ણ જન્મ : તા. ૧૬/૪/૨૩, રવિવાર
ગોવર્ધન ઉત્સવ : તા. ૧૭/૪/૨૩, સોમવાર
રૂકમણી વિવાહ : તા. ૧૮/૪/૨૩, મંગળવાર



શ્રી રાધે મોહનરાય (ઠાકર મંદિર) માધાપર



સ્વ પુરૂષોત્તમભાઈ
ડાયાભાઈ સોલંકી



સ્વ. પુષ્પાબેન
પુરૂષોત્તમભાઈ સોલંકી



સ્વ. મહેશભાઈ
પુરૂષોત્તમભાઈ સોલંકી



'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ
પુરૂષોત્તમભાઈ સોલંકી



શ્રી મનોજભાઈ
પુરૂષોત્તમભાઈ સોલંકી

સમુહ ભાગવત સપ્તાહના મુખ્ય પોથી યજમાન સ્વ. પુષ્પાબેન તથા સ્વ. પુરૂષોત્તમભાઈ ડાયાભાઈ સોલંકી પરિવાર, સ્વ. મહેશભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકીના સ્મરણાર્થે

પોથી નોંધાવવા માટે સંપર્ક : શ્રી હિરેનભાઈ એચ. ચૌહાણ – મો. 9879237977 (પ્રમુખશ્રી, કચ્છ પ્રાદેશિક યુવા મંડળ)

ઓનલાઈન પોથી શુલ્ક જમા કરાવવા માટે : "KUTCH GURJAR KSHTRIYA SAMAJ" A/c. No. 2099926328,
Bank : Central Bank of India, Madhapar Branch (00592) IFSC Code : CBIN0280592

કથા આયોજનનો સંપૂર્ણ હિસાબ એક માસમાં જાહેરમાં મુકવામાં આવશે તથા કથામાંથી થયેલ વધારાની આવક ગાયોના ચરા માટે દાન કરવામાં આવશે.

:: સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ અંગેની વધુ માહિતિના સંપર્ક સુત્રો ::

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી (કથાના પ્રભારીશ્રી) (પ્રમુખ માધાપર ઘટક) મો. ૯૯૨૫૨૨૯૦૭૯
શ્રી મનોજભાઈ પી. સોલંકી (સલાહકાર પ્રમુખશ્રી માધાપર ઘટક) મો. ૯૮૨૫૪૨૮૧૦૦
શ્રી ગિરીશભાઈ એમ. ચૌહાણ (મંત્રીશ્રી માધાપર ઘટક) મો. ૯૪૨૬૯૩૧૧૨૮
શ્રીમતી તારાબેન આર. ટાંક (પ્રમુખશ્રી મહિલા મંડળ – માધાપર) મો. ૯૯૧૩૫૮૨૪૧૨
શ્રી ભરતભાઈ જે. રાઠોડ (પ્રમુખશ્રી યુવા મંડળ – માધાપર) મો. ૯૦૩૩૦૬૩૩૪૬

श्री गणेशाय नमः
धर्म की जय हो
अधर्म का नाश हो

"श्री नृसिंहो विजयते"
श्रीमते रामानंदाचार्याय नमः

ॐ

श्री सीतारामाभ्यां नमः
प्राणियों में सद्भावना हो
गौमाता की जय हो



श्री विश्व कल्याणार्थ

श्री नवकुण्डात्मक श्री गायत्री पुरश्चरण महायज्ञ एवं संगीतमय श्रीराम कथा प्रवचन

दिनांक : 29 जनवरी 2023 से 6 फरवरी 2023 तक

स्थान : गौमुख मंदिर, भादोगाँव (गंजाल) रे. स्टे. टिमरनी, जिला-हरदा (म.प्र.)



महामण्डलेश्वर श्री श्री 1008
श्री सालिग्रामदासजी गुरुजी (काठिया परिवार)



महामण्डलेश्वर श्री श्री 1008
श्री महंत ओंकारदासजी महाराज गोमुख, भादौगाँव



प्रधान यजमान
'समाजरत्न' बाबू विनोदभाई सोलंकी (माधापर-कच्छ)



-प्रवचनकर्ता-
मानस माधुरी सुश्री हेमाद्री देवी
इन्दौर (म.प्र.)
मो. : 9826414011

भगवत्यै श्री गायत्री देव्यै नमः

श्री गायत्रीं परां देवीं विप्रेभ्योऽभयदां मुदा
वन्दे ब्रह्मप्रदां साक्षात्सच्चिदानंदरुपिणीम् ॥
गायत्री वेदजननी गायत्री पापनाशिनी ।
गायत्र्यास्तु परं नास्ति दिवि चेह च पावनम् ॥



-प्रवचनकर्ता-
मानस सिंधु स्वामी
मुरारी बापू (मझले)
कोटा (राज.)
मो. : 9414177926





।। भगवत्ये श्री गायत्री देवव्यै नमः ।।

गायं तं त्रायते इति गायत्री

जो स्मरण करने मात्र से कल्याण करें वही गायत्री देवी है ।

विगत वर्षो की अनवरत श्रृंखला के तारतम्य में इस वर्ष भी

परम पूज्य श्री श्री 1008 श्री वनखण्डी बाबा की तपस्थली गौमुख मंदिर पर

परम पूज्य गुरुदेव श्री श्री 1008





श्री महन्त सालिग्रामदासजी महाराज की 46 वीं पुण्यतिथि पर

24 लाख गायत्री जाप सहित गायत्री पुरश्चरण, नवकुण्डात्मक श्री महायज्ञ 108 सुंदर काण्ड पाठ एवं संगीतमय श्री रामकथा प्रवचन एवं 1100 श्री हनुमान चालिसा पाठ का **भव्य आयोजन** किया जा रहा है ।

अतः उक्त आयोजन पर सपरिवार पधारकर अपने जीवन को धन्य करें और तन-मन-धन से सहयोग देकर कार्य को संपन्न करें ।



: यज्ञाचार्य :

पं. श्री ओमप्रकाश जी शर्मा

बागली देवास (म.प्र.), मो. : 9165027029

विशेष- रामार्चा पूजन समाधी चरणपादुका पूजन स्थापित देवताओं का हवन।
दि. 22 जनवरी 2023 से गुप्त नवरात्र से गायत्री जाप गायत्री कवच गायत्री हृदयस्तोत्र, हवन प्रारम्भ होगा। प्रतिदिन दशांश हवन तर्पण, मार्जन एवं याज्ञिक क्रियायें 6 फरवरी तक होगी।

❊ कार्यक्रम ❊

ब्राह्मणों द्वारा श्री गायत्री मंत्र का २४ लाख जाप प्रारम्भ

शुभ मिति माघ शुक्ल 1, रविवार दिनांक : 22 जनवरी 2023 से प्रारम्भ

सर्व प्रायश्चित हेमाद्रि शोभा यात्रा

शुभ मिति माघ शुक्ल 8, रविवार दिनांक : 29 जनवरी 2023

मण्डप प्रतिष्ठा, अरणिमंथन, ग्रहमुख हवन पूजन प्रारंभ

शुभ मिति माघ शुक्ल 9, सोमवार दिनांक : 30 जनवरी 2023

पुर्णाहुति, वसोर्धारा महाप्रसादी (विशाल भण्डारा)

शुभ मिति फाल्गुन कृष्ण 1, सोमवार दिनांक : 6 फरवरी 2023

❊ संयोजक ❊

महामण्डलेश्वर श्री श्री 1008
श्री महंत ओंकारदासजी महाराज
गौमुख मठ, भादोगाँव (गंजाल)
जिला–हरदा (म. प्र.)
मोबा.: 09926473071



❊ निवेदक ❊

यज्ञ समिति एवं समस्त
क्षेत्रवासी, ग्रामवासी
भादोगाँव (गंजाल)
जिला–हरदा (म. प्र.)

सौजन्य से–

धर्मात्मा गौ ब्राह्मण संत सेवी

बाबू मनोज भाई सोलंकी

माधापुर–कच्छभुज



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ

સામાન્ય સભા તા. ૧૬/૧૦/૨૦૨૨, સ્થળ : ભુજ વિદ્યાર્થી ભવનની તસવીર ઝલક...




















Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)

Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288

''आपવાવાળાને અભિમાન ન આવે... લેવાવાળા લાચારી ન અનુભવે...''

મહાસભાની 'સંજીવની' એક ઐતિહાસીક પડાવ તરફ ગતિમાન...

''સબકા સાથ... સબકા વિકાસ... સબકા વિશ્વાસ...સબકા પ્રયાસ ... '' મોદીમંત્ર ચરિતાર્થ...

આપણા સમાજનો એક એવો વર્ગ જે આર્થિક અભાવને કારણે પોતાના પ્રિયજનની યોગ્ય સારવાર નથી કરાવી શકતો, એમના માટે 'સંજીવની' તપતા રણમાં મીઠી વીરડી પૂરવાર થઇ રહી છે. પાછલા ૧૧ વર્ષથી સમાજબંધુઓની સ્વાસ્થ્ય સમસ્યા સમયે, સમાજના મધ્યસ્થ સંગઠન મહાસભા પાસે આશભરી અપીલ કરતા એ વંચિત, પીડીત, લાચાર, સમાજબંધુને તત્કાલ આર્થિક સહાય આપી, સમસ્ત સમાજબંધુઓનો પ્રેમ, વિશ્વાસ અર્જીત કરેલ છે. **'સંજીવની' યોજનાની ઉપયોગીતા સમાજે સ્વિકારી** 'સંજીવની'ના સુચારૂ સંચાલન માટે સતત આર્થિક આવક આવશ્યક રહે છે. મહાસભાની વિવિધ વૈધાનિક બેઠકોમાં લેવાયેલ નિર્ણય અનુસાર વર્તમાન સમયમાં જરૂરીયાતમંદ સમાજબંધુઓનું આવેદનપત્ર મળતા જ ન્યુનતમ ત્રણ અને અધિકતમ આઠ દિવસમાં મહાસભા દ્વારા નિરધારીત રાશી આવેદકના બેંક ખાતામાં અચૂક જમા થઇ જાય છે.

મિત્રો, આન, બાન, શાન સાથે પૂર્ણ સફળતાને વરેલ મહાસભાનું ગોંદિયા વાર્ષિક અધિવેશનમાં મળેલ સુચન-સુઝાવ અનુસાર આજ આપણે 'સંજીવની'નું આર્થિક વિશ્લેષણ કરીશું. ગત નાણાંકીય વર્ષ ૧-૪-૨૧ થી ૩૧-૩-૨૦૨૨ તથા ૧-૪-૨૦૨૨ થી ૧૫-૧૨-૨૦૨૨ સુધી ગોંદિયા અધિવેશનમાં પ્રસ્તુત આંકડાઓથી મહિતગાર થઇએ.

માસ	વિતરીત રાશી
એપ્રિલ-૨૧	૩૫૦૦૦
મે-૨૧	૧,૯૦,૦૦૦
જુન-૨૧	૧,૬૫,૦૦૦
જુલાઇ-૨૧	૧,૮૭,૦૦૦
ઓગષ્ટ-૨૧	૫૨,૦૦૦
સપ્ટેમ્બર-૨૧	૧,૩૭,૦૦૦
ઓક્ટોબર-૨૧	૪૨,૦૦૦
નવેમ્બર-૨૧	૨,૦૦૦
ડિસેમ્બર-૨૧	૪૭,૦૦૦
જાન્યુઆરી-૨૨	૧,૦૦,૦૦૦
ફેબ્રુઆરી-૨૨	૫૬,૦૦૦
માર્ચ-૨૨	૧૬,૮૦૦
કુલ	**૧૦,૨૯,૮૦૦**

પ્રતિમાસ : વિતરણ ૧૦,૨૯,૮૦૦/૧૨ = ૮૫,૮૦૦

માસ	વિતરીત રાશી
એપ્રિલ-૨૨	૫૨,૦૦૦
મે-૨૨	૨૨,૦૦૦
જુન-૨૨	૬૫,૦૦૦
જુલાઇ-૨૨	૩૨,૦૦૦
ઓગષ્ટ-૨૨	૧૨,૦૦૦
સપ્ટેમ્બર-૨૨	૧,૦૭,૦૦૦
ઓક્ટોબર-૨૨	૩૨,૦૦૦
નવેમ્બર-૨૨	૧,૩૨,૦૦૦
ડીસેમ્બર-૨૨	૨૯,૦૦૦
કુલ	**૪,૮૧,૦૦**

પ્રતિ માસ વિતરણ : ૪,૮૧,૦૦૦/૯ = ૫૩,૪૪૪

'સંજીવની' લાભાર્થીઓની યાદી... (૧-૪-૨૦૨૧ થી ૧૫-૧૨-૨૦૨૨)

ક્રમ	નામ	ગામ	રકમ
૧	મિતેશ વેગડ	અંજાર	૫,૦૦૦
૨	રવિ રાઠોડ	વડોદરા	૧૦૦૦૦
૩	રીતીકા જેઠવા	અંજાર	૧૦૦૦૦
૪	પ્રેમીલાબેન પઢિઆર	રાજનાંદગાંવ	૧૦૦૦૦
૫	સમીર ચૌહાણ	અંજાર	૧૦૦૦૦
૬	રીતાબેન ચૌહાણ	અમદાવાદ	૩૦૦૦૦
૭	ખુશાલ ટાંક	બિલાસપુર	૩૦૦૦૦
૮	નિશાંત સોલંકી	બિલાસપુર	૩૦૦૦૦
૯	પ્રભુલાલ પઢિઆર	દુર્ગ	૩૦૦૦૦
૧૦	સવિતાબેન ટાંક	માધાપર	૩૦૦૦૦
૧૧	રસિલાબેન ચૌહાણ	ગુલબર્ગા	૧૦૦૦૦
૧૨	પુનિત ચાવડા	પુરૂલીયા	૨૦૦૦૦
૧૩	પંકજભાઇ ચાવડા	હૈદ્રાબાદ	૩૦૦૦૦
૧૪	રમેશભાઇ સોલંકી	અંજર	૧૦૦૦૦
૧૫	ભાસ્કરભાઇ વાઢેર	રાંચી	૧૦૦૦૦
૧૬	મીતેશભાઇ વેગડ	અંજાર	૧૦૦૦
૧૭	અંકિતભાઇ ટાંક	નાગપુર	૩૦૦૦૦
૧૮	મનોજભાઇ પરમાર	નાગપુર	૧૦૦૦૦
૧૯	ભાવનાબેન પરમાર	નાગપુર	૧૦૦૦૦
૨૦	નિરજકુમાર ગોહિલ	રાયપુર	૩૦૦૦૦
૨૧	ધીરજલાલ ચાવડા	આદીપુર	૧૦૦૦૦
૨૨	ગોવિંદભાઇ ચાવડા	સિનુગ્રા	૧૦૦૦૦
૨૩	પિયુષભાઇ ખોડિયાર	અંજાર	૧૦૦૦૦
૨૪	રાહુલભાઇ પરમાર	વડોદરા	૪૦૦૦
૨૫	બિન્દીયાબેન ચાવડા	અંજાર	૧૫૦૦૦
૨૬	હરીલાલ ચૌહાણ	સિનુગ્રા	૧૦૦૦
૨૭	મિતેશભાઇ વેગડ	અંજાર	૧૦૦૦
૨૮	ચંદ્રકાંતભાઇ રાઠોડ	અમરાવતી	૩૦૦૦૦
૨૯	શાન્તાબેન રાઠોડ	દબડા-અંજાર	૧૫૦૦૦
૩૦	રાજેશભાઇ ચૌહાણ	રાયપુર	૧૦૦૦૦
૩૧	બલરામભાઇ જેઠવા	રાયપુર	૧૦૦૦૦
૩૨	ચિતરંજન ચાવડા	રાયપુર	૧૫૦૦૦
૩૩	સરસ્વતિબેન ટાંક	અંજાર	૧૫૦૦૦
૩૪	વિરેન્દ્રભાઇ રાઠોડ	નાગલપર	૧૦૦૦૦
૩૫	પુજાબેન પરમાર	બર્દવાન	૧૫૦૦૦
૩૬	મનીષા ચૌહાણ	માધાપર	૧૦૦૦૦
૩૭	નીશા પઢિઆર	રાજનાંદગાંવ	૧૫૦૦૦
૩૮	દિપેશ રાઠોડ	બાલાઘાટ	૩૦૦૦૦
૩૯	હરિલાલ ચૌહાણ	સિનુગ્રા	૧૦૦૦
૪૦	મીતેષ વેગડ	અંજાર	૧૦૦૦
૪૧	સુર્યકાન્ત રાઠોડ	રાજનાંદગાંવ	૧૦૦૦૦
૪૨	ભીખુ રાઠોડ	તેલંગાણા	૧૦૦૦૦
૪૩	સંદિપ રાઠોડ	આદીપુર	૩૦૦૦૦
૪૪	ઉષા વરૂ	રાયપુર	૨૦૦૦૦
૪૫	રીતેશ ચાવડા	રાયપુર	૩૦૦૦૦
૪૬	નિખલેશ પરમાર	ગોંદિયા	૧૫૦૦૦
૪૭	પુજા ખુશીકાન્ત પરમાર	બર્દવાન	૧૫૦૦૦
૪૮	કિરણ સોલંકી	રાઉરકેલા	૧૦૦૦૦
૪૯	રક્ષીત સોલંકી	દ્વારકા	૧૦૦૦૦
૫૦	મિતેશ વેગડ	અંજાર	૧૦૦૦
૫૧	હરિલાલ ચૌહાણ	સિનુગ્રા	૧૦૦૦
૫૨	જીવરામ ચૌહાણ	ગાંધીધામ	૧૦૦૦૦
૫૩	હરગોવિંદ ચાવડા	ગાંધીધામ	૫૦૦૦
૫૪	જગદીશ રાઠોડ	જાલના	૧૦૦૦૦
૫૫	સુરેશ રાઠોડ	અંજાર	૧૦૦૦૦
૫૬	મિનાક્ષીબેન ચૌહાણ	ગોંદિયા	૧૦૦૦૦
૫૭	મિતેશ વેગડ	અંજાર	૧૦૦૦
૫૮	હરીલાલ ચૌહાણ	સિનુગ્રા	૧૦૦૦
૫૯	કંચનબેન ચાવડા	રાઉરકેલા	૧૦૦૦૦
૬૦	તીકલાલ પરમાર	મુંબઇ	૨૦૦૦૦
૬૧	હરિલાલ ચૌહાણ	સિનુગ્રા	૧૦૦૦
૬૨	મિતેશ વેગડ	અંજાર	૧૦૦૦
૬૩	મોરાર ટાંક	હીંગોલી	૨૦૦૦૦
૬૪	મિતેશ વેગડ	અંજાર	૧૦૦૦
૬૫	હરિલાલ ચૌહાણ	સિનુગ્રા	૧૦૦૦
૬૬	કુલદીપ ટાંક	અંજાર	૧૦૦૦૦
૬૭	શ્યામજી રાઠોડ	અબીદાબાદ	૩૦૦૦૦
૬૮	મિતેશ વેગડ	અંજાર	૧૦૦૦
૬૯	હરિલાલ ચૌહાણ	સિનુગ્રા	૧૦૦૦
૭૦	સુશ્મા રાઠોડ	અંજાર	૫૦૦૦
૭૧	શ્રદ્ધા ચૌહાણ	કુકમા	૩૦૦૦
૭૨	રીનાબેન ચાવડા	મુન્દ્રા	૫૦૦૦
૭૩	ગીતાબેન પરમાર	રેહા	૧૦૦૦૦
૭૪	ગાયત્રીબેન ટાંક	નિઝામાબાદ	૧૦૦૦૦
૭૫	પ્રેમીલા પઢિઆર	રાજનાંદગાંવ	૧૦૦૦૦
૭૬	જયશ્રીબેન ચૌહાણ	ગાંધીધામ	૧૫૦૦૦
૭૭	સીમરાનબેન ખોડિયાર	વડોદરા	૧૦૦૦૦
૭૮	પ્રભાબેન ચાવડા	સીનુગ્રા	૧૦૦૦૦
૭૯	મીતેશ વેગડ	અંજાર	૧૦૦૦
૮૦	મીતેશ ચૌહાણ	મોટી નાગલપર	૫૦૦૦
૮૧	ચંદ્રીકાબેન ટાંક	રેહા	૧૦૦૦૦
૮૨	ગૌરવ ચાવડા	હૈદ્રાબાદ	૩૦૦૦૦
૮૩	મીતેશ વેગડ	અંજાર	૧૦૦૦

૮૪	કનકસિંહ ખોડિયાર	અંજાર	૫૦૦૦
૮૫	અનુરાધા ચૌહાણ	કુકમા	૫૦૦૦
૮૬	રમેશ વેગડ	અંજાર	૫૮૦૦
૮૭	મીતેશ વેગડ	અંજાર	૧૦૦૦
૮૮	મોરાર ટાંક	હીંગોલી	૧૦૦૦
૮૯	ભગવાનજી ચાવડા	અંજાર	૩૦૦૦૦
૯૦	ભુપેન્દ્રભાઇ ચાવડા	સિનુગ્રા	૧૫૦૦૦
૯૧	મીતેશ ચૌહાણ	નાગલપર	૫૦૦૦
૯૨	મીતેશ વેગડ	અંજાર	૧૦૦૦
૯૩	મોરારભાઇ ટાંક	હીંગોલી	૧૦૦૦
૯૪	દિલીપભાઇ ટાંક	ભુસાવલ	૧૦૦૦૦
૯૫	ખુશીબેન રાઠોડ	નાગલપર	૧૦૦૦૦
૯૬	મીતેશભાઇ વેગડ	અંજાર	૧૦૦૦
૯૭	મોરારભાઇ ટાંક	હીંગોલી	૧૦૦૦
૯૮	વાસુદેવભાઇ જેઠવા	નાસિક	૧૫૦૦૦
૯૯	મયુરભાઇ વેગડ	બેંગ્લોર	૩૦૦૦૦
૧૦૦	રેણુબેન સોલંકી	ઇન્દોર	૧૮૦૦૦
૧૦૧	મિતેશ વેગડ	અંજાર	૧૦૦૦
૧૦૨	મોરાર ટાંક	હીંગોલી	૧૦૦૦
૧૦૩	આશાબેન પરમાર	કોઇમ્બતુર	૨૦૦૦૦
૧૦૪	દયાબેન ચૌહાણ	ગોંદિયા	૧૦૦૦૦
૧૦૫	મીતેશ વેગડ	અંજાર	૧૦૦૦
૧૦૬	મોરાર ટાંક	હીંગોલી	૧૦૦૦
૧૦૭	દિલીપભાઇ ટાંક	ભુસાવલ	૧૦૦૦૦
૧૦૮	વિશાલભાઇ ટાંક	કુકમા	૩૦૦૦૦
૧૦૯	મિતેશ વેગડ	અંજાર	૧૦૦૦
૧૧૦	સુરજબેન રાઠોડ	રાયપુર	૨૦૦૦૦
૧૧૧	મોરારભાઇ ટાંક	હિંગોલી	૧૦૦૦
૧૧૨	નરેશભાઇ રાઠોડ	અંજાર	૧૦૦૦૦
૧૧૩	રંજનાબેન સોલંકી	ગોંદિયા	૧૫૦૦૦
૧૧૪	સુષ્માબેન રાઠોડ	અંજાર	૫૦૦૦
૧૧૫	વિવેકભાઇ ચૌહાણ	રાયપુર	૨૫૦૦૦
૧૧૬	મહેશભાઇ જેઠવા	ઉજ્જૈન	૧૫૦૦૦
૧૧૭	દિનાબેન ચૌહાણ	કુકમા	૧૫૦૦૦
૧૧૮	મિતેશભાઇ વેગડ	અંજાર	૧૦૦૦
૧૧૯	મોરારભાઇ ટાંક	હિંગોલી	૧૦૦૦
૧૨૦	હીમતલાલ ચાવડા	કોરબા	૩૦૦૦૦
૧૨૧	મિતેશ વેગડ	અંજાર	૧૦૦૦
૧૨૨	મોરાર ટાંક	હિંગોલી	૧૦૦૦
૧૨૩	દમયંતીબેન રાઠોડ	રાયપુર	૧૦૦૦૦
૧૨૪	આરતીબેન રાઠોડ	રાયપુર	૨૦૦૦૦
૧૨૫	મનોહરલાલ ટાંક	રેહા	૧૦૦૦૦
૧૨૬	અનીષભાઇ પરમાર	ધનબાદ	૩૦૦૦૦
૧૨૭	સુમિલતાબેન પરમાર	કોરબા	૧૦૦૦૦
૧૨૮	ચંદ્રીકાકુમારી રાઠોડ	રાયપુર	૨૦૦૦૦
૧૨૯	મિતેશભાઇ વેગડ	અંજાર	૧૦૦૦
૧૩૦	મોરારભાઇ ટાંક	હીંગોલી	૧૦૦૦
૧૩૧	ભવાનભાઇ ચૌહાણ	નાગલપર	૨૦૦૦૦
૧૩૨	ત્રિવેણીબેન રાઠોડ	નાગલપર	૫૦૦૦

– વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા – અંજાર વરીષ્ઠ ઉપપ્રમુખશ્રી મહાસભા, પ્રભારી – 'સંજીવની'

'સાભાર-સ્વિકાર' : ('સંજીવની'માં નોંધાયેલ/મળેલ દાતાશ્રીઓની યાદી...)

૬૦૦૦૦ 'સંજીવની સરતાજ' સ્વ. મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા પરિવાર – રાયપુર
(પૂર્વ પ્રમુખશ્રી મહાસભા, પ્રતિ માસ રૂા. ૫૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી)

૬૦૦૦૦ 'સંજીવની સરતાજ' શ્રી રાજેશભાઇ દયારામભાઇ રાઠોડ પરિવાર (માધાપર-કેન્યા-આફ્રિકા)
(પ્રતિમાસ રૂા. ૫૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી)

૨૫૦૦૦ 'સંજીવની સરતાજ' માતૃશ્રી સ્વ. જયાબેન કેશવજીભાઇ ચાવડા – રાયપુર –
હ. શ્રીમતી હર્ષાબેન દિલીપભાઇ ચાવડા – રાયપુર (પ્રતિ વર્ષ રૂા. ૨૫,૦૦૦ના માનદ્ દાતાશ્રી)

૨૧૦૦૦ સ્વ. માતૃશ્રી માયાબેન લક્ષ્મણભાઇ પરમારની પુણ્યસ્મૃતિ અર્થે હા. કૌશિકભાઇ પરમાર – આદીપુર

૧૨૦૦૦ 'સંજીવની સરતાજ' શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા – અંજાર (પ્રતિમાસ રૂા. ૧૦૦૦)ના સહયોગી દાતાશ્રી

૧૨૦૦૦ ડૉ. હરસુખલાલ ગોવિંદભાઇ પરમાર (ખેડોઇ) વડોદરા (પ્રતિમાસ ૧૦૦૦ના સહયોગી દાતાશ્રી)

૧૨૦૦૦ શ્રીમતી અનુરાધાબેન સતિષભાઇ કાંતિલાલ ટાંક – આદિપુર
(પરિવારમાં પૌત્રરત્ન ચિ. વિરાટની પધરામણીની ખુશાલી ભેંટ) (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના સહયોગી દાતાશ્રી)

૧૧૦૦૦ 'સંજીવની સમ્રાટ' સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીજી – માધાપર (જન્મદિન ખુશાલી ભેટ)

૧૧૦૦૦ 'સંજીવની સરતાજ' ડૉ. કાંતિલાલ પી. ચાવડાસર (એમ.એસ.) જયપુર (રાજ.)
(પૂ. માતૃશ્રીના સ્વસ્થ જીવનની શુભકામના ભેટ)

૧૦૦૦૦ તા. ૧૦-૦૮-૨૦૨૨, એન.ઇ.એફ.ટી. (?)

૧૦૦૦૦ તા. ૧૯-૧૦-૨૦૨૨ – એન.ઇ.એફ.ટી. (?)

૯૦૦૦ 'સંજીવની સરતાજ' શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ - લાતુર (પ્રભારી - મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિ)

૫૧૦૦ 'સંજીવની સરતાજ' બ્ર.કુ. શ્રી બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર, ઉપપ્રમુખશ્રી મહાસભા, જન્મદિન ખુશાલી ભેંટ

૧૧૦૦ શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભાઇ રાઠોડ - જાલના (ઉપપ્રમુખશ્રી મહાસભા, પ્રભારી-મેરેજ બ્યુરો, જન્મદિન ખુશાલી ભેટ)

૫૧૦૦ શ્રી સંજયભાઇ હરિલાલભાઇ રાઠોડ (નાગલપર) આદીપુર (ઉપપ્રમુખશ્રી ક.પ્રા.સીમતિ, સ્વ. પિતાશ્રીની પુણ્ય સ્મૃતિ સહયોગ)

૨૧૦૦ શ્રી જીતેન્દ્રભાઇ પી. પરમાર - સંબલપુર

૨૦૦૦ શ્રી નવીનભાઇ પ્રેમજીભાઇ યાદવ - હાજાપર - મુંબઇ (પ્રમુખશ્રી હાજાપર ઘટક, પ્રતિ અધિવેશન રૂા. ૨૦૦૦ના સંકલ્પધારી સહયોગી)

૧૦૦૦ શ્રીમતી મીનાબેન શિશિરભાઇ ચાવડા - બાલાઘાટ

૧૦૦૦ શ્રી વેલજીભાઇ નાનજીભાઇ ચૌહાણ (કુકમા) - ભુજ (ક.ગુ.ક્ષ. સાર્વજનિક ટ્રસ્ટના મંત્રીશ્રી, જન્મદિન ખુશાલી ભેટ)

૨૫૦ શ્રી નિશાંતભાઇ નિલેશભાઇ રાઠોડ - હૈદ્રાબાદ (પ્રતિમાસ રૂા ૨૫૦ના સ્નેહીદાતાશ્રી)

'સંજીવની સંકલ્પધારી પરિવાર'

:: પ્રતિમાસ રૂા. ૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::

'સંજીવની સમ્રાટ' સમાજરત્ન

શ્રીમાન વિનોદભાઇ પરસોત્તમભાઇ સોલંકી પરિવાર - માધાપર

'સંજીવની સરતાજ' શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા પરિવાર - હૈદ્રાબાદ

'સંજીવની સરતાજ' શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા પરિવાર - મુન્દ્રા

શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી) પરિવાર - અંજાર

સ્વ. શ્રી મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા પરિવાર - રાયપુર

સી.એ. શ્રી મુકુન્દભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ પરિવાર - સુરત

શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા પરિવાર - કલ્યાણ

શ્રી રાજેશભાઇ દયારામભાઇ રાઠોડ પરિવાર (માધાપર) નૈરોબી-કેન્યા-આફ્રિકા

:: પ્રતિમાસ રૂા. ૨૧૦૦/૨૦૦૦/-ના માનદ્ દાતાશ્રી ::

કર્નલ સત્યેન ડી. રાઠોડસર - અમદાવાદ

શ્રી ભુપેશભાઇ શ્યામસુંદરભાઇ ચાવડા - પૂના

શ્રીમતી હેમલતાબેન ચાવડા - પૂના

શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ પરિવાર - અમદાવાદ

શ્રી અમિતભાઇ ગોપાલભાઇ ચૌહાણ - અંજાર-કલ્યાણ

શ્રીમતી મીનાબેન અશોકભાઇ ટાંક (નાગલપર) નાગપુર

:: પ્રતિમાસ રૂા. ૧૫૦૦/૧૦૦૦/-ના સહયોગી દાતાશ્રી ::

શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ - લાતુર (પ્રભારી : મહિલા ઉત્કર્ષ સમિતિ - મહાસભા)

પ્રો. શ્રી ગોપાલભાઇ પી. ચાવડાસર - હૈદ્રાબાદ

શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર

સ્વ. ભરતભાઇ વલમજીભાઇ વાઢેર - અંજાર (પૂર્વ તંત્રીશ્રી સેતુ સમાજ સંદેશ)

શ્રીમતી મંજૂલાબેન છોટાલાલભાઇ ચૌહાણ

શ્રી ભરતભાઇ જીવરામભાઇ ચૌહાણ - આદીપુર (એન્જી.બી.જે. ચૌહાણ એસોસીએટ્સ - આદીપુર)

શ્રી ત્રિલોકેશભાઇ લીલાધરભાઇ ચાવડા પરિવાર - પૂના

શ્રી હરીરામભાઇ દાનાભાઇ રાઠોડ - જબલપુર (પૂર્વઉપપ્રમુખશ્રી મહાસભા)

શ્રી બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા)

શ્રી હંસરાજભાઇ જીવરામભાઇ પરમાર - આદીપુર

શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણ - વડોદરા (પ્રમુખશ્રી અ.ભા.યુવા મહામંડળ, પ.ઝોનલ ચેરમેન 'સંજીવની')

શ્રી ડૉ. હરસુખલાલ ગોવિંદભાઇ પરમાર - વડોદરા

શ્રીમતી હિરલબેન નિલેશભાઇ ખોડિયાર - અબુધાબી (યુ.એ.ઇ.)

શ્રી લીલાધરભાઇ રતિલાલભાઇ ખોડિયાર - શહડોલ (પ્રમુખશ્રી : મહાકૌશલ પ્રાદેશિક સમિતિ)

શ્રી ભગવાનલાલ રણછોડભાઇ ટાંક - નડીયાદ

શ્રીમતી અનસૂયાબેન જેરામભાઇ પરમાર - કુકમા

શ્રી દયારામભાઇ પરબતભાઇ ચૌહાણ - વિશાખાપટ્ટનમ

શ્રી રામજીભાઇ નાનજીભાઇ જેઠવા પરિવાર - ખડગપુર (બાલાઘાટ)

શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર પરિવાર - અંજાર

શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાક્ટર પરિવાર - અમદાવાદ

શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ પરિવાર - મુંબઇ

શ્રી હરગોવિંદભાઇ હેમરાજભાઇ ચૌહાણ પરિવાર - કુકમા

શ્રી સૌભાગ્યલાલ જયરામભાઇ વાઢેર પરિવાર - રાયપુર

'સંજીવની સરતાજ' શ્રી જગદીશભાઇ રાજાભાઇ રાઠોડ - ધનબાદ

શ્રીમતી આરતીબેન જગદીશભાઇ ચૌહાણ - ઉદયપુર (રાજ.)

હ. જુગલ ચૌહાણ - સાઉદીઅરેબીયા

શ્રીમતી ચંદ્રિકાબેન કાંતિલાલભાઇ જાદવજીભાઇ રાઠોડ - નાગપુર

શ્રીમતી અનુરાધાબેન સતિષભાઇ કાંતિલાલ ટાંક - આદીપુર

:: પ્રતિ માસ રૂા. ૫૦૦-૨૫૦/-ના સ્નેહી દાતાશ્રી ::

શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક - અંજાર (પૂર્વ મહામંત્રીશ્રી, અ.ભા.યુવા મહામંડળ)

શ્રી કિશોરભાઇ વાલજીભાઇ પરમાર - ધનબાદ (પ્રમુખશ્રી કોલફીલ્ડ પ્રા.)

શ્રી વિજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર - અંજાર (ઉપપ્રમુખશ્રી મહાસભા)

ગં.સ્વ. જયાબેન મોહનભાઇ ટાંક જયપુર (રાજ.) (પાનવાલા)

શ્રી વિજયભાઇ વાસુદેવભાઇ ચાવડા - જયપુર (રાજ.)

શ્રી મનોહરભાઇ વિરમભાઇ ટાંક - અમદાવાદ (ગુજ.)

શ્રીમતી તારૂલતાબેન ગોવર્ધનભાઇ રાઠોડ - આદિપુર

શ્રી વિનોદભાઇ અમરશીભાઇ રાઠોડ (ખંભરા) અંજાર

શ્રી નિશાંતભાઇહ નિલેશભાઇહ રાઠોડ - હૈદ્રાબાદ

(વિનંતી : ઉપરોક્ત દાતાશ્રીઓના નામ, ગામ, રકમ, વિગત વગેરેમાં જો કંઇ વિસંગતતા જણાય તો ધ્યાન દોરવા વિનંતી.)

(નોંધ : ઉપરોક્ત યોજના હેઠળ સહયોગ રાશી ચાલુ ન રાખવાના સંજોગોમાં ત્વરીત જાણ કરવા વિનમ્ર વિનંતી.)



શ્રી વિનોદભાઇ ચૌહાણ
પ્રભારીશ્રી

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

અભિલાષા-૪

।। શિક્ષણ દાન એજ મહાદાન ।।

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in

Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314

નમસ્તે... જય સમાજ... મહાસભા અભિલાષા સમિતિના માધ્યમથી ચાલતા શિક્ષણ સહાયના સેવા કાર્યમાં સમાજભાવનાથી રંગાયેલા અમારા દાનદાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર.... પાછલા એક માસમાં આ સમિતીના માસિક દાનદાતાશ્રી **સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી – માધાપર** તરફથી માસ જાન્યુ-૨૩ના દાન પેટે રૂા. ૫૦૦૦/-નું દાન પ્રાપ્ત થયેલ છે. સમાજરત્નશ્રી તરફથી માસિક દાન અને પ્રસંગોપાત મળતા દાન બદલ જેટલો આભાર માનીએ તેટલો આછો પડે.... જય સીયારામ... આભાર....



આ ક્રમમાં મુંબઇ ઘટકના કર્મયોગી પ્રમુખ તરીકે સેવાની સુવાસ ફેલાવી હાજાપર ઘટકના સુકાની તરીકે સેવા આપી રહેલા **શ્રી નવિનભાઇ પ્રેમજીભાઇ યાદવ** તરફથી મહાસભાના છેલ્લા ચાર અધિવેશનોમાં પ્રતિ અધિવેશન દીઠ રૂા. ૨૦૦૦ નું ખુશાલી દાન મળતું રહે છે. આ વખતે પણ ગોંદીયા અધિવેશન (તા. ૩૦-૧૨-૨૦૨૨)ની ખુશાલીમાં તેમના તરફથી રૂા. ૨૦૦૦નું દાન પ્રાપ્ત થયેલ છે. આવા ઉમદા વિચારના પ્રેરક શ્રી નવિનભાઇને ખૂબ ખૂબ અભિનંદન... આભાર...

તેવી રીતે ગાંધીધામ ઘટકના યુવા અગ્રણી અને સમાજ પ્રત્યે વિશેષ લગાવ ધરાવતા શિક્ષણ પ્રેમી **શ્રી કપિલ અરૂણભાઇ ચૌહાણ** તરફથી પણ તેમના જન્મદિવસ (તા. ૧૦-૧-૨૦૨૩) અવસરે રૂા. ૧૧૦૦ નું ખુશાલી દાન પ્રાપ્ત થયેલ છે. પોતાના દરેક જન્મદિને આ સમિતીને યાદ કરવા બદલ ખૂબ ખૂબ આભાર કપિલભાઇ... આ ક્રમમાં પોતાના જન્મદિન (તા. ૯ જાન્યુઆરી) અવસરે રૂા. ૧૦૦૧નું ખુશાલીદાન આપનાર **શ્રી પ્રિયાંશ હિમાંશુભાઇ પરમાર – માધાપર**નો પણ આભાર...

અભિલાષા સમિતિની શિક્ષણ સહાય મેળવી જીવનમાં આર્થિક રીતે **પગભર થયેલ છાત્રો**ને વિનંતી કે તમારી નબળી આર્થિક સ્થિતિમાં આ સમિતિ તમને મદદરૂપ બની છે તે આપ જાણો છો. હવે તમે નોકરી-ધંધાના માધ્યમથી કમાવા લાગ્યા છો ત્યારે તમારી કમાણીમાંથી આ સમિતિને ડોનેશન રૂપે સહયોગ નોંધાવશો. જેથી તમારા જેવા **સમાજના અન્ય છાત્રોને આર્થિક સહાય આપીને મદદરૂપ બની શકાય. રૂા. ૫૦૦૦ કે તેથી ઉપરનું દાન આપનાર છાત્રના ફોટા સાથે સેતુ સમાજ સંદેશની આ કોલમમાં ફોટા સાથે આભાર માનવામાં આવશે.** ઘટક પ્રમુખશ્રીઓને પણ વિનંતી કે આપના ઘટકમાં આવા છાત્રો હોય તો તેમને પ્રેરણા આપી પ્રોત્સાહિત કરીને મદદરૂપ બનશો. આપના તરફથી મળેલો સહકાર ઘણા છાત્રોના જીવનમાં પ્રકાશ ફેલાવશે.

વિનોદ લીલાધર ચૌહાણ - પ્રભારી અને ઉપપ્રમુખ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

।। લક્ષ્ય-૩ ।।

વ્યાવસાયીક સંકલન, સંગઠન, સમૃદ્ધિ

પ્રભારી : શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ ચૌહાણ સહપ્રભારી : શ્રી કિરીટભાઈ રમણીકભાઈ ચૌહાણ

માધવ માર્કેટીંગ - ૨૦૩, લાખાજીરાજ ટ્રસ્ટ ભવન, ઢેબર ચોક, રાજકોટ - ૩૬૦૦૦૧ મો. ૯૪૨૬૬૩૫૧૪૨, ૮૮૪૯૩૪૫૧૪૨ E-mail : paresh.lakshya@gmail.com

સૌપ્રથમ તો નવા વર્ષ નિમિત્તે ગત સમાજ સંદેશ ના અંકમાં આવેલ લેખ આપ સૌ લોકોએ ખૂબ જ ધ્યાનપૂર્વક વાંચ્યો એ બદલ ખુબ ખુબ ધન્યવાદ. ઘણા મિત્રોના ફોન આવ્યા અને નવા વર્ષના લક્ષ્ય વિશે વાત જાણી આનંદ થયો દરેક મિત્રોને ખાસ વિનંતી કે આપના આ વર્ષના લક્ષ્ય સૌ લખીને રાખો અને કમ સે કમ અઠવાડિયામાં એક વખત એ લક્ષ્ય વાંચો અને જો શક્ય હોય તો મહિનામાં એકવાર મારી સાથે વાત કરી આપના લક્ષ્ય પહોંચવા માં પ્રગતિ થાય છે કે નહીં અંગે ચર્ચા કરીશું. જો આપનો નિર્ધાર મજબૂત અને અડગ હશે તો તુરંત જ તેના અમલીકરણ માટેના રસ્તાઓ મળવા લાગશે. શરૂઆતમાં કશું સ્પષ્ટ નહીં લાગે પણ પ્રયત્ન કરતા રહેવું... પ્રમાણિત પ્રયત્નો... હા, ઘણીવાર ૯૯ વખત પ્રયત્ન કરવાથી પરિણામ મળતું નથી અને છેલ્લા પ્રયાસ કરવાના સમયે આપણે તે છોડી દઈએ છીએ અને પછી પરિણામ ન મળવાનો અફસોસ કરીએ છીએ આથી જ્યાં સુધી આપણા લક્ષ્ય મુજબનું નિર્ધારિત પરિણામ ન મળે ત્યાં સુધી હાર્યા વગર, થાક્યા વગર, નિષ્ફળતાઓથી ગભરાયા વગર તેમાંથી લર્નિંગ લઈને આગળ વધતા રહેશો તો ચોક્કસ પરિણામ મળશે.. મળશે અને ચોક્કસ મળશે....

મિત્રો મહાસભા ની પરિચય પુસ્તિકા બનાવવાની જવાબદારી જ્યારે મહાસભાના પ્રમુખ આદરણીય શ્રી યોગેશભાઈ ચાવડા દ્વારા સોંપવામાં આવી ત્યારે તેના સંદર્ભમાં ઘણા બધા ઘટકના લોકો સાથે સંપર્કમાં આવતા જાણવા મળ્યું કે આપણા સમાજના ઘણા બધા લોકો ઘણા ક્ષેત્રમાં ખૂબ જ નીપુણ છે પણ તેઓનો સંપર્ક ના હોવાથી તેઓની માહિતી મળતી નથી. આવા લોકોને આપણા લક્ષ્ય સમિતિ સાથે જોડી સમગ્ર વ્યવસાયકારકો સાથે એકબીજામાં સંપર્ક લાવી અને વ્યવસાયિક વિકાસ માટે પણ એક અમૂલ્ય તકનો લાભ લઈ શકાય છે.

દરેક ઘટક પ્રમુખશ્રીઓને વિનંતી છે કે જ્યારે જ્યારે પોતાના ઘટકનો કોઈપણ કાર્યક્રમ હોય ત્યારે થોડો સમય પોતાના ઘટકના સભ્યોની વ્યવસાયની માહિતીની આપ લે માટે અચૂક સમય ફાળવો જેથી ઘટકના લોકો જે વ્યવસાય કરતા હોય તેની સર્વિસ વસ્તુ ની જરૂરિયાત વખતે આપણે બીજા લોકો પાસે જતા હોય તો આપણા સમાજના ભાઈ બહેનો પાસે જ તેમનો લાભ લઈ શકાય અને એક મજબૂત નેટવર્કિંગ થઈ શકે. આજકાલ બહેનો પણ કોઈ ને કોઈ પ્રવૃત્તિ કરતી હોય છે જ, તો જે બહેનો આવો કોઈ ગૃહઉદ્યોગ, સિલાઈ, ગુંથણ, ક્લાસ વગેરે ચલાવતા હોય તો તેની માહિતી પણ ઘટક ની મિટિંગમાં અચૂક આપવી.

બીજી ખાસ વાત એ છે કે ઘણીવાર એવું બનતું હોય છે કે ઘટક પ્રમુખ-મંત્રીને દરેક સભ્યોની માહિતી હોય છે આથી તેઓને તેની જરૂરિયાત લાગતી નથી પરંતુ સમાજના ભાઈ બહેનો જ્યારે મળે છે ત્યારે ફક્ત સામાજિક ઓળખાણ થાય છે પરંતુ વ્યવસાયિક ઓળખાણનો અભાવ રહે છે અથવા તો જે લોકો અંગત રીતે એકબીજાને જાણતા હોય તેવા લોકોની જ માહિતી હોય છે આથી ફરીથી દરેક ઘટક પ્રમુખ, મહિલા મંડળ પ્રમુખ અને યુવા મંડળ પ્રમુખશ્રીને વિનંતી કે જ્યારે પણ આપના ★ઘટકની મિટિંગ મળે ત્યારે ''વ્યવસાયિક ઓળખાણ''નો એજન્ડા ખાસ રાખવા આગ્રહ ભરી વિનંતી છે.

લક્ષ્ય સમિતિના માધ્યમથી દરેક ઘટક પ્રમુખશ્રીઓને વિનંતી કરવામાં આવે છે કે તેમના ઘટકમાં થયેલ વ્યવસાયક ઓળખાણ ની માહિતી આપવામાં આવશે તો તેમના ઘટક ના લોકોનો વ્યવસાયનો ટૂંકમાં પરિચય લક્ષ્ય સમિતિના આ કોલમમાં આપવામાં આવશે તો દરેક પદાધિકારીઓને આ અંગે યથાયોગ્ય માહિતી આપવા વિનંતી કરવામાં આવે છે.

આ ઉદ્દેશ ને ધ્યાન માં રાખી આ વખતની પરિચય પુસ્તિકામાં સમાજના લોકોને ફક્ત સામાજિક ઓળખાણ પૂરતું

સીમિત ન રાખતા દરેક લોકોને વ્યવસાયની માહિતી લેવાની ખાસ કાળજી રાખવામાં આવી છે. અખિલ ભારતીય મહિલા મંડળ, યુવા મહામંડળ તથા મહાસભાના દરેક પદ અધિકારીઓ ઉપરાંત દરેક પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા ઘટકોના પણ લોકોને વ્યવસાયિક માહિતી આપેલ હોય દરેક લોકોને વિનંતી છે કે આ પરિચય પુસ્તકાનો ઉપયોગ સામાજિક ઓળખાણ ની સાથે વ્યવસાયિકતા ના જોડાણ માટે પણ એક આદર્શ ''સંપર્ક સેતુ'' સમાન રહેશે તેવો અમારો નમ્ર પ્રયાસ છે.

આજના જમાનામાં દરેક સમાજ અને કુટુંબ માટે સર્વપ્રથમ આર્થિક સધ્ધરતા ખૂબ જ અગત્યનો પાસું છે કેમ કે આજની મોંઘવારીમાં સામાન્ય માણસનનું જનજીવન ખૂબ જ કઠિન બની ગયું છે ત્યારે હવે સિંગલ ઇન્કમ પર ઘર ચલાવવું દિવસે ને દિવસે ખૂબ જ મુશ્કેલ બનતું જાય છે ત્યારે દરેક વ્યક્તિ માટે ''સેકન્ડ સોર્સ ઓફ ઇન્કમ'' ફરજિયાત બની જાય છે એ વખતે આ સેકન્ડ સોસ ઓફ ઇન્કમ કેવી રીતે મેળવી શકાય એ યક્ષ પ્રશ્નનો દરેકના મનમાં હોય છે અને તે માટે હંમેશા પ્રયત્નશીલ હોય છે.

આમ ઘરના આર્થિક પાસા ને સુદ્રઢ બનાવવા માટે ઘરનું એક સમતોલ બજેટ બનાવવું ખૂબ જ જરૂરી છે કે જેને ત્રણ ભાગમાં વહેંચણી કરી શકાય જેથી ખર્ચની સુગમતા રહે છે.

૧. જરૂરિયાત

૨. સેવિંગ અને

૩. મોજ શોખ.

આમ આવકના સ્તોત્રને ૫૦% ૩૦% અને ૨૦ % માં પરિવર્તન કરવાથી એક સુચારુ બજેટ કહી શકાય.

લક્ષ્ય સમિતિ નો ઉદ્દેશ લોકોને આર્થિક પગભર કરવાની સાથે આર્થિક સમજ આપવાનો પણ છે. આથી આપના નાણાકીય વ્યવહારને લગતા પ્રશ્નો આવકાર્ય છે. આપણી લક્ષ્ય ટીમમાં નાણાકીય આયોજનના નિષ્ણાંત લોકો પણ છે જેની સેવાનો લાભ લઇ શકાય છે.

આમ લક્ષ્ય સમિતિનો પ્રયાસ છે કે આપણા સમાજના લોકોનો આર્થિક વિકાસ માટેના તમામ પ્રયત્નો માટે મદદરૂપ થવું અને તે અંગે યથા યોગ્ય માર્ગદર્શન આપવું.

આપ લક્ષ્ય વિભાગની કોલમમાં કયા વિષય પર ચર્ચા ઈચ્છો છો આપના પ્રશ્નોની છણાવટ પણ કરીશું તો આપ અમને આપના પસંદગીના વિષયો વિશે માહિતી આપશો તો તે અંગે આપને માહિતગાર કરવાની કોશિશ કરીશું. આપના લક્ષ્ય સુધી પહોંચવા માટે અમારી જે કોઈ મદદ તથા માર્ગદર્શન ની જરૂરિયાત હોય તે નિયમિત આપવાની કોશિશ કરીશું તો ચાલો મિત્રો, આ વખતનો લેખ આપનો કેવો લાગ્યો ?.. આપના પ્રતિભાવ સૂચન સુજાવ ફોન અને whatsapp ના માધ્યમથી આપતા રહેશો. મારો whatsapp અને કોલિંગ નંબર 94266 35142 છે તથા મેલ આઈડી chauhanpg@gmail.com છે તો આપના પ્રતિભાવની રાહ જોઉં છું. જય સમાજ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા



તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :

સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી

ચેકઈન ટાઇમ : સવારે ૧૦.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૧૦.૦૦

સરનામું : કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫ મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬, પ્રમુખ : ૯૯૨૪૪૧૧૮૦૭



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

મહિલા ઉત્કર્ષ

બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન

પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ **ચેરપર્સન : શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભભાઇ રાઠોડ - જાલના**

રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિના "Learn & Earn" અંતર્ગત ૨૪મો પ્રોજેક્ટ બહેનોને આત્મનિર્ભર બનવા માટે મહિલાઓના આર્થિક, વિકાસ, ઉત્થાન અને ઉત્કર્ષ માટે મહિલાઓને ઉદ્યમી તથા સ્વાવલંબી કરવાના હેતુસર કોલફીલ્ડ પ્રાદેશિકના રાંચી ઘટકના **શ્રીમતી ભાવનાબેન રાઠોડ** દ્વારા ૨-૧૨-૨૨ના ''વિન્ટર સ્પેશ્યલ બેકીંગ વિથ લવ'' આ ખુબજ સફળ પ્રોજેક્ટ લેવામાં આવેલ.



શ્રીમતી ભાવનાબેન એ રાંચી-ઝારખંડના શ્રીમતી મંગળાબેન કિશોરભાઇ રાઠોડના પુત્રવધુ અને રાયપુર છત્તીસગઢના શ્રીમતી ઉષાબેન ભોગીલાલભાઇ ચાવડાના



સુપુત્રી છે. શ્રીમતી ભાવનાબેનના બેકીંગ કેરીયરમાં ઇન્સ્ટાગ્રામ અને ફેસબુક પેજમાં 'Cake O Clock' બ્રાન્ડનેમ ધરાવે છે. ભાવનાબેનને બેકીંગમાં બિલકુલ પણ રૂચી ન હતી, હંમેશા ડર લાગતો કે બિગડ જાયેગા પણ જ્યારે એમણે કેક-બેકીંગ બનાવવાનું શરૂ કર્યું ત્યારે જાણ્યું કે આ રોકેટ સાઇઝ નથી પરંતુ પુર્ણ માપસરની વાનગીનો એક સાઇઝ ફોરમ્યુલા છે. બચપનથી તેઓ ખુબજ ક્રીએટીવ તો હતા જ અને લગ્ન તથા બાળકોના ઉછેર બાદ અનુભવ કર્યો કે મારા બાળકોને હોમ મેડ પ્રોડક્ટસ વાનગીઓ જ ખવડાવું. ત્યારથી જ તેમણે ઘરમાં જ કેક, બેકીંગ આઇટમ્સ બનાવવાનું શરૂ કર્યું અને પોતાના પરિવાર અને સગા-સંબંધીઓ માટે જાત-જાતની વિવિધ પ્રકારની આઇટમ્સ કેક બનાવી, પોતાના સાસુમાંની પ્રેરણાથી ૨૦૧૯ની સાલથી બહારના ઓડર લેવાનું શરૂ કર્યું. પુરી તન્મયતાથી, સંતુષ્ટીથી, કામના આનંદથી તેમના કસ્ટમર સંતુષ્ટીથી તેઓ સફળતાને પ્રાપ્ત થયા છે.

શ્રીમતી ભાવનાબેન કહે છે કે મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા "Learn & Earn" એક સ્વર્ણિમ પ્રોજેક્ટ હોઇ મહિલાઓ માટે આ એક સોનેરી તક છે. આ એક એવું પ્લેટફોર્મ છે જેની મારફત બહેનોને આત્મનિર્ભર બનાવવા માટે સહાયરૂપ છે. ફુડીંગ આઇટમ્સ બનાવી આપણે આર્થિક રૂપે પણ મજબુત બની શકીએ છીએ. આજે અધિકાંશ બહેનો વર્કીંગ વુમન છે, એટલે ઘરની બધીજ વાનગીઓ

સમયાભાવને કારણે બનાવી શકાય તો જો સમાજની બહેનો દ્વારા જ પાપડ, અથાણા, જેમ-જેલી, મુરબ્બા, મસાલા, ચીપ્સ જેવી ખાવાની વસ્તુઓ સમાજની બહેનો દ્વારા જ



તાજી મળી રહે તો ઘણી મદદરૂપ બને છે. આથી સમાજમાં બધાનો લાભ છે.

ભાવનાબેન આપણા આ ''વિન્ટર સ્પેશ્યલ બેકીંગ વિથ લવ'' ૨૪મા પ્રોજેક્ટમાં (૧) સિઝલર ચોકલેટ બ્રાઉની (૨) ક્રિસમસ પમ કેક (૩) ટ્રીપલ ચોકલેટ કુકીસ (૪) ટ્રીફેલ પુડીંગ (૫) રસમલાઇ કપ કેક્સ વીથ મેની વેરાઇટીઝ આ પાંચે વાનગીઓ ખુબજ સરળતાથી, ખુબજ સારી રીતે સમજાવીને બનાવતા શિખવાડી બધી જ આઇટમ્સનું સુંદર પ્રેઝન્ટેશન બતાવ્યું હતું.

ભાવનાબેન કહે છે કે પ્રોફેશનના હિસાબથી હોમ બેકીંગ ઘણું જ સિમ્પલ છે. પરફેક્ટ રેસીપ બનાવવા માટે આપણે બસ બેઝીક સામગ્રી અને એક્યુરેટ મેઝમરમેન્ટસની જરૂરત છે. હેલ્થ કોન્શીયસને ધ્યાનમાં રાખીને હેલ્ધી બેકીંગ કરવા માટે ભાવનાબેને બધીજ આઇટમસમાં મેંદાની જગ્યાએ ઘઉંના લોટનો જ ઉપયોગ કર્યો છે. જે બધાને ઘરમાં જ સહજમાં મળી રહે છે. વ્હીપક્રીમને પાંચ મિનિટમાં કેમ બીટ કરવું અને ઓટીજીની સહજ-સરલ ટેકનીક્સ બતાડી. સાથે જ સરપ્રાઇઝ આઇટમમાં વેરીએશન્સમાં ચોકલેટ, બટરસ્કોચ, કેરેમલ, રસમલાઇ કપ કેક્સ શિખવાડ્યા. અગર બ્રાઉનીઝ રહી જાય તો એના સ્ટ્રોબેરી શોટ્સ કેવી રીતે બનાવવા, કેક બચી જાય તો એનો ડેઝર્ટસ કેમ બનાવવા, કુકીજને કેવી રીતે સ્ટોરેજ અને પ્રિઝર્વેશન કરી એની સેલ્ફ લાઇફ વધારવી અને ક્યુક ડેઝર્ટની આઇડીયાસ બતાવીને પ્રોજેક્ટને ખુબજ સફળ બનાવ્યું હતું.

ભાવનાબેન કહે છે કે મહિલા ઉત્કર્ષ સમિતિના આદરણીય પ્રભારી શ્રીમતી મીતાબેન રાઠોડ અને તેમની ટીમ દ્વારા કુકીંગ, બેકીંગ, આર્ટસ એન્ડ ક્રાફ્ટસના બધાજ પ્રોજેક્ટ વિવિધલક્ષી હોય બહેનોના નાના-મોટા ગૃહઉદ્યોગ માટે, આર્થિક ઉત્કર્ષ માટે ખુબજ મદદરૂપ થાય છે. રાષ્ટ્રીય મહાસભાના આ મંચથી પ્રોજેક્ટ આપવાનો સુઅવસર આપવા માટે તેઓ ખુબજ આભાર વ્યક્ત કરે છે.

મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ ભાવનાબેન જેવા કેક્સ એન્ડ બેકીંગ એક્સપર્ટ, બહુલક્ષી પ્રતિભા ધરાવતા, લાગણીશીલ, પ્રેમાળ, સમાજસેવાની ભાવનામાં સમર્પિત વ્યક્તિત્વ ધરાવતા બહેનને હૃદયથી સેલ્યુટ આપી... શબ્દસુમનોથી બીરદાવી, અભિનંદન આપી તેમના ઉજ્વલ જીવનમાં ઉતરોત્તર પ્રગતી કરે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે. અસ્તુ... જય સમાજ...

અધ્યક્ષા : શ્રીમતી મીતાબેન રાઠોડ

With Best Compliments from...

Er. Keval B. Rathod

DCE, B.Tech Civil

DEV CONSULTANT

BUILD UNIQUE

Consulting Civil Engineer

(Anjar Area Development Aurthority "AADA" Approved)

Bhoomi Complex, Ground Floor, Shop No. 3, In front of Vijay Card & Gift Shop, Turiya vad, Anjar (Kachchh) 370110

- Architectural Planning
- Structural Design
- Building Permission
- Estimation
- 2D and 3D view
- Site Supervision
- Billing
- Interior Design
- Land Survey
- Any type of Civil Engineering Work

Mo. +91 9428065623 E-mail : kbrathod92@gmail.com




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા
મહાસભા મેરેજ બ્યુરો સમિતિ



પ્રભારી : શ્રીમતી જ્યોતિબેન રાઠોડ (ઉપપ્રમુખશ્રી મહાસભા) – જાલના

મંગળકારી મંડળ



મંગળ – સમજ ગેરસમજ... જ્યોતિષ એક શાસ્ત્ર છે. તેના આધારે મંગલી જન્મ પત્રિકાની ચર્ચા કરીશું અને સમજશું. ૯ ગ્રહ ૧૨ રાશી જન્મ કુંડલીના ૧૨ ઘરોમાં જન્મકાલીન ગોચર ગ્રહોની રાશીમાંની સ્થિતિ અનુસાર જન્મપત્રિકા બને છે. મંગળ પ્રત્યેક કુંડળીમાં હોય છે. પણ જ્યારે મંગળ ચિત્રાનુસાર ૧,૪,૭,૮,૧૨મા ભાવમાં હોય ત્યારે એ પત્રિકા મંગળી કહેવાય છે. ગ્રહોની સ્થિતિ, ગ્રહોની યુતિ યા ગ્રહોની દષ્ટીથી મંગળની તીવ્રતા ઓછી-વધુ થાય છે. જ્યારે મંગળ પર ગુરૂ, શુક્ર જેવા શુભ ગ્રહોની દષ્ટી હોય તો મંગળ સૌમ્ય કહેવાય છે.

મંગલી પત્રિકામાં સામેનું પાત્ર પણ મંગળીક હોવું જોઇએ એ જરૂરી નથી, હોય તો સારું. ૧,૪,૭,૮,૧૨માં શનિ, રાહુ, કેતુ હોય તો પણ ચાલે. ૧,૭ ભાવમાં બલવાન ગુરૂ, શુક્ર હોય તો પણ ચાલે. મંગળ ગ્રહ ભૂમિપુત્ર છે. ક્ષત્રિયગ્રહ છે. ગ્રહોના સેનાપતિ છે. મંગળ ઊર્જા છે. પરાક્રમનો કારક છે. જેની પત્રિકા મંગલી હોય તેને ગભરાવાની જરૂર નથી કેમ કે સારો મંગળ પુરૂષાર્થ, ઉચ્ચ પદ તથા પદ, પ્રતિષ્ઠા અપાવે છે. મંગલી પાત્રો વાળાએ ખુશ થવું કે અમારામાં ઉપરોક્ત ગુણ છે. પણ ક્યારેક આ ગુણ અહંકાર ઉત્પન્ન કરે છે.

વૈવાહિક જીવનમાં અડચણ ફક્ત મંગળના કારણે જ નથી આવતી. એના માટે ઘણા કારણો જવાબદાર છે. ૭ (સપ્તમ) સ્થાન જે વિવાહનું કારક છે ત્યાં કોઇ પાપ ગ્રહ (શનિ, રાહુ, કેતુ)ની દષ્ટી યા યુતિ હોય ત્યારે જાતક જીદ્દી, ઘમંડી, આક્રમક, ગુસ્સાવાળો તથા હંમેશા પ્રગતિ માટે આતુર હોય છે. સાથે કાલસર્પ દોષ, પિતૃદોષ પણ પ્રભાવ નાખે છે. એના વિપરીત જ્યારે મંગળ સ્વરાશિ યા ઉચ્ચની રાશીમાં હોય ત્યારે ભિખારીને પણ કરોડપતિ બનાવે છે જ્યારે એની દશા આવે છે.

મારી સર્વે ભાઇ-બહેનોને નમ્ર વિનંતી છે કે બન્નેની પત્રિકા ફક્ત મંગળના કારણે જ રીજેક્ટ ના કરશો. ફક્ત મંગળ જ વૈવાહિક જીવનને દુ:ખી નથી કરતો મંગળવારી વહુ તમારૂં ઘર સારી રીતે સાંચવી શકશે અને મંગળવારો જમાઇ તમારી દિકરીને સારી રીતે સંભાળશે, સુખી અને સુરક્ષિત રાખશે.

મારી માતા-પિતા, દિકરા-દિકરીઓને નમ્ર વિનંતી છે કે સ્વયંની યોગ્યતા જોઇ થોડુંક જતું કરીને, થોડું એડજસ્ટ કરીને પાત્રોને પસંદ કરજો. વર પક્ષને વિનંતી કે લક્ષ્મી સ્વરૂપે વહુ લાવો છો, એના પિયરથી કન્યા રૂપી છોડને ઉખાડી તમારા આંગણામાં રોપો છો એને થોડું સેટ થવા દેજો, વગોવજો નહીં. પુત્રવધુ કહો છો તો પુત્રથી વધુ પ્રેમ આપશો.

કન્યા પક્ષને વિનંતી કે કન્યાને પરણાવો પછી એને સાસરામાં સેટલ થવા દેજો. એને સમજાવજો આજથી આજ તારા માતા-પિતા અને પરિવાર છે. મોબાઇલ દ્વારા ખોટી શિખામણ આપીને એનું ગૃહસ્થ જીવન બગાડશો નહીં. મોટા શહેર, નોકરી કરતા એકલા પાત્ર શોધવા કરતા સંયુક્ત કુટુંબમાં તમારી કન્યા સુખી અને સુરક્ષિત રહેશે. બન્ને પક્ષને વિનંતી કે આપણે પાત્ર શોધીએ છીએ ૧૦૦ ટચનું સોનું નહીં. થોડું બાંધછોડ કરીને રૂપ-રંગ પેકેજ કરતા ગુણ, યોગ્યતાને વધુ મહત્વ આપજો. આમ પરણવાની સંતાન થવાની ઉંમ્ર વધતી જાય છે ને સ્વયંના અને સમાજહિતમાં નથી. નારીયલ, સગાઇ, પરણવા વચ્ચે સમય ન રાખજો. મોબાઇલ વાર્તાલાપના કારણે નારીયલ, સગાઇ, લગ્ન તુટે છે. ચહેરા સુંદર, મોટા પેકેજ, મોટા શહેર તો ઘણાને મળશે પણ જેના સ્વભાવ અને સંસ્કાર સુંદર હોય એવા પાત્ર નસીબવાળાને જ મળશે. લગ્ન એની સાથે ન કરાય જે દુનિયાની નજરમાં સુંદર હોય પરંતુ લગ્ન એની સાથે કરાય જે આપણી દુનિયાને સુંદર બનાવી દેવા સક્ષમ હોય. પ્રભુ સહુ પાત્રોને એમના મનગમતા સાથી મેળવવાના આશીર્વાદ આપે એજ પ્રાર્થના સાથે...

સૌ. જ્યોતિબેન ભક્તિરામભાઇહ રાઠોડ – પ્રભારી મેરેજ બ્યુરો

પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

ગોંદિયા ઘટક

શ્રી વિદર્ભ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા ગોંદીયા ઘટકના ભાવભર્યા આમંત્રણને શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા દ્વારા સહર્ષ સ્વીકાર કરી ૩૦,૩૧ ડિસેમ્બર ૨૦૨૨ તથા ૧ જાન્યુઆરી ૨૦૨૩ ના વાર્ષિક અધિવેશન ગોંદિયા ખાતે નક્કી કરવામાં આવ્યું તારીખ ૩૦ શુક્રવારના દિવસે સવારે ૧૦ કલાકે શ્રી રામદેવરા મંદિરથી શોભાયાત્રા નીકળી સમાજ ભવન શ્રી ગુર્જર ક્ષત્રિય સમાજવાડીમાં પહોંચ્યા બાદ ભવન ના દ્વાર ઉપર ઘટક મહિલા મંડળ ના બહેનો દ્વારા અધિવેશન માં પધારેલ સર્વે માનવંતા મહેમાનોનું કુમકુમ તિલક કરી અને પુષ્પ આપી સ્વાગત કરવામાં આવ્યું. સમાજ ભવન માં પ્રવેશ કરતા ની સાથે



મહાસભા પ્રમુખ શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા દ્વારા સમાજ ધ્વજનું ધ્વજારોહણ કર્યા બાદ ગોંદીયા ઘટક દ્વારા ઉદઘાટન કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો જેમાં સૌપ્રથમ શ્રીમતી પૂર્વીબેન જયભાઈ પરમાર દ્વારા ગણેશ વંદના નૃત્ય પ્રસ્તુત કરી કાર્યક્રમ ની વિધિવત શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ ગોંદિયા ઘટક પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઈ રથીન્દ્રભાઈ રાઠોડ. શ્રી વિદર્ભ પ્રાદેશિક સમિતિ પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઈ પરમાર અને ઝોનલ પ્રમુખ શ્રી શિવલાલભાઈ શામજીભાઈ ટાંક દ્વારા મહાસભાના આદરણીય પ્રમુખ શ્રીમાન યોગેશભાઈ મગનભાઈ ચાવડા તેમજ અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકી અને યુવા મહામંડળ પ્રમુખ શ્રી તુષારભાઈ મોહનભાઈ ચૌહાણને મંચ ઉપર સસન્માન આશન ગ્રહણ કરાવ્યા બાદ મહાસભા ના અન્ય પદાધિકારી ભાઈ બહેનો જેમાં મહાસભા ના સલાહકાર પ્રમુખ તથા મહાસભાના પૂર્વ પ્રમુખ શ્રી પ્રફુલભાઈ કેશવજીભાઈ પરમાર. વરિષ્ઠ ઉપપ્રમુખ તથા પ્રભારી સંજીવનીના શ્રી વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા. પૂર્વ પ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઈ વિશનજીભાઈ પરમાર પૂર્વ પ્રમુખ શ્રી રણજીતભાઈ હીરજીભાઈ પરમાર. ગોંદીયા ઘટક ના વડીલ તથા સલાહકાર શ્રી હિંમતભાઈ ભવાનજીભાઈ રાઠોડ. ગોંદિયા ઘટક ના પ્રમુખ શ્રીદેવેન્દ્રભાઈ રથીન્દ્રભાઈ રાઠોડ. શ્રી વિદર્ભ પ્રાદેશિક પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઈ પરમાર, ઝોનલ પ્રમુખ શ્રી શિવલાલભાઈ શામજીભાઈ ટાંક .મહાસભાના ઉપપ્રમુખ તથા વિશેષ પ્રભાર રાષ્ટ્રીય ડિજિટલ પત્રકના શ્રી મનોજભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી. ઉપપ્રમુખ તથા વિશેષ પ્રભારી અભિલાષા ના શ્રી વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ. મહાસભાના ઉપપ્રમુખ તથા રાષ્ટ્રીય ડિજિટલ પત્રકના શ્રી હેમંતભાઈ હરિરામભાઈ ગોહિલ. મહાસભા ઉપપ્રમુખ તથા આકાંક્ષા સમિતિના સહ પ્રભારી શ્રી નિખિલભાઈ ધનજીભાઈ ચૌહાણ. મહાસભાના ઉપપ્રમુખ અને મેરેજ બ્યુરો વિશેષ પ્રભાર શ્રીમતી જ્યોતિબેન ભક્તિ રામભાઈ રાઠોડ. મહાસભા ઉપપ્રમુખ તથા સ્કીલ ડેવલપમેન્ટ ના સહ પ્રભારી શ્રી સુરેશભાઈ નરોત્તમભાઈ ચાવડા મહાસભાના ઉપપ્રમુખ તથા ઘટકો પ્રાદેશિક સમિતિના માળખાનું પુનઃગઠનના પ્રભારી શ્રી નારાયણભાઈ પુંજાભાઈ રાઠોડ. વરિષ્ઠ મહામંત્રી અને તંત્રી શ્રી સેતુ સમાજ સંદેશ ના વિશેષ પ્રભારી શ્રી વિનોદભાઈ મોહનલાલભાઈ ખોડીયાર. મહામંત્રી શ્રી વિનોદભાઈ કેશવજીભાઈ પઢીયાર મીટીંગ સંચાલન મિનિટ્સ મંત્રી શ્રી સુરેશભાઈ રતિલાલભાઈ ચૌહાણ મહાસભાના મંત્રી શ્રીમતી ગીતાબેન નટવરલાલભાઈ ચૌહાણ મંત્રી શ્રી કિશોરભાઈ ભગવાનલાલભાઈ ટાંક. સહમંત્રી તથા નાગપુર કાર્યાલય ના પ્રભારી શ્રી રમણીકભાઈ હિરજીભાઈ ચૌહાણ.મહાસભા ના કોષાધ્યક્ષ શ્રી હિતેશભાઈ મગનભાઈ વરુ.ગોંદીયા મ.મં. પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન જયંતીભાઈ વેગડ.ગોંદીયા ઘટક યુવા મંડળ પ્રમુખ શ્રી રવિભાઈ જયંતીલાલભાઈ પરમાર શ્રી ક.ગુ. ક્ષ.સમાજ સાર્વજનિક ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી અમૃતલાલભાઈ

કેશવજીભાઈ ટાંક આ સર્વે મહેમાનોને મંચ ઉપર આશન ગ્રહણ કરાવ્યા બાદ અતિથિઓ દ્વારા દીપ પ્રજલન તથા દાનિશભાઈ રાઠોડ દ્વારા પ્રભુ વંદના કરવામાં આવી ત્યારબાદ સર્વે અતિથિઓનું પુષ્પગુચ્છ તથા સંભારણું (મોમેન્ટો) આપી સ્વાગત-સન્માન કરવામાં આવ્યું જેમાં શ્રી દેવેન્દ્રભાઈ રાઠોડ. શ્રી જીતેન્દ્રભાઈ પરમાર. શ્રીમતી નિર્મળાબેન વેગડ. શ્રી રવિભાઈ પરમારે પ્રમુખશ્રીનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું. ત્યારબાદ પધારેલ મહાસભાના પદાધિકારીઓનું સ્વાગત શ્રી જયંતીભાઈ વેગડ શ્રી દિલીપભાઈ ચૌહાણ. પ્રો.શ્રી ચુન્નીલાલભાઈ ચૌહાણ. વર્ધા ઘટક પ્રમુખ શ્રી હરિશભાઈ પરમાર. શ્રી શાંતિલાલભાઈ લખમશીભાઈ ચંદ્રપુર. શ્રી પ્રેમભાઈ જેઠવા મંત્રી વર્ધા ઘટક.ગોંદિયા મ.મં.મંત્રી શ્રીમતી તનુજાબેન રાઠોડ. યુવા મંડળ પ્રમુખ શ્રી રવિભાઈ પરમાર.શ્રી દાનિશભાઈ રાઠોડ શ્રી વિનયભાઈ પરમાર. ડો શ્રી લીલાધરભાઇ રાઠોડ.શ્રી શૈલેષભાઈ ટાંક શ્રી દિલીપભાઈ ટાંક.શ્રી કમલેશભાઈ રાઠોડ.શ્રી અજયભાઈ ચૌહાણ.શ્રીમતી લતાબેન રાઠોડ.શ્રીમતી ગીતાબેન પરમાર.શ્રી સુરેન્દ્રભાઇ સોલંકી. શ્રી સંજયભાઈ પરમાર શ્રી શૈલેષભાઈ ચૌહાણ. શ્રી હરીશભાઈ રાઠોડ. શ્રી સુરેશભાઈ પરમાર. શ્રીમતી સંગીતાબેન રાઠોડ. શ્રીમતી પિન્કીબેન ટાંક. શ્રીમતી પ્રિયંકાબેન રાઠોડ. શ્રીમતી તરુણાબેન રાઠોડ.શ્રીમતી મીલીબેન પરમાર દ્વારા પુષ્પગુચ્છ તથા સંભારણું (મોમેન્ટો) આપી

સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ ઘટકમાં નિવાસ કરતા ડોક્ટર શ્રી અંશુમનભાઈ નરેન્દ્રભાઈ ચૌહાણ.પરેશભાઈ ચૌહાણ તથા ડોક્ટર શ્રી લીલાધરભાઇ ચૌહાણનું મહાસભાના પ્રમુખ દ્વારા સન્માન કરવામાં આવ્યું સન્માનની કડીમાં સર્વપ્રથમ ઈ.સ.૧૯૬૧ માં સાબુવાળો ના નામે ઓળખાતી ૧૭૦૭૫ ચોરસ ફૂટ ભૂમિના માલિક સ્વ. પ્રાગજીભાઈ નોંધાભાઈ-સ્વ.શિવજીભાઈ નોંધાભાઇ રાઠોડ વતિથી તત્કાલીન ભૂમિપતિ બાલાઘાટ નિવાસી શ્રી મોહનભાઈ પ્રાગજીભાઈ રાઠોડ ના વારસદાર શ્રી રમેશભાઈ શિવજીભાઈ રાઠોડ શ્રી લલીતભાઈ મોહનભાઈ રાઠોડ શ્રી સુબોધ ભાઈ મોહનભાઈ રાઠોડ શ્રી સુનિલભાઈ મોહનભાઈ રાઠોડ શ્રી તપેશભાઈ શિવજીભાઈ રાઠોડ તથા સમસ્ત રાઠોડ પરિવારનું પ્રમુખશ્રી દ્વારા સન્માન કરવામાં આવ્યું તેમજ મોરારજી રંગ મંદિરના નામ થી પ્રખ્યાત સમાજ ભવનમાં બનેલ ભવ્ય સ્ટેજના દાતા સ્વ.મુલજીભાઈ મોરારજીભાઈ પરમારના પરિવારના સદસ્યો નું સન્માન કરવામાં આવ્યું તેમજ મુખ્ય દેવદ્વારના દાતા સ્વ.દેવજીભાઈ જેઠાભાઈ રાઠોડ ની સ્મૃતિમાં બનેલ મુખ્ય દેવદ્વાર ના દાતાશ્રી રાઠોડ પરિવારના સદસ્યો નું સન્માન કરવામાં આવ્યું તે સિવાય સમાજ ભવનમાં બનેલ ૨૦ રૂમો ના દાતાશ્રીને પણ યાદ કરી તેમનું સન્માન કરવામાં આવ્યું.

ઉદબોધનની કડીમાં ગોંદીયા ઘટક પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઈ રાઠોડે ઘટક નો ઇતિહાસ તથા વર્તમાન પ્રવૃત્તિનો સંક્ષિપ્તમાં ઉલ્લેખ કર્યો તથા પધારેલ મહાનુભાવોનું હૃદય પૂર્વક સ્વાગત કર્યું. તેવી જ રીતે વિદર્ભ પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઈ પરમારે પ્રાદેશિક સમિતિ વતી મહાસભાના પધારેલ સર્વે મહાનુભાવોનું હાર્દિક સ્વાગત તથા અભિનંદન કર્યું. ત્યારબાદ આગળની કાર્યવાહી માટે મંચ મહાસભાના વરિષ્ઠ મંત્રી શ્રી વિનોદભાઈ મોહનભાઈ ખોડિયારને સોંપવામાં આવ્યું. કાર્યક્રમ ની રૂપરેખા પ્રસ્તુત કર્યા બાદ મંચ સંચાલન કરતા શ્રી વિનોદભાઈ પઢીયાર એ જણાવ્યું કે ગોંદિયાના પ્રસિદ્ધ ગાયક તથા મંચ સંચાલક શ્રી મિતેશભાઈ કરશનભાઈ પરમારે સમાજના ઇતિહાસ તથા કચ્છ ના ૧૮ એ ગામોના નામો સાથે સમાજ રત્ન નું ગૌરવ કરતું ''સમાજ ગીત'' પોતાના મધુર સ્વરો માં સ્વરબદ્ધ કરેલ છે તેનું વિમોચન કરવા માટે મહાસભાના પ્રમુખ શ્રી ને વિનંતી કરવામાં આવી અને પ્રમુખશ્રી એ સ્ટાર્ટ નું બટન દબાવી સમાજ ગીતને વહેતું કર્યું.મહાસભા પ્રમુખશ્રી દ્વારા શ્રી મીતેશભાઈ પરમાર નું મોમેંટો તથા પુષ્પ ગુચ્છ આપી મહાસભા વતી સમ્માન કરવામાં આવ્યું, તેવી જ રીતે મહાસભાના શ્રી પરેશભાઈ ચૌહાણ રાજકોટ દ્વારા સંકલિત કરવામાં આવેલ સમાજની માહિતી પુસ્તિકા નું વિમોચન કરવામાં આવ્યું. આ માહિતી પુસ્તિકામાં ૧૨૭ ઘટકોના તથા ૧૬ પ્રાદેશિક સમિતિના પ્રમુખ, મહિલા મંડળ પ્રમુખ, તથા યુવા મંડળ પ્રમુખ અને અન્ય પદાધિકારીઓની તેમના સરનામા તથા મોબાઈલ નંબર સાથે માહિતી આપવામાં આવેલ છે.

ત્યારબાદ ઉદબોધનમાં શ્રી પ્રફુલ્લભાઈ પરમાર, શ્રી વિનોદભાઈ જેઠવા, શ્રી મનોજભાઈ સોલંકી,શ્રી ભુપેન્દ્રભાઈ પરમાર, શ્રી તૃષારભાઈ ચૌહાણ શ્રીમતી અમીતાબેન સોલંકી,તથા પ્રમુખ શ્રી યોગેશભાઈ ચાવડાએ ઉપસ્થિત જન સમુદાયને સંબોધિત કરી માર્ગદર્શન આપ્યું

૩૦ તથા ૩૧ ના રાત્રે બહાર ગામથી પધારેલ મહેમાનોના મનોરંજન માટે બંને દિવસ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો જેમાં શ્રી ગણેશ વંદના નૃત્ય. ગુરુ વંદના નૃત્ય. શ્રી શંકર ભગવાનની સ્તુતિ. માતા તથા બાળકના સંબંધો પર નૃત્ય. સાસુ તથા વહુના મધુર સંબંધ દર્શાવતો નૃત્ય. મહારાષ્ટ્રની ઓળખ લાવણી નૃત્ય. ગુજરાતનું ગૌરવ દર્શાવતું ગરબા નૃત્ય યુવા મંડળ દ્વારા હાસ્ય નૃત્ય.લગ્ન સંબંધોનો મુખ્ય આધાર દર્શાવતી નાટિકા નું મંચન કરવામાં આવ્યું તેમજ ગોંદીયા ઘટક મહિલા મંડળના વરિષ્ઠ બહેનો દ્વારા એક ખાસ નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું જેની સર્વોએ ખૂબ પ્રશંસા કરી, સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાલાઘાટ ઘટકના બહેનો દ્વારા પણ સુંદર નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યા

તેમજ ચંદ્રપુર તથા તુમસર ઘટક ની બળિકાઓ દ્વારા પણ નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું.

દરેક પ્રસ્તુતી પશ્ચાત સંપૂર્ણ સભાગૃહ તાળીઓના ગડગડાહટ થી ગુંજી ઉઠતું હતું તથા સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રસ્તુત કરનાર કલાકારોને પ્રોત્સાહન સ્વરૂપ નગદ રાશી ની ઘોષણા કરવામાં આવતી હતી કલાકારોને પ્રોત્સાહન સ્વરૂપ પ્રાપ્ત થયેલ રાશિ લગભગ એક લાખ રૂપિયા ની છે એ વિશેષ.સાંસ્કૃતિક કાર્યક્રમ દરમિયાન મહાસભા તરફથી ઘટક પ્રમુખ, મહિલા મંડળ પ્રમુખ, તથા યુવા મંડળ પ્રમુખનું આભાર વ્યક્ત કરતું સ્વાગત કરવામાં આવ્યું ખાસ વિશેષતા એ કે સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરનાર બધા કલાકારો ગૈર વ્યવસાયિક હતા સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિશેષરૂપે શ્રીમતી પ્રિયંકાબેન પ્રતિકભાઈ રાઠોડ તથા શ્રીમતી પૂર્વીબેન જયભાઈ પરમાર,શ્રીમતી લતાબેન સુનિલભાઈ રાઠોડ (બાલાઘાટ) નો સહયોગ મળેલ હતો કાર્યક્રમ માં બંને દિવસે મંચ સંચાલન શ્રી મિતેશભાઈ કરશનભાઈ પરમાર તથા શ્રીમતી સ્રચિતાબેન પ્રશાંતભાઈ રાઠોડ અને શ્રીમતી લતાબેન સુનિલભાઈ રાઠોડ દ્વારા સરસ રીતે કરવામાં આવ્યું.

આ દરમિયાન સમાજભવનના ઉપરના માળે બાંધવામાં આવતા ૬ રૂમની લાગત પ્રત્યેક રૂમના અંદાજ ૩ લાખ રૂપિયા રાખવામાં આવેલ છે તેમાંથી બે રૂમ માટે ૬ લાખ રૂપિયા ની અનુદાન ગોંદીયા ના ટાંક પરિવાર તથા બાલાઘાટ ના પરમાર પરિવાર દ્વારા ઘોષિત કરવામાં આવ્યું તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવ્યો તેવી જ રીતે બાંધકામ માટે છૂટક અનુદાન આપનાર દાતાઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો સાંસ્કૃતિક કાર્યક્રમમાં બીજા દિવસે વર્ષનો અંતિમ દિવસ ૩૧ ડિસેમ્બર હોવાના લીધે તે દિવસે રાતના ૧૨:૦૦ વાગે આપણી સંસ્કૃતિ અને સંસ્કાર અનુરૂપ ગત વર્ષને વિદાય તથા નવાવર્ષ નું સ્વાગત આતિશબાજી તથા સર્વે ઉપસ્થિત સમાજ બાંધવો એ રાસ ગરબા રમી આનંદ વ્યક્ત કરી એકબીજાને નવવર્ષ ની શુભકામનાઓ આપી અંતમાં સર્વે કાર્યકર્તાઓ. સાંસ્કૃતિક કાર્યક્રમના કલાકારો. પ્રત્યક્ષ તથા અપ્રત્યક્ષ રૂપે સહયોગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો તેવી જ રીતે આ અધિવેશન માટે વિદર્ભ ના તુમસર.ચંદ્રપુર- બલ્લારશાહ ,બાલાઘાટ ,નાગપુર ,વર્ધા તથા અન્ય ઘટકોનો સહયોગ કરવા બદલ હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો ત્યારબાદ કાર્યક્રમ સમાપ્તિની ઘોષણા કરવામાં આવી.

ભુજ ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભુજ ઘટકનું વાર્ષિક સ્નેહમિલન તા. ૨૦-૧૧-૨૦૨૨ના ચારણ સમાજ ભવન મુકામે ઘટક પ્રમુખ શ્રી ડૉ. દેવેન્દ્રભાઇ વ્રજલાલ પરમારના અધ્યક્ષ સ્થાને યોજાયેલ હતું. પ્રારંભમાં મહિલા મંડળના બહેનો ગીતાબેન, આરતીબેન, રાખીબેન તથા હસ્મિતાબેને પ્રભુ પ્રાર્થના અને કુ. ઉન્નતિ તથા મહિમા રાઠોડે સ્વાગત ગીત રજુ કરેલ હતું. ઘટક પ્રમુખશ્રી સાથે મુખ્ય અતિથિ રૂપે ઉપસ્થિત સમાજરત્ન શ્રી વિનોદભાઇ પી. સોલંકી, અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, મહાસભાના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ ચૌહાણ, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, યુવા મંડળના પ્રમુખ શ્રી સ્નેહલભાઇ પરમાર, ઘટકના ઉપપ્રમુખો શ્રી દિપકભાઇ ચૌહાણ તથા શ્રી ગિરધરભાઇ રાઠોડ તથા મંત્રી શ્રી વિજયભાઇ સોલંકી એ દિપ પ્રાગટ્ય કરેલ હતું. સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકીએ શુભેચ્છા પાઠવતાં ભુજ ઘટકની સંઘભાવના અને સેવા પ્રવૃત્તિઓને બિરદાવી હતી. ડૉ. દેવેન્દ્રભાઇ પરમારે ઘટકના પૂર્વ પ્રમુખોના યોગદાનને યાદ કરી ભવિષ્યમાં સમાજઉપયોગી આયોજનો કરવાનો સંકલ્પ વ્યક્ત કરેલ હતો. શ્રીમતી અમિતાબેન સોલંકીએ અ.ભા.મહિલા મહામંડળની દરેક પ્રવૃત્તિઓમાં ભુજ મહિલા મંડળ દ્વારા મળતા ઉત્સાહભર્યા સહયોગની પ્રશંસા કરી હતી. શ્રી વિનોદભાઇ ચૌહાણે મહાસભાની પ્રવૃત્તિઓની જાણકારી આપી તેમાં આર્થિક

સહયોગી બનવાની સાથે આર્થિક રીતે નબળા પરિવારોને લાભ લેવા અનુરોધ કરેલ હતો. આજે સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકીનો જન્મદિવસ હોતાં તેમની પુષ્પવૃષ્ટી સાથે કેક કાપી ઉજવણી કરી શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી તેમજ ઘટકના ૧૦ જેટલા રક્તદાતાઓએ યુવા મંડળના પ્રમુખ શ્રી સ્નેહલભાઇ પરમારના માર્ગદર્શન હેઠળ લાયન્સ ક્લબ દ્વારા આયોજીત સમાજરત્ન શ્રીના રક્તતુલા કેમ્પમાં રક્તદાન કરેલ હતું. આ સાથે ઘટકના મંત્રી શ્રી વિજયભાઇ સોલંકીને પણ આજરોજ તેમના જન્મદિવસની શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

ત્યાર બાદ વડિલ વંદના કાર્યક્રમ અંતર્ગત દાતા શ્રીમતી રસીલાબેન તથા શ્રી સુરેશભાઇ રણછોડભાઇ પરમારના હસ્તે ૧૦ જેટલા વરીષ્ઠ વડીલોની વંદના કરી સન્માન કરવામાં આવેલ હતું. વિશેષ સન્માન અંતર્ગત રાષ્ટ્રીય સ્તરે શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ પ્રાપ્ત કરી સમાજને ગૌરવ અપાવનાર શ્રી અશોકભાઇ મોહનલાલ પરમારનું સન્માન કરવામાં આવેલ હતું. કોરોના કાળમાં કપરી પરિસ્થિતિમાં મેડિકલ અને વહીવટી ક્ષેત્રે પોતાની નિષ્ઠાવાન ફરજ બજાવનાર ડૉ. નીલ પરમાર, ડૉ. નિસર્ગ પરમાર, ડૉ. ભવ્ય ચૌહાણ, કુ. કવિતા ટાંક, શ્રીમતી નિતાબેન પરમાર તથા ખારી નદી સ્મશાન ગૃહે મૃતદેહોના અંતિક સંસ્કાર માટે રાત-દિવસ જોયા વગર ખડે પગે સેવા આપનાર શ્રી અજીતભાઇ પરમાર દંપતિનું કોરોના વોરિયર સન્માન કરવામાં આવેલ હતું. બાલ પ્રતિભા સન્માન અંતર્ગત તેજસ્વી બાળકો કુ. ઉન્નતિ રાઠોડ, કુ. મહિમા રાઠોડ તથા મા. જુચ્યુ સોલંકીને પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા. આજના કાર્યક્રમમાં જ્ઞાતિપ્રસાદના દાતા સમાજ ગૌરવ કવિ સ્વ. મહેશભાઇ સોલંકી 'બેનામ'ની સ્મૃતિમાં હસ્તે શ્રીમતી જ્યોતિબેન મહેશભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી તથા ભોજન વ્યવસ્થા સંભાળનાર શ્રી મોહનભાઇ ચૌહાણનું સેવા સન્માન કરવામાં આવેલ હતું.

સરસ્વતી સન્માન અંતર્ગત ૨૨ જેટલા દાતાશ્રીઓના હસ્તે સોપાન-૧ થી કોલેજ કક્ષા સુધીના છાત્રોને પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા. ભુજ ઘટકના વડીલો શ્રી વ્રજલાલભાઇ પરમાર, શ્રી વેલજીભાઇ ચૌહાણ, શ્રી વાસુદેવભાઇ પરમાર, ડૉ. શ્રી કમલેશભાઇ વેગડ તથા ડૉ. શ્રી બી.ઓ. ચૌહાણે છાત્રોને બિરદાવ્યા હતા. શ્રી શાંતિલાલભાઇ રામજીભાઇ પરમાર તરફથી સરસ્વતી સન્માન માટે દર વરસે રૂા. ૧૩૦૦૦ નું દાન આપવાની જાહેરાતને સહર્ષ વધાવવામાં આવી હતી. યુવા મંડળ દ્વારા આયોજીત પ્રશ્નોતરી ચિત્ર સ્પર્ધા અને ફેન્સી ડ્રેસ સ્પર્ધામાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

વિજેતા બાળકોને યુવા મંડળ તથા દાતા શ્રીમતી આરતીબેન નૌતમભાઇ રાઠોડ દ્વારા ઇનામો આપવામાં આવેલ હતા. યુવા મંડળના હોદ્દેદારો શ્રી ભાવેશભાઇ રાઠોડ, શ્રી હિરેનભાઇ રાઠોડ, શ્રી દિપેશભાઇ ચૌહાણ, શ્રી પારસભાઇ ચૌહાણ, શ્રીમતી અર્ચનાબેન પરમાર તથા સભ્યોએ વ્યવસ્થા સંભાળી હતી.

મહિલા મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અને ઇનામી ડ્રોનું આયોજન કરવામાં આવેલ જેની વ્યવસ્થા શ્રીમતી મીનાબેન ચૌહાણ, શ્રીમતી હસ્મિતાબેન પરમાર, શ્રીમતી રાખીબેન જેઠવા, શ્રીમતી ગીતાબેન ચૌહાણ, શ્રીમતી રીટાબેન રાઠોડે વ્યવસ્થા સંભાળી હતી. ડૉ. શ્રી રમેશભાઇ ગંગારામભાઇ વરૂ ''લક્કી ફેમીલી ઓફ ભુજ ઘટક'' બન્યા હતા. તેમનું મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવેલ હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી વિજયભાઇ સોલંકી તથા શ્રી હિતેશભાઇ વેગડે કરેલ હતું. શ્રી હરીલાલ યાદવ, શ્રી જનાર્દન રાઠોડ, શ્રી મનિષ પરમાર તથા શ્રી દેવેનભાઇ વેગડે આયોજનમાં સહયોગ આપેલ હતો.

માધાપર ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી પરિવાર માધાપર દ્વારા અબોલા પશુ (શ્વાન) કુતરાને રોટલા બનાવીને નિઃશુલ્ક વિતરણ કરવાની જીવદયાની પ્રવૃત્તિને ૧૧ વર્ષ પૂર્ણ થતાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.



માધાપરના સેવાભાવી શ્રી પુરૂષોત્તમભાઇ ભવાનભાઇ

સોલંકી અને શ્રી ભરતભાઇ ઓધવજીભાઇ ચાવડાની આગેવાની હેઠળ દરરોજ ૧૦૦ કીલો લોટની રોટલી આપણા સમાજના તેમજ અન્ય સમાજના સેવાભાવી ભાઇઓ અને બહેનોના સાથ-સહકારથી દરરોજ સાંજે ૪.૦૦ થી ૫.૩૦ કલાક દરમિયાન સમાજ સંચાલિત બારલા મંદિર પાર્ટી પ્લોટમાં આ પ્રવૃત્તિ કરવામાં આવે છે. જેનો તમામ ખર્ચ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી પરિવાર દ્વારા આપવામાં આવે છે.

આ બનાવેલ રોટલાનું વિતરણ આજુબાજુના ગામોના સેવાભાવી લોકો દ્વારા કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં આર્શ ધ્યાન કેન્દ્રના પૂજ્ય સંત શ્રી પ્રદિમાનંદ સરસ્વતિજીએ આશિર્વચન આપતા જણાવેલ હતું કે, નિઃસ્વાર્થ સેવા કરનાર લોકો તેમનું તથા તેમના કુટુમ્બનો પણ ઉદ્ધાર કરે છે જે અબોલા જાનવરોની સેવા કરી ધ્યાન રાખે છે પ્રભુ તેમના પરિવારનું જરૂર ધ્યાન રાખે છે. આવું સરસ કાર્ય કરવા માટે દાન આપનાર શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી પરિવારને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા અને આવ જીવદાયના કાર્યો કરતા રહો તેવા આશિર્વાદ આપ્યા હતા. આ સેવાભાવી સર્વે ભાઇ-બહેનોનું 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી પરિવાર દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો અને તેમનું સન્માન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ઘટક ઉપપ્રમુખ બ્ર.કુ. શ્રી બાબુલાલભાઇ પરમાર અને મંત્રી શ્રી ગિરીશભાઇ ચૌહાણ તથા કારોબારી સભ્યો મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંક અને યુવા મંડળના પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડ તેમજ હોદ્દેદારો હાજર રહેલ હતા.

ગળપાદર ઘટક



શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ગળપાદર ઘટક મધ્યે મકરસંક્રાતીના પવિત્ર દિવસે નૂતન સમાજ ભવનમાં ઉપસ્થિત સમાજબંધુઓને સંબોધતા ગાંધીધામ વિસ્તારના ધારાસભ્ય શ્રીમતી માલતીબેન મહેશ્વરીએ પુર સંરક્ષણ દિવાલ કમ્પાઉન્ડવોલના બાંધકામ માટે ફાળવેલ રૂા. પાંચ લાખની ગ્રાન્ટ ફાળવી કામ પૂર્ણ થતાં તક્તી અનાવરણ કરતાં જણાવ્યું હતું કે, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ સતત સત્તા પક્ષની સાથે રહ્યો છે. ગત ચૂંટણીમાં જે લીડ મળી હતી તેમાં આ વિસ્તારના ગામોમાં રહેતા આ સમાજનો વિશેષ ફાળો છે. સમાજના બાળકોના સર્વાંગી વિકાસ માટે ગામના વિકાસ માટે મારું કાર્યાલય ૨૪×૭ દિવસ ખુલ્લું છે. આ વિસ્તારમાં ઇન્ફ્રાસ્ટ્રકચરના કામોમાં રસ્તાના કામોનું હાલ જ ખાત મુહુર્ત થયેલ છે. કાર્ય પુરૂં થતાં વાહન વ્યવહાર ઝડપી બનશે. ટુંક સમયમાં ગટર-પાણી માટે આયોજન હાથ ધરવામાં આવશે. દરેક સમાજે ખોબે-ખોબા ભરી મત આપેલ છે. ત્યારે પ્રજાકીય પ્રતિનિધિ તરીકેની કામ હાથ ધરવાની બાબતમાં કોઇ કચાશ નહીં રહે તેની ખાતરી આપી હતી. અત્રે યાદ રહે આ અગાઉ માજી ધારાસભ્ય શ્રી રમેશભાઇએ પુર સંરક્ષણ દિવાલ માટે રૂા. પાંચ લાખની ગ્રાન્ટ ફાળવી હતી તે કાર્ય પણ પુરૂં થયેલ છે. આ તબક્કે તેનો આભાર માનવામાં આવેલ હતો. સાથે આ સમાજના યુવા ઉદ્યોગપતિ અને શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ગાંધીધામના પ્રમુખ અને ભારતભરમાં ડીઝલ વેચાણ ક્ષેત્રે સતત ત્રણ વખત પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર શ્રી મનોજભાઇ ડી. વેગડે ફાળવેલા રૂા. પાંચ લાખમાંથી બે રૂમ, ભોજન કક્ષ, રસોડુંના બાંધકામ પૂર્ણ થયેલ છે અને તેમના તરફથી આ સમાજ ભવન પરિસરમાં સમાજમાં ધાર્મિકતા જળવાઇ રહે તે હેતુસર ગાયત્રી માતાજીનું મંદિર નિર્માણ માટે રૂા. પાંચ લાખ તેમજ આ સમાજ ભવન નિર્માણ અને પુરૂં થાય ત્યાં સુધી હાથ ધરવાના થતાં વિકાસ કામો માટે દર માસે રૂા. પચાસ હજાર આપવાની જાહેરાતને ઉપસ્થિત જનસમુદાયે તાડીઓના ગડગડાટથી વધાવી લીધા હતા.

પ્રારંભમાં ધારાસભ્ય શ્રીમતી માલતીબેન મહેશ્વરી નૂતન સમાજ ભવન ખાતે પધારતાં ઘટક પ્રમુખ શ્રી પ્રિતમલાલ રાઠોડ, ક.પ્રા.સ. પ્રમુખ શ્રી રમણીકભાઇ વાઢેર, શ્રી ક.ગુ.ક્ષ.સ.



ગાંધીધામના પ્રમુખ શ્રી મનોજભાઇ વેગડ, ક.પ્રા.સ.ના વરીષ્ઠ મહામંત્રી શ્રી સંજય એલ. પરમાર, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ભારતીબેન, મંત્રી કોકીલાબેન, સરપંચ શ્રી કેશવજીભાઇ ભીલ, ગાંધીધામ તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન શ્રી નિખીલભાઇ હડિયા, પૂર્વ સરપંચ શ્રી શામજીભા વીરડા, પંચાયતના સભ્ય શ્રીમતી નિર્મળાબેન સોલંકી, શંકરભાઇએ સાથે મળીને આવકાર આપેલ હતો. આ પ્રસંગે ધારાસભ્ય શ્રીમતી માલતીબેન મહેશ્વરીનું સાલ ઓઢાડી સન્માન મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ભારતીબેન ચાવડાએ કરેલ હતું. સરપંચશ્રી કેશવજીભાઇ ભીલનું નટવરભાઇ ચાવડાએ, શ્રી મનોજભાઇ વેગડનું ધીરજભાઇ ચાવડાએ, ગાંધીધામ તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન શ્રી નિખીલભાઇ હડીયાનું મયુરભાઇ પરમારે, પંચાયતના સભ્ય એવા શ્રીમતી નિર્મળાબેન સોલંકીનું શ્રીમતી કોકીલાબેન પરમારે તેમજ શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા પ્રા. સમિતિ કચ્છના નવા વરાયેલ પ્રમુખ શ્રી રમણીકભાઇ પ્રાગજીભાઇ વાઢેરનું ઘટક પ્રમુખ શ્રી પ્રિતમલાલ રાઠોડે સાલ ઓઢાડી વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ હતા.

ગાંધીધામ સા. ટ્રસ્ટ, ગાંધીધામ ઘટકના પ્રમુખ શ્રી મનોજભાઇ વેગડે જણાવ્યું હતું કે, એક સમયે આ સમાજ બાંધકામ ક્ષેત્રે અગ્રેસર હતો. અહીંથી લોકો રોજીરોટી માટે બહાર જતાં, આજે કચ્છનો વિકાસ જોઇ બહારથી સમાજબંધુઓ કચ્છ પરત ફરી રહ્યા છે. કચ્છના ૨૦ ઘટકમાં આવેલા માતાજીના દેવસ્થાનો ભુકંપમાં જર્જરીત-નાશ પામેલ હતા. તેના પુનઃનિર્માણ માટે જરૂરી કામો હાથ ધરી તુરંત પૂર્ણ કરેલ છે તાજેતરમાં રાયપુરથી કચ્છદર્શન માટે પધારેલ સમાજબંધુઓ કુળદેવીના દર્શન સાથે કચ્છના ગામડાઓનો વિકાસ જોઇ ભાવ-વિભોર બનેલ હતા. નિર્માણ પામી રહેલ નૂતન સમાજ ભવનમાં જે કંઇ ઘટ હશે તે પૂર્ણ કરવા ખર્ચને પહોંચી વળવાની ગળપાદર ઘટકને ખાતરી આપી હતી. ઘટક પ્રમુખ શ્રી પ્રિતમલાલ રાઠોડે જણાવ્યું હતું કે, સમાજબંધુઓના તન, મન, ધનથી આપેલ સહયોગને આભારી છે. ભવ્યાતીભવ્ય સમાજભવન નિર્માણમાં સૌનો સાથ સૌનો વિકાસ સુત્રને સાર્થક કરી, સમાજ સંગઠન મજબુત બને અને અન્ય સમાજને તેમાંથી પ્રેરણા લે તેવી શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે ગાંધીધામ તાલુકા પંચાયત કારોબારી ચેરમેન શ્રી નિખીલભાઇ હડીયાએ પ્રસંગોચીત વકતવ્ય આપી હવે પછી હાથ ધરવાના આનુસાંગીક કામો પૂર્ણ કરવાની ખાતરી આપી હતી. મકરસંક્રાતી પર્વ નિમિત્તે દર વર્ષની જેમ પરિસરમાં પતંગોત્સવનું આયોજનમાં નાના-મોટા બાળકો સહુએ હોંશભેર ભાગ લીધો હતો. બપોરના મહાપ્રસાદમાં સાત ધાનનો ખીચડો, ઊંધીયું, બાજરા-મકાઇના રોટલા, દેશી ઘી-ગોળ, છાશનો આસ્વાદ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ શ્રી પ્રિતમભાઇ રાઠોડ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી ભારતીબેન ચાવડાના નેતૃત્વમાં મયુરભાઇ પરમાર, અલ્પેશભાઇ ચાવડા, વિશાલ વાઢેર, નટવરલાલ ચાવડા, ધીરજલાલ ચાવડા, પવન પરમાર, કોકીલાબેન પરમાર તેમજ ઘટક, યુવા, મહિલા મંડળના હોદ્દેદારશ્રીઓએ સહયોગ આપેલ હતો. પરિસરમાં યોજાયેલ કાર્યક્રમનું સંચાલન કચ્છ પ્રા.સ.ના વરીષ્ઠ મહામંત્રી શ્રી સંજય એલ. પરમારે અને અંતમાં આભારવિધી ઘટક મંત્રી શ્રી મયુરભાઇ પરમારે કરેલ હતી.

કટક ઘટક

કટક ઘટક, યુવા મંડળ અને મહિલા મંડળ દ્વારા તા. ૮-૧-૨૦૨૩, રવિવારના દિવસે પિકનીકનું આયોજન કરેલ હતું. કટક યુવા મંડળ દ્વારા વર્ષ દરમ્યાન આયોજીત વિભિન્ન પ્રવૃત્તિઓમાં વાર્ષિક પિકનીકનું વિશેષ સ્થાન છે જેમાં કટક ઘટક, મહિલા મંડળ તથા યુવા મંડળના સભ્યો હોંશભેર જોડાય છે. આ વર્ષે ૫૪ વ્યક્તિઓએ પિકનીકમાં ભાગ લીધેલ હતો. આ પિકનીક કટક શહેરથી આશરે ૬૦ કી.મી. દુર સ્થિત ફાર્મહાઉસમાં, ઢેંકાનલ શેર પાસે રાખેલ હતી. બધાજ ભાગ લેનાર વ્યક્તિઓએ આ જગ્યાના અતિ વિહંગ દશ્યોનો ખુબજ આનંદ



લીધો હતો. ત્યાં પહોંચ્યા માટે બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. બસમાં બધાએ અંતાક્ષરીનો આનંદ લીધો હતો. અહીંયા

પહોંચવા પહેલા રસ્તામાં બધાએ ચા-નાસ્તો કરેલ હતો અને પ્રાકૃતિક દશ્યોનો આનંદ લીધો હતો.

ત્યાર બાદ બધા કપિલાસ નામની જગ્યાએ પહોંચ્યા હતા. અહીંયા પહોંચીને બધાએ શંકર ભગવાનના દર્શન કર્યા હતા તથા ત્યાંજ અવસ્થિત એક મિની જૂમાં ફરવા ગયા હતા. અહિંયા કેટલાક લોકોએ બોટીંગની મજા પણ માણી હતી. પછી ત્યાંથી ફાર્મ હાઉસમાં પહોંચ્યા હતા. ત્યાર બાદ પિકનીકમાં મહિલા મંડળના સભ્યો દ્વારા રમત-ગમતની રજુઆત કરેલ હતી. ત્યારહ બાદ બધાએ આ સ્થળના જંગલનાં દશ્યોનો આનંદ લીધો હતો. ત્યાર બાદ બધાએ ભોજન કરેલ હતું. ભોજન કર્યા બાદ રમત-ગમતનાં આનંદ લીધો હતો.

ત્યાર બાદ સાંજે બધા સાંઇબાબાના મંદિરના દર્શન કર્યા હતા અને ચા-નાસ્તો કરેલ. ત્યાર બાદ યુવા મંડળ દ્વારા રમુજી ટુચકાઓની રજુઆત કરેલ હતી. તે પછી બસ વડે પાછા કટક આવી ગયા હતા. યુવા મંડળ દ્વારા આયોજીત પિકનીકમાં સુંદર સગવડ અને સુવ્યવસ્થિત આયોજીનથી સૌ પ્રભાવીત થયા હતા. આ પ્રવાસમાં કટક ઘટકના પ્રમુખ શ્રી પ્રકાશભાઇ દેવજીભાઇ ટાંક, મંત્રી શ્રી ગિરીશભાઇ ખોડિયાર, મહિલા મંડળના પ્રમુખ બાલાબેન યોગેશભાઇ રાઠોડ, મંત્રી દિપાબેન રાઠોડ, પૂર્વ ઓડિશા પ્રાદેશિક સમિતિના પ્રમુખ તથા યુવા મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઇ નાનાલાલભાઇ ટાંક, યુવા મંડળના મંત્રી શ્રી સિદ્ધાર્થભાઇ યોગેશભાઇ રાઠોડ તથા પૂર્વ ઓડિશા પ્રાદેશિક સમિતિ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રીતાબેન પ્રકાશભાઇ ટાંક ઉપસ્થિત હતા.

નિઝામાબાદ ઘટક





નિઝામાબાદ ઘટકનું દિવાળી સ્નેહમિલન તા. ૩૦- ૧૦-૨૦૨૨ના રોજ રાખવામાં આવેલ હતું. સવાર ના ૦૯:૦૦ થી ૧૦ નાસ્તો રાખવામાં આવ્યો હતો. ગણેશ વંદના ગાઇ મિટિંગ ની શરૂઆત થઈ. ૧૧ થી ૧૨ ઘટક ની મીટીંગ થઈ, સ્વ. દમયંતીબેન ચંદુલાલભાઈ પરમાર અને જમુનાબેન મોહનભાઈ પરમાર બંને આ વર્ષે રામશરણ પામ્યા હતા એમના માટે બે મિનિટ મૌન રાખવામાં આવ્યું હતું. બપોરે ૧૨:૦૦ વાગ્યાથી ૧:૦૦ વાગા સુધી બાળકો માટે ડ્રોઈંગ કોમ્પીટીશન, અને એક મિનિટ ગેમ રાખવામાં આવી હતી, અને મહિલાઓને બાલિકાઓ માટે રંગોળી કોમ્પિટિશન અને કપલ ગેમ્સ રાખવામાં આવી હતી, ત્યારબાદ દર વર્ષ મુજબ બાળકોને ૭૫% થી વધુ માર્ક્સ આવનારને, સ્વ. કેશવલાલભાઈ જીવરામ ભાઈ પરમારના સ્મરણાર્થે ભેટ આપવામાં આવી હતી પછી, એક થી ત્રણ જમવાનું પછી, ત્રણ વાગ્યાથી ઘટક અને મહિલા મંડળની ચૂંટણી કરવામાં આવી હતી. જેમાં નીચે મુજબના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. પ્રમુખ - શ્રી ગિરીશભાઇ કેશવલાલ પરમાર, ઉપપ્રમુખ - શ્રી જગદીશભાઇ નાનજીભાઇ ચાવડા, ઉપપ્રમુખ - શ્રી પ્રભુલાલભાઇ રાજાભાઇ જેઠવા, મંત્રી - શ્રી વિક્રમભાઇ ભવાનભાઇ પરમાર, સહમંત્રી - શ્રી વિનેશભાઇ કેશવલાલ પરમાર, ખજાનચી - શ્રી હરીશભાઇ રામજીભાઇ પરમારની વરણી કરવામાં આવી હતી. આખરે તંબોલો રમાડીને ચા નાસ્તા ની મજા માડી, ને સમાપ્તિ કરવામાં આવી હતી.

સૌ જ ન્ય

Cell : 94242 12886

શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ

સેવા નિવૃત્ત - એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય - ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ

પ્રમુખ - શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજ રાઠોડ

(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

રાયગઢ ઘટક



ઘટક રાયગઢ દ્વારા તા. ૨૨-૧૨-૨૦૨૨ થી ૨૬-૧૨-૨૦૨૨ સુધી ફીજીયોથેરેપી કેમ્પનું આયોજન મહિલા મંડળ તેમજ યુવા મંડળના સાથ-સહકારથી કરવામાં આવેલ. કેમ્પનું પ્રારંભ વિધિવત દીપ પ્રાગટ્ય કરીને તેમજ ફિતો કાપીને કરવામાં આવે. ઉદ્‌ઘાટન સમારંભમાં મુખ્ય અતિથિ રૂપે ઘટક રાયગઢ નગર નિગમ નેતા પ્રતિપક્ષ શ્રીમતી પુનમ દિબેશભાઇ સોલંકી હતા જેમના હસ્તે ઉદ્‌ઘાટન વિધી પૂર્ણ કરવામાં આવી હતી.

ત્યાર બાદ કેમ્પ માટે સેવા આપનાર ડૉકટર ચૌધરી અને એમની ટીમ દ્વારા માહિતી આપીને ઉપસ્થિત સભ્યોનું ફિજીયોથેરેપી કરી વ્યાયામના વારામાં જાણકારી આપીને રોજની તકલીફોથી કેવી રીતે છુટકારો મળે તેવી માહિતી આપવામાં આવેલ. સતત ૫ દિવસ ચાલતા આ કેમ્પમાં રાયગઢ શહેરના અનેકો લોકોએ કેમ્પનું લાભ લીધો અને સમાજથી આવા નવીન કાર્યો ફરીથી કરવાની અપીલ કરી. આ સમગ્ર કેમ્પ ઘટક પ્રમુખ શ્રી હેમંતભાઇ નિર્ભયરામભાઇ ચાવડા તેમજ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી અરૂણાબેન તુષારભાઇ ચૌહાણના માર્ગદર્શનમાં અને યુવા મંડળ પ્રમુખ ચંદન સતીષભાઇ ટાંક વ ટીમના કાર્યક્ષેત્રે આયોજીત કરવામાં આવેલ. કેમ્પમાં ડોકટર માટે રાત્રીની ભોજન વ્યવસ્થા શ્રી સતિષભાઇ ટાંક પરિવાર દ્વારા કરવામાં આવેલ સાથે આ આયોજનમાં સમગ્ર સમાજનું સાથ સહકાર મળેલ. અંતે ૨૬-૧૨-૨૦૨૨ના કેમ્પનું સમાપન કરવામાં આવેલ. સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ રૂપે પૂર્વ મહિલા મંડળ પ્રમુખ સુશ્રી ઉષાબેન ચૌહાણ હતા. સમાપન સમારોહમાં સર્વે સેવા આપનાર ડૉકટર અને તેમની ટીમનું ઘટક દ્વારા શાલ અને પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવેલ અને સેવા આપવા બદલ આભાર વ્યક્ત કરવામાં આવેલ અંતે સ્વલ્પાહાર સાથે આયોજને પુર્ણ કરવામાં આવેલ.

આદિપુર ઘટક

તાજેતરમાં તા. ૧૩-૧૧-૨૦૨૨, રવિવારના રોજ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ આદીપુર ઘટકનો સરસ્વતી સન્માન, સ્નેહમિલન તથા સમુહ ભોજનનો કાર્યક્રમ આદીપુર સમાજ ભવનમાં યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે સિનીયર સિટીઝન ક્લબ ગાંધીધામના પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ પરમાર તથા શ્રીમતી કલાબેન પ્રભુલાલભાઇ પરમાર ઉપસ્થિત રહેલ.

આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં સમાજના ભાઇ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. સરસ્વતી સન્માન માટે આદીપુર ઘટકના કે.જી.થી કોલેજ સુધીના વર્ષ ૨૦૨૧-૨૦૨૨ની પરીક્ષા પાસ કરનાર ૬૦ જેટલા વિદ્યાર્થીઓને આદીપુર ઘટક તરફથી દરેક ધોરણમાં પ્રથમ, દ્વિતીય, તૃતિય તથા પ્રોત્સાહન ઇનામ આપવામાં આવેલ. સિનીયર સિટીઝન ક્લબ - ગાંધીધામ તરફથી દરેક વિદ્યાર્થીને અલગથી પ્રોત્સાહન ઇનામ આપવામાં આવેલ. ગાયત્રી પરિવાર, ગાયત્રી પરિવાર ગાંધીધામ તરફથી ગાયત્રી પરિવારના આધ્યાત્મિક/ધાર્મિક પુસ્તકોનો સ્ટોલ તેમને વિનામુલ્યે સાહિત્યનું વિતરણ કરવામાં આવેલ. ઘટકની બાળાઓ દ્વારા દિપપ્રાગટ્ય બાદ પ્રભુ પ્રાર્થના અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવેલ.

ઘટક પ્રમુખશ્રી ચંદ્રકાન્તભાઇ સોલંકી, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી અનિતાબેન એન. ટાંક, પધારેલ વિશેષ મહેમાન શ્રી પ્રભુલાલભાઇ પરમાર, શ્રીમતી કલાબેન પરમાર તથા ઘટકના અલગ અલગ હોદ્દેદારો તથા વડીલોના હસ્તે વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

સમાજ ભવનના વિવિધ કાર્યો માટે દાન આપનાર દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવેલ. જેમાં દાતાઓ નિખિલભાઇ ચૌહાણ, નિતિનભાઇ ટાંક, આનંદભાઇ પરમાર, જેન્તીલાલભાઇ રાઠોડ, રાજેન્દ્રભાઇ પરમાર, પ્રભુલાલભાઇ પરમાર, ભોગીલાલભાઇ ચૌહાણ, સતિષભાઇ ટાંક, અનિશભાઇ ચૌહાણ અને રાજેશભાઇ વરૂએ સહયોગ આપેલ. કાર્યક્રમનું સંચાલન ઘટક મંત્રી શ્રી દિપકભાઇ છોટાલાલ રાઠોડ તથા મહિલા મંડળના શ્રીમતી નીતાબેન રાઠોડે કર્યું હતું. અંતમાં મહિલા મંડળ દ્વારા દરેકને હાઉઝી ગેમ રમાડવામાં આવી હતી. ત્યાર બાદ આભારવિધી બાદ દરેક જણે સમુહ ભોજન લીધું હતું અને હર્ષોલ્લાસ સાથે બધા છુટા પડ્યા હતા.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય(મિસ્ત્રી) સમાજ

હાજાપર ઘટક

જાહેરહિત

હાજાપર વિરાસત જાળવણીના ભાગરૂપે ....


સંપૂર્ણ ભારતવર્ષમાં વસતા હાજાપરવાસીઓને વંદન... વંદન...આપણા સમાજના મુખ્ય લોકપ્રિય પત્રિકા "સેતુ સમાજ સંદેશ" ના હમેશા વાંચક મિત્રોને ધ્યાનમાં જ હશે કે, આપણા પૂર્વજો- વડીલોનું ગામ હાજાપર છેલ્લા બે વર્ષથી હરણફાળ પ્રગતિ -વિકાસના પંથે જઈ રહ્યુ છે. ઉદાહરણરૂપે હાલ યાદવ અને પરમાર (પીઠળ)ના માતાજીની અસીમ કૃપાથી બંન્ને મંદિરો રૂપિયા ૭૦ લાખથી વધુ ખર્ચથી નવનિર્માણ પામેલ છે. આથી અગાઉ વરૂના માતાજીનું મંદિર ખૂબ જ સુંદરરૂપે બિરાજમાન છે.

છેલ્લે એક વર્ષથી "હાજાપર નવા સમાજભવન "બનાવવાની દીર્ઘદૃષ્ટી અને ભવિષ્યને ધ્યાનમાં રાખી યોજના બની રહી છે, હાજાપર ઘટકના કોરકમિટીના આ અટલ નિર્ણયના એક ભાગરૂપે આપણું લગભગ ૯૦ વર્ષ જુનુ સમાજભવન હતું તે જ, જગ્યાએ ફરી સમાજભવન નવનિર્માણ થઈ રહ્યુ છે....

ખાસ વિશેષમાં જણાવવાનુ કે આપણા જુના સમાજભવનની બાજુમાં ૨ થી ૩ મકાનો-વંડીઓ આપણી જ જ્ઞાતી સમાજનાં આવેલ હતા, જે વર્ષોથી ખંડેર હાલતમા જ હતા, જે વર્ષ ૨૦૦૧મા કચ્છમાં આવેલ વિનાશકારી ભૂકંપમાં આ સર્વે મકાનો-વંડીઓ જમીનદોષ થઈ ગયેલ હતા. વિશેષમાં જણાવવાનું કે, અસમાજીક તત્વોના બચાવરૂપે હાલ નવા સમાજભવનની ચારેબાજુ અંદાજે ૭૦ હજારના ખર્ચે J.C.B. દ્વારા સંપૂર્ણ સફાઈ કરી, R.C.C. થાભલાઓ સાથે લોખંડની કાટાંળી જાળી હાજાપર ઘટક દ્વારા સુરક્ષાની દ્રષ્ટિએ બાંધવામાં આવેલ છે. અફસોસ સાથે જણાવવાનું કે આજે ૨૨ વર્ષથી આ મૂળ માલિકો સંભાળ ના લેતા, આ વિષે જાણકારી પંચાયત પાસે પણ નથી. હાજાપર ઘટકના પ્રયાસરૂપે અમોએ પણ આ બાબત જુના સ્થાનિક રહેવાસી પાસેથી જમીન વિષે જાણકારી મેળવવાની કોશીષ કરેલ, પરંતુ છેલ્લા ૭૫ વર્ષથી રહેતા આપણા સમાજના તથા ઈતર જ્ઞાતીના કોઈ પરિવારને આ વિષે જાણકારી નથી...

એક સામાજીક નૈતિક ફર્જરૂપે અમો હાજાપર ઘટક કોર કમિટી "સેતુ સમાજ સંદેશ" દ્વારા આપણા સમાજનાભાઈઓને જાણકારી આપવામાં આવે છે કે, જો આપ પાસે આ જમીન બાબત સરકારી પંચાયતી સાબિતી હોય તો અમોને જરૂર જાણકારી આપો. હાજાપર કોર કમિટી આ બાબત આપશ્રીને ઘણી મદદરૂપ થશે. જરૂર જણાતા હાજાપર ઘટક પણ આ જમીન દાનરૂપે અથવા બજારભાવે લેવા વિચાર કરી શકે છે.

મિસ્ત્રી સમાજવાડી અને નાનજી ગોવિંદજી ટાંકની મિલકતની ચર્તુદીશામાં કોઈની મિલકત આવતી હોય તો જાણ કરવી .



ઘટક પ્રમુખ	મંત્રીશ્રી	ઉપપ્રમુખશ્રી
શ્રી નવીનભાઈ યાદવ	શ્રી ઈશ્વરલાલભાઈ પરમાર	શ્રી અર્જુનભાઈ પરમાર
મો.- ૯૮૨૧૮ ૪૦૧૫૯	મો.- ૯૩૧૨૯ ૦૯૩૦૬	મો.- ૯૯૦૯૩ ૨૧૫૫૬

હાજાપર નવનિર્માણ સમાજભવન એક બિલ્ડીગ નથી... પરંતુ હાજાપરવાસીઓનું આભૂષણરૂપી દિવ્યસપનારૂપી સાક્ષાત્કાર છે.
જ્યા પ્રેમ, આસ્થા અને આસ્તિત્વની વાત આવે ત્યા સંપતિ અને જરૂરિયાતને કોઈ સ્થાન નથી

॥ જય માતાજી ॥

શ્રી હંસવાહિની બ્રહ્માણી માતાજી ચૌહાણ પરિવાર – રેહા

:: ચૈત્રી અષ્ટમિ નિમંત્રણ ::

આથી રેહા ગામના ચૌહાણ નુખના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીના અનુયાયી ગોઠી પરિવારોને સહર્ષ જણાવવાનું કે, આગામી ચૈત્રી અષ્ટમિ કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીના સ્થાનક મધ્યે નીચેની વિગતે ઉજવવામાં આવશે. તેમાં ઉપસ્થિત રહી માતાજીના દર્શન કરવા સાથે મહાપ્રસાદ ગ્રહણ કરવા સહપરિવાર નિમંત્રણ છે.

:: નવરાત્રી પ્રારંભ તથા ઘટઃ સ્થાપન ::

વિક્રમ સં. ૨૦૭૯, ચૈત્ર સુદ-૧, તા. ૨૨/૩/૨૦૨૩,

બુધવાર, સવારે ૮.૩૦ કલાકે

:: હોમ-હવન/મહાઆરતી તથા સમુહ મહાપ્રસાદ ::

વિક્રમ સં. ૨૦૭૯, ચૈત્ર સુદ-૮,

તા. ૨૯/૩/૨૦૨૩, બુધવારના સવારે ૮.૦૦ થી ૧.૦૦ સુધી

સવારે ૮.૦૦ કલાકે **સ્થાપન તથા પૂજન,**

સવારે ૯.૩૦ કલાકે **હોમ–હવન**

બપોરે ૧૨.૩૦ કલાકે **મહાઆરતી,**

બપોરે ૧.૦૦ કલાકે : **નેવેધ/મહાપ્રસાદ**

મહાપ્રસાદના દાતાશ્રી :

સ્વ. વિશ્રામભાઇ રૂડાભાઇ ચૌહાણ પરિવાર – રેહા

હસ્તે પૌત્ર શ્રી નરેન્દ્રભાઇ રવજીભાઇ ચૌહાણ તથા

શ્રી રિતેશભાઇ શાંતિલાલ ચૌહાણ

:: નિમંત્રક ::

શ્રી અમરસીભાઇ ભીમજીભાઇ ચૌહાણ - માતાજીના ભુવા

શ્રી મોહનલાલ હીરજીભાઇ ચૌહાણ – પ્રમુખ

શ્રી બાબુલાલ સામજીભાઇ ચૌહાણ – ઉપપ્રમુખ

શ્રી નવિનભાઇ શીવજીભાઇ ચૌહાણ – ઉપપ્રમુખ

શ્રી વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણ – મંત્રી

શ્રી હેમરાજભાઇ હરિલાલ ચૌહાણ – સહમંત્રી

શ્રી દિલીપભાઇ ખેતસીભાઇ ચૌહાણ – ખજાનચી

તથા વ્યવસ્થાપક સમિતિના જય માતાજી

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ અંજારના જેઠવા કુટુંબના ગોઠી ભાઇઓ જોગ

:: ચૈત્રી અષ્ટમિ નિમંત્રણ ::



જય માતાજી સાથે જણાવવાનું કે, આપણા કુળદેવી પૂજ્ય શ્રી બ્રહ્માણી માતાજીના મંદિરે **સં. ૨૦૭૯, ચૈત્ર સુદ–૮, બુધવાર, તા. ૨૯–૩–૨૦૨૩ હવનાષ્ટમી**ના રોજે હોમ હવન તથા સમુહ નૈવેધ રાખવામાં આવેલ છે. આ શુભ ધાર્મિક પ્રસંગનો સૌ ગોઠી ભાઇઓએ દિકરી–જમાઇ સહિત લાભ લેવા ભાવભર્યું હાર્દિક નિમંત્રણ છે.

:: હોમ-હવન, મહાઆરતી તથા સમુહ મહાપ્રસાદ ::

વિક્રમ સં. ૨૦૭૯, ચૈત્ર સુદ-૮, તા. ૨૯/૩/૨૦૨૩, બુધવાર

હોમ–હવન : સવારે ૮.૩૦ કલાકે

શ્રીફળ હોમ : બપોરે ૧૨.૩૦ કલાકે

મહાઆરતી : બપોરે ૧૨.૪૫ કલાકે

મહાપ્રસાદ : બપોરે ૧.૦૦ કલાકે

મહાપ્રસાદ સ્થળ : શ્રી ક.ગુ.ક્ષ. (મિસ્ત્રી) સમાજ ભવન

અંજાર (કચ્છ)

:: વિશેષ નોંધ ::

હવનમાં બેસવા ઇચ્છતા ભાઇઓએ અગાઉથી પૂજારીશ્રી અથવા કાર્યકર્તા ભાઇઓને નામ નોંધાવી જાણ કરવી. બહાર ગામથી આવનાર ભાઇઓને રહેવાની સગવડ કરી આપવામાં આવશે. અગાઉથી જાણ કરવા વિનંતી.

:: સંપર્ક ::

શાંતિલાલ ગોપાલજી જેઠવા - મો. ૯૮૨૫૧ ૩૨૮૨૫

પરસોત્તમભાઇ રામજી જેઠવા - મો. ૯૪૨૬૨ ૧૭૮૫૧

બલરામભાઇ ત્રિકમજી જેઠવા - મો. ૯૮૯૮૩૭૦૩૫૯

શાંતિલાલ પ્રેમજી જેઠવા - મો. ૯૮૯૮૨૯૬૯૦૦



BHAVI CHANDRAKANT SOLANKI

DIVYAPRABHA, Plot No. 188, Ward 4/A, Rambaug Road.
ADIPUR(Kutch) – 370205(Taluka : Gandhidham, Gujarat)

DATE OF BIRTH
5th JANUARY 1992

PLACE OF BIRTH
KORBA(CHHATTISGARH)

TIME OF BIRTH
13:47 Hours

HEIGHT
5' 8"

COMPLEXION
FAIR

DESH MA GAM
KUMBHARIYA

GOTRA
BHARADWAJ

KULDEVI
CHAWAL MAA(DEVADIYA)

CONTACT(FATHER)
PHONE:
+91 – 9428080448(WatsApp), 6351189039

CONTACT(MOTHER)
PHONE:
+91 – 9586119484(WatsApp)

EMAIL:
cjsolanki@ymail.com

ABOUT ME
I have a very simple, active and social lifestyle and keen on trying new things every time. My passion is **Photography & Travelling** which gives me immense pleasure. For fitness, like to play Lawn Tennis, running and other sports. Love to Ride Motorbikes! I am a progressive thinker & respect each person's space & values. share a very special bond with all my friends & family who hold a special place in my life.

EDUCATION & OCCUPATION

B.E. COMPUTER ENGINEERING
SVIT, Vasad (Vadodara) – Gujarat.

Presently Working as: Solution Manager SAP (IT Software Services) in Triumph International GmbH – Munich City (Germany)

FAMILY BACKGROUND

CHANDRAKANT JAYANTILAL SOLANKI
FATHER
Retired Lecturer from Tolani Polytechnic(Electrical Dept.), Adipur
Adipur Ghatak Pramukh – KGK Samaj

CHETNA CHANDRAKANT SOLANKI
MOTHER
Working as an English Teacher in a Higher Secondary School, Adipur.

URJA CHANDRAKANT SOLANKI
YOUNGER SISTER – B.E Information Technology
Presently working as a Software Engineer at Meta (FACEBOOK), Zurich City (Switzerland - Europe)

PATERNAL FAMILY

1. MOTA PAPPA - VINAYKANT J. SOLANKI - Gaurav Photo Studio, Aurangabad - MH. (**Mob** : 9422202902, 8999857796)
2. KAKA - BAKUL J. SOLANKI, Retired Project Manager, IOC Refinery, Vadodara - GJ. (**Mob** : 9428973671)

MATERNAL FAMILY
DEEPAK AMARSHI CHAUHAN – MAMA
Deepak Opticals, Deendayal Market, Korba (C.G.)
Grandson of Late Amarshi Rajaram Chauhan, Sambalpur (Orissa).

PARTNER PREFERENCES

Looking for a life partner who is active, open minded, ambitious, energetic who can effectively balance professional and personal life with moral values & ethics. She should be able to enjoy every moment of life and try new things out. Should be willing to settle abroad as well.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ - ભુજ ઘટક સ્નેહમિલન તા. ૨૦/૧૧/૨૨ની તસવીર ઝલક

જ્ઞાતિ પ્રસાદના દાતાશ્રી : સ્વ. મહેશભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર



શ્રી કે.જી.કે. સમાજ મ્યુઝિક ગ્રુપ આયોજીત સંગીત મિલન-૨૦૨૨ વડોદરાની તસવીર ઝલક... તા. ૧૮ થી ૨૦/૧૨/૨૨



શ્રી કે.જી.કે. સમાજ મ્યુઝિક ગ્રુપ આયોજીત સંગીત મિલન-૨૦૨૨ વડોદરાની તસવીર ઝલક... તા. ૧૮ થી ૨૦/૧૨/૨૨



શ્રી કે.જી.કે. સમાજ મ્યુઝિક ગ્રુપ આયોજીત સંગીત મિલન-૨૦૨૨
વડોદરાની તસવીર ઝલક... તા. ૧૮ થી ૨૦/૧૨/૨૨



અખિલ ભારતીય યુવા મહામંડળની વાર્ષિક કારોબારી એવં સામાન્ય સભાની તસવીર ઝલક



અખિલ ભારતીય મહિલા મહામંડળની સામાન્ય સભા એવં પ્રિયદર્શીની એવોર્ડ સમારોહની ઝલક



મંગળ પરિચય



Sanam M. Taank

Father	:	**Manoharbhai Dayarambhai Taank**
Mother	:	**Hansaben M. Taank**
Ygr. Sister	:	**Trupti Gauravkumar Vadher** CA. Gaurav V. Vadher **Mo. 9833345081** (Kalyan - Mumbai)
D.O.B.	:	20 Dec. 1993
Time/Place	:	05:30 am - Gandidham
Height	:	5'5"
Qualification	:	B.Com. & Diploma in Export-Import
Occupation	:	Working with Parekh Group of Comp. (Parekh Marine Services Pvt. Ltd. - Gandhidham)
Income	:	4.6 Lac P.A.
Mataji	:	Shree Chamunda Maa
Gotra	:	Vatsya
G. Father	:	**Lt. Dayarambhai Gokuldas Taank**
G. Mother	:	**Lt. Daieben D. Taank**
Kaka	:	**Goverdhanbhai D. Taank** (Tumsar Rd. - Maharashtra) Mo. 09860614441
Nana	:	**Lt. Jethabhai Karsanbhai Rathod**
Nani	:	**Lt. Paaniben J. Rathod**
Mama	:	**Bepin J. Rathod - Mo. 9937072354** Jharsugda - Orrisa
Resi. Adrs.	:	Plot No. 804, DC-5, Adipur - 370205
Contact	:	**Manohar D. Taank - 9979534009** **Hansa M. Taank - 7383248373** **Vinodbhai L. Chauhan - Bhuj** **Mo. 9879150113**
Marital Status	:	**Divorced**



Himanshi Chawda

Father	:	**Lakshmikant Gokul Chawda** (Businessman)
Mother	:	**Neelam Chawda (Housewife)**
Date of Birth	:	15th January 1998
Time of Birth	:	09:25
Height	:	5'3"
Education	:	Bachelor's in Journalism and Mass Communication
Occupation	:	Senior Account Executive in Public Relations (Genesis BCW, Mumbai)
Kuldevi	:	Shri Brahmani Mataji and Shri Shikoter Mataji
Native	:	Sinogra
Gotra	:	Kashyap
Sibling	:	**Tanmay Chawda** (Ygr. Brother) Pursuing B.Com and CS
Contact	:	**9234605995 (Father)** **7004043914 (Mother)**
Permt. Adrs.	:	C/o. Lakshmikant Chawda Opp. SP Jain House, Katras Road, Matkuria, Dhanbad (Jharkhand) 826001

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ

નારી દર્પણ

C/o.શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી,
યોગેશ્વરધામ, ન્યુ એમ.ઈ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકી
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9825929591



શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

ગોંદિયા મુકામે યોજાયેલ અ.ભા.મહિલા મહામંડળની

કાર્યવાહક સમિતિ - સામાન્ય સભા તથા પ્રિયદર્શિની એવોર્ડ સમારોહનો અહેવાલ



ગોંદિયા ઘટકના સ્નેહમય આમંત્રણથી યોજાયેલ મહાસભાના વાર્ષિક અધિવેશન પ્રસંગે તા. ૩૦-૧૨-૨૦૨૨ના રોજ અ.ભા.મહિલા મહામંડળની કાર્યવાહક સમિતિની બેઠક શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ હતી. મહામંત્રી શ્રીમતી ગીતાબેન નટવરભાઈ ચૌહાણે સૌનું સ્વાગત કર્યા બાદ અધ્યક્ષશ્રી સાથે વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રીમતી પુષ્પાબેન ટાંક, ચેરપર્સન શ્રીમતી જ્યોતીબેન રાઠોડ, પૂર્વ પ્રમુખો શ્રીમતી પ્રતિમાબેન પરમાર તથા શ્રીમતી વંદનાબેન ટાંક, વિદર્ભ મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી નંદીનીબેન રાઠોડ, ગોંદિયા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન વેગડ સાથે અન્ય હોદ્દેદારો, શ્રીમતી રીટાબેન ચૌહાણ, શ્રીમતી ગીતાબેન ચૌહાણ, શ્રીમતી વંદનાબેન ચાવડા, શ્રીમતી પુનમબેન ટાંક, શ્રીમતી ઉર્મિલાબેન રાઠોડ, શ્રીમતી કલ્પનાબેન પરમાર, શ્રીમતી કનકબેન ટાંક, શ્રીમતી મીતાબેન રાઠોડ, શ્રીમતી કલ્પનાબેન પરમાર તથા શ્રીમતી પ્રિયંકાબેન રાઠોડએ દિપ પ્રાગટ્ય કરેલ હતું. પ્રમુખ સ્થાનેથી શ્રીમતી અમિતાબેન સોલંકીએ વર્ષ દરમ્યાન થયેલ પ્રવૃત્તિઓનો અહેવાલ આપી દરેક આયોજનોમાં બહેનો અને વિશેષ રૂપે દાતાશ્રીઓના સહયોગની પ્રશંસા કરી હતી. ગોંદીયાના આંગણે મહાસભાના અધિવેશન સાથે મહિલા મંડળની બેઠક વ્યવસ્થામાં ઉત્સાહપૂર્વક સહયોગ આપનાર ગોંદિયા મહિલા મંડળના હોદ્દેદારોને બિરદાવ્યા હતા. ત્યાર બાદ એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવેલ હતી. સભાનું સંચાલન મહામંત્રીઓ શ્રીમતી રીટાબેન ચૌહાણ અને શ્રીમતી ગીતાબેન ચૌહાણે કરેલ હતું. રાત્રે સૌએ સાંસ્કૃતિક કાર્યક્રમનો આનંદ માણેલ હતો. તા. ૩૧-૧૨-૨૦૨૨ના રોજ ગોંદિયા સમાજ ભવનના વિશાળ શામિયાણામાં અ.ભા.મહિલા મહામંડળની સામાન્ય સભાનું આયોજન કરવામાં આવેલ જેમાં કાર્યવાહક સમિતિમાં થયેલ કાર્યવાહીને બહાલી આપવામાં આવેલ હતી તેમજ બહેનોએ પોતાના વિચારો રજુ કરેલ હતા.

ત્યાર બાદ અ.ભા.મહિલા મહામંડળ દ્વારા યોજાયેલ પ્રિયદર્શની એવોર્ડ સમારોહનો પ્રારંભ કરવામાં આવેલ હતો. દિપ પ્રાગટ્ય બાદ અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી તથા મંચસ્થ પદાધિકારીઓનું ગોંદિયા મહિલા મંડળ દ્વારા અતિથિ સન્માન કરવામાં આવેલ હતું. પ્રિયદર્શિની એવોર્ડના પ્રારંભે અ.ભા.મહિલા મહામંડળ દ્વારા તૈયાર ડૉક્યુમેન્ટરી ''અતિતથી આજ : એક સોનેરી સફર'' બતાવવામાં આવેલ હતી. જેમાં અ.ભા.મહિલા મહામંડળના અત્યાર સુધીના તમામ પ્રમુખશ્રીઓનો કાર્યકાળ અને સેવા કાર્યોની વિગતો દશ્ય-શ્રાવ્ય માધ્યમથી બતાવાવમાં આવેલ હતા. જેમાં ઉદ્‌ઘોષક તરીકે કુ. ઝીલ વિનોદભાઈ ચૌહાણ - ભુજ તથા વિશેષ સહયોગી તરીકે શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ભુજએ પોતાનો સહયોગ આપેલ હતો. ત્યાર બાદ એવોર્ડ સમારોહ શરૂઆત

થતાં મહામંત્રીઓ શ્રીમતી રીટાબેન ચૌહાણ તથા શ્રીમતી ગીતાબેન ચૌહાણે સનમાનીત દરેક પ્રમુખશ્રીઓએ આપેલ સેવાઓનું સ્મરણ કરી સંચાલન કરેલ હતું. તથા સન્માન ગ્રહણ કરવા નિમંત્રીત કરેલ હતા. સ્વર્ગસ્થ પ્રમુખોનું મરણોતતર સન્માન કરવામાં આવેલ જ્યારે હાજર રહેલા શ્રીમતી પ્રતિમાબેન પરમાર, શ્રીમતી વંદનાબેન ટાંક, શ્રીમતી વેલુબેન ચાવડા, શ્રીમતી જ્યોતિબેન રાઠોડ તથા શ્રીમતી અમિતાબેન સોલંકીએ રૂબરૂમાં સન્માન ગ્રહણ કરેલ હતું. આ એવોર્ડના પ્રાયોજક દાતાઓ શ્રીમતી ચિત્રાબેન ખોડિયાર, શ્રીમતી રોહિણીબેન કિરીટભાઇ ચૌહાણ, શ્રીમતી જ્યોતિબેન પ્રભુલાલભાઇ પરમાર તથા શ્રીમતી કાજલબેન ઉમેશભાઇ ચૌહાણને તેમના સહયોગ બદલ સન્માનિત કરવામાં આવેલ હતા. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા મહાસભાના પ્રમુખશ્રી યોગેશભાઇ ચાવડાએ અ.ભા.મહિલા મહામંડળની પ્રવૃત્તિઓને બિરદાવી આવો સુંદર કાર્યક્રમ યોજવા બદલ ખુશી વ્યક્ત કરી હતી. સન્માનિત પ્રમુખશ્રીઓએ આભાર વ્યક્ત કરી પોતાના પ્રતિભાવો આપેલ હતા.

શ્રીમતી રીટાબેન ચૌહાણ, શ્રીમતી ગીતાબેન ચૌહાણ - મહામંત્રીઓ

પ્રિયદર્શિની એવોર્ડ સમારોહ - ગોંદિયા મધ્યે સન્માનિત અખિલ ભારતીય મહિલા મહામંડળના સુકાનીઓનો સેવાકાળ

સ્વ. ભાનુબેન જયરામભાઇ ચૌહાણ (૧૯૭૬ થી ૧૯૮૧)



સ્વ. ભાનુબેન ચૌહાણ એટલે આપણા સમાજને ઇશ્વર તરફથી ભેટ મળેલ અદ્‌ભૂત મહિલા પ્રતિભા... વિધવા બહેનોને સધવા જેવા અધિકારો અપાવવાની સાથે, સમાજના નારીવર્ગમાં ઉર્જાનો સંચાર કર્યો. વરસોથી ઘર કરી ગયેલા સામાજીક કુરિવાજોને દુર કરવા પ્રયત્નશીલ રહ્યા. ઘટકોની મુલાકાતો લઇ મહિલા મંડળોની સ્થાપના કરી બહેનોને મળીને તેમની શક્તિઓને જાગૃત કરી. આજે પણ અખિલ ભારતીય મહિલા મહામંડળ જેનું માનભેર અને પૂ.ભાનુમાંની સ્મૃતિમાં આયોજન કરે છે એ જીવન સૌરભ સંસ્કાર શિબીરના તેઓ પ્રણેતા અને સ્થાપક હતા. મર્યાદિત સુવિધાઓ અને સંપર્કની સમસ્યાઓ વચ્ચે પણ તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા અને એક નવા મહિલાયુગનો પ્રારંભ થયો.

સ્વ. પ્રભાબેન વિજયભાઇ રાઠોડ (૧૯૮૧ થી ૧૯૮૪)

સ્વ. કુસુમબેન છગનલાલ પરમાર (૧૯૮૪ થી ૧૯૯૦) સ્વ. જ્યોતિબેન કાંતિલાલ ટાંક (૧૯૯૦ થી ૧૯૯૩)


સ્વ. પ્રભાબેન


સ્વ. કુસુમબેન


સ્વ. જ્યોતિબેન

સમાજના સદ્‌ભાગ્યે પૂ. ભાનુબેનના ઉત્તરાધિકારી તરીકે પછીના સત્રમાં સમાજસેવી પરિવારના જાજરમાન મહિલાઓ સ્વ. પ્રભાબેન વિજયભાઇ રાઠોડ, સ્વ. કુસુમબેન છગનલાલભાઇ પરમાર તથા સ્વ. જ્યોતિબેન કાંતિલાલભાઇ ટાંકએ અખિલ ભારતીય મહિલા મહામંડળનું સુકાન સંભાળ્યું અને પૂજ્ય ભાનુબહેનના ચિંધેલા રાહ ઉપર નારી ઉત્કર્ષ અને સમાજસેવાના ધકાર્યો આગળ વધાર્યા. ઘટકે-ઘટકે ફર્યા અને બહેનોને જાગૃત કરી. ઘરમાં રહીને પરિવારને સાંચવતી અથવા પોષણ કરતી બહેનોને સામાજીક પ્રવાહમાં જોડવાનો પ્રયા કર્યો. ખોટી સામાજીક પરંપરાઓને તિલાંજલી અપાવીને નવી ચેતનાનો સંચાર કર્યો તેમજ સમાજસેવાના ક્ષેત્રે ઉદ્યમી અને સમર્પિત મહિલાઓની નવી પેઢી તૈયાર કરી.

શ્રીમતી સવિતાબેન રતીલાલ ચૌહાણ (૧૯૯૩ થી ૧૯૯૬)



ત્યાર બાદ અખિલ ભારતીય મહિલા મહામંડળને વિચારોમાં વિવિધતા ધરાવવાની સાથે નારી ઉત્કર્ષના ક્ષેત્રે સેવા આપનારા નવા પ્રમુખ તરીકે શ્રીમતી સવિતાબેન રતિલાલ ચૌહાણનું નેતૃત્વ મળ્યું. બહેનોના અંતરમનને સમજીને તેનું નિરાકરણ કરવાની સાથે વિવિધ પ્રકારની તાલીમો અને નિષ્ણાંતોના માર્ગદર્શન દ્વારા આર્થિક રીતે પગભર કરવાના ઉમદા પ્રયાસો શ્રીમતી સવિતાબેન ચૌહાણ દ્વારા કરવામાં આવ્યા. સમાજ સંગઠનને મજબુત બનાવવાની સાથે ઘટક સ્તેર બહેનો ખુબજ સક્રિય બની પોતાની કાર્ય કુશળતાનો પરિચય કરાવતા રહે તેવો સંદેશ આપ્યો. નવી ઉર્જા અને નવા વિચારોનો તેમણે બહેનોમાં સંચાર કર્યો.

શ્રીમતી પ્રતિમાબેન ભુપેન્દ્રભાઇ પરમાર (૧૯૯૬ થી ૧૯૯૯)



શ્રીમતી સવિતાબેન ચૌહાણના અનુગામી તરીકે એવા જ પ્રતિભાવાન તથા સેવા-સંગઠન અને સ્નેહની સાક્ષાત પ્રતિમા સમાન રાઉરકેલા ઘટકના સમાજસેવી પરિવારના શ્રીમતી પ્રતિમાબેન ભુપેન્દ્રભાઇ પરમારે પ્રમુખ પદનો ભાર સંભાળ્યો. પોતાના મહિલા ઉત્કર્ષના વિચારોને પ્રતિબિંબિત કરીને સમાજના મહિલા વર્ગમાં ઉર્જાનો સંચાર કર્યો. બહેનોને રૂબરૂ મળીને તેમની સમસ્યાઓ જાણી. તેના નિરાકરણના પ્રયાસો કર્યા. કુરિવાજોને તિલાંજલી અપાવવાની સાથે પોતાની સામાજીક અને પારિવારિક જવાબદારીઓ નિભાવવી બહેનોને પ્રેરિત અને માર્ગદર્શિત કર્યા.

શ્રીમતી જમુનાબેન દામજીભાઇ વરૂ (૧૯૯૯ થી ૨૦૦૨)



શ્રીમતી પ્રતિમાબેન પરમારના અનુગામી તરીકે 'સમાજરત્ન' સ્વ. હીરજીબાપા પણ જેમને પોતાની માનસ પુત્રી તરીકે ઓળખાવતાં ગર્વ અનુભવતા તેવા અનોખા મહિલા વ્યક્તિત્વ શ્રીમતી જમુનાબેન દામજીભાઇ વરૂએ અખિલ ભારતીય મહિલા મહામંડળના નવા પ્રમુખશ્રી તરીકે સુકાન સંભાળ્યું. મહાસભાની સ્થાપનાના પાયાના પથ્થર એવા શ્રીમતી જમુનાબેન વરૂ એક અનુભવી મહિલા અગ્રણી હોવાની સાથે ખુબજ આકર્ષક વક્તા પણ હતા. પોતાના અનોખા અને બુલંદ અવાજમાં સંબોધન કરે ત્યારે સૌ તેમને ધ્યાન અને માનથી સાંભળતા. બહેનોની શક્તિઓને ઉજાગર કરી તેમને સંગઠીત બનાવવાનું ભગીરથ કાર્ય તેમણે કર્યું. કચ્છમાં આવેલા ગોઝારા ભુકંપ સમયે ખડેપગે હાજર રહી અસરગ્રસ્ત સમાજબાંધવોને મદદરૂપ બન્યા. તેમના આંસુ સાર્યા

શ્રીમતી મીનાબેન ગોપાલભાઇ ચૌહાણ (૨૦૦૨ થી ૨૦૦૫)



અને ત્યા પછી પ્રમુખ પદ સંભાળ્યું સ્વાસ્થ્ય સંબંધી ઉંડું જ્ઞાન ધરાવતા મહિલા અગ્રણી શ્રીમતી મીનાબેન ગોપાલભાઇ ચૌહાણ - કલ્યાણ એ. મહિલા મહામંડળના માળખામાં વિવિધ પદો ઉપર રહીને સેવા આપનાર શ્રીમતી મીનાબેને સમાજને સુત્ર આપ્યું ''સ્વસ્થ શરીર - સ્વસ્થ સમાજ'' પોતાના કાર્યકાળમાં વિવિધ ઘટકોના પ્રવાસ સાથે બહેનોનો સંપર્ક કરી સેવા અને સંગઠનની ભાવના મજબુત બનાવી, નેચરોપથી અને એક્યુપ્રેશરના કેમ્પો કરી સેવા સાથે સ્વાસ્થ્ય સંબંધી માર્ગદર્શન આપ્યું. પારિવારિક મતભેદો અને સમસ્યાઓનું નિવારણ કરવાના પ્રયત્નો સાથે અખિલ ભારતીય મહિલા મહામંડળ માટે નોંધપાત્ર ફંડ ઉભું કર્યું સાથે સમાજમાં ધાર્મિકતા અને આધ્યાત્મિકતાનો પ્રચાર કર્યો.

શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાકટર (૨૦૦૫ થી ૨૦૦૮)



શ્રીમતી મીનાબેનના અનુગામી તરીકે વિચારોમાં વિવિધતા ધરાવવાની સાથે નક્કર પરિણામો માટે સદા પ્રયત્નશીલ રહેતા શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાકટરએ પ્રમુખપદ સંભાળ્યું. પોતાની આગવી છટાથી સમાજની બહેનોના હૃદય સુધી પહોંચ્યા અને તેમના આત્મવિશ્વાસમાં વધારો કર્યો. વિવિધ મહિલા મંડળોની મુલાકાત લઇ બહેનોના પ્રશ્નોને સમજ્યા અને તેનું નિરાકરણ કરવાનો પ્રયાસ કર્યો. સમાજની દિકરીઓમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ વધે તે માટે પ્રયત્નશીલ રહ્યા. ઘટક, પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરે યોજાતા વિવિધ આયોજનોમાં બહેનો ઉત્સાહપૂર્વક ભાગ લઇ પોતાની આવડત અને શક્તિઓનું પ્રદર્શન કરે તેવું પ્રોત્સાહન આપ્યું.

શ્રીમતી વંદનાબેન રસિકભાઇ ટાંક (૨૦૦૮ થી ૨૦૧૧)



અને ત્યાર બાદ બાલાઘાટ નિવાસી શ્રીમતી વંદનાબેન રસિકભાઇ ટાંકએ પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળ્યો. મધુરવાણીના સ્વામિની અને કુશળ વક્તા એવા વંદનાબેને પાયાના સ્તરેથી મહિલાઓ સક્રિય અને મજબુત બને તેવા પ્રયત્નો કર્યા. સમાજ-પરિવાર અને વ્યવસાયના ક્ષેત્રે સમતુલન જાળવી સમાજનો નારી વર્ગ કઇ રીતે સફળ બને તેનું માર્ગદર્શન આપ્યું. બહેનોમાં રહેલી અપાર શક્તિઓ બહાર આવે તે માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કર્યું તેમજ બહેનોમાં સંપ-સંગઠન-સ્નેહ અને સમાજસેવાની ભાવના પ્રબળ બને તેવા પ્રયાસો કર્યા. સમાજમાંથી અંધશ્રદ્ધા, ખોટી માન્યતાઓ અને કુરિવાજો દુર થાય તે માટે પ્રયત્નશીલ રહ્યા અને તેના વિશે બહેનોને સાચી સમજણ આપી. સમાજની બહેનોના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેવાની સાથે તેમને મદદરૂપ બનતા રહ્યા.

સ્વ. હર્ષાબેન નરેન્દ્રભાઈ ચૌહાણ (૨૦૧૧ થી ૨૦૧૪)



શ્રીમતી વંદનાબેનના અનુગામી તરીકે અખિલ ભારતીય મહિલા મહામંડળનું પ્રમુખપદ શ્રીમતી હર્ષાબેન નરેન્દ્રભાઇ ચૌહાણ - જયપુરએ સંભાળ્યું. સમાજસેવાના ગુણો જેમને પારિવારિક વારસામાં મળેલા તેવા વર્ષાબેન એક નવી સોચ સાથે પોતાની જવાબદારીઓ સંભાળતા રહ્યા. સમાજના નારીવર્ગ સાથે સતત સંપર્કમાં રહી તેમને ઉત્સાહિત કરતા રહ્યા. વિવિધ સ્પર્ધાઓના માધ્યમથી બહેનોમાં છુપાયેલી અપાર શક્તિઓ બહાર આવે તેવા આયોજનો કર્યા તેમજ રોજગારલક્ષી માર્ગદર્શક બની બહેનોને આર્થિક રીતે પગભર બનાવવાના પ્રયાસો કર્યા.

શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભાઈ રાઠોડ (૨૦૧૪ થી ૨૦૧૭)



સ્વ. હર્ષાબેનના અનુગામી તરીકે સમાજના બહુમુખી મહિલા વ્યક્તિત્વ શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભાઇ રાઠોડે અખિલ ભારતીય મહિલા મહામંડળનું પ્રમુખપદ સંભાળ્યું. ''શ્રદ્ધા, વિશ્વાસ અને સદ્‌વિચાર, નારી શક્તિનો છે આધાર''ના સાર્થક સુત્ર સાથે શ્રીમતી જ્યોતિબેન રાઠોડે પોતાના કાર્યકાળ દરમિયાન સદ્‌ભાવ, સ્વાસ્થ્ય, શિક્ષણ, સંસ્કારિતા અને સ્વાવલંબનના ક્ષેત્રે ખુબજ પ્રસંશનીય સેવાઓ આપી. ધર્મ, આધ્યાત્મ, ચિકિત્સા અને રોજગાર વિષયક ઉંડું જ્ઞાન ધરાવતા શ્રીમતી જ્યોતિબેને પોતાનામાં રહેલી અખુટ શક્તિઓનો સમાજના મહિલા વર્ગના ઉત્કર્ષ માટે સતત ઉપયોગ કર્યો. એક ઉત્તમ વક્તા તરીકે પોતાની સાર્થક અને જીવન ઉપયોગી વાણીના માધ્યમથી સૌને પ્રભાવિત કરવાની સાથે માર્ગદર્શન આપતા રહ્યા અને સમાજ તથા નારીવર્ગના ઉત્કર્ષ માટે સતત વિચારોનું વાવેતર કરતા રહ્યા.

શ્રીમતી વેલુબેન નારાયણભાઈ ચાવડા (૨૦૧૭ થી ૨૦૨૦)



શ્રીમતી જ્યોતિબેનના અનુગામી તરીકે રાયપુરના ધીર-ગંભીર, સરલ અને સૌમ્ય સ્વભાવના ધની શ્રીમતી વેલુબેન નારાયણભાઇ ચાવડાએ અખિલ ભારતીય મહિલા મહામંડળનું સુકાન સંભાળ્યું. શ્રીમતી વેલુબેનએ મહિલાઓને જાગૃત કરવાની સાથે ઘેર બેઠા સ્વાસ્થ્યની, ચિકિત્સા થાય તે હેતુથી હાલના સમયમાં જેની ખાસ જરૂર છે તેવા બ્લડપ્રેશર અને સુગર માપવાના મશીનોનું મહિલા મંડળોમાં નિઃશુલ્ક વિતરણ કર્યું. અનેક જગ્યાએ માર્ગદર્શન શિબિરોનું આયોજન કર્યું. તેમના કાર્યકાળના અંતિમ વર્ષમાં કોરોનાની ભયંકર મહામારી શરૂ થતાં વર્ચ્યુઅલ માધ્યમથી સમાજ અને બહેનોના સંપર્કમાં રહી હિમ્મત આપી. પોતાની ટીમને અનેરૂં નેતૃત્વ પુરૂં પાડી સમાજ સેવાના કાર્યો કર્યા. બહેનોને જીવન ઉપયોગી માર્ગદર્શન મળી રહે તે માટે સતત ચિંતિત અને પ્રવૃત્તિમય રહ્યા.

શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકી (૨૦૨૧ થી ૨૦૨૩)



વર્તમાન સત્રના પ્રારંભે કોરોના કાળની કપરી સ્થિતિમાં શ્રીમતી વેલુબેન ચાવડાના અનુગામી તરીકે એવાજ કાર્યદક્ષ પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી - ભુજએ પોતાનો કાર્યભાર સંભાળ્યો. સૌથી પ્રથમ તેમણે અનુભવી અને ઉત્સાહી ટીમનું ગઠન કર્યું. હોદ્દેદારો ઉપરાંત નવ જેટલી વિવિધ સમિતિઓ બનાવી. દરેક સમિતિને તેમના વિષય અનુસાર મહિલા વર્ગ અને સમાજ ઉપયોગી આયોજનો કરવા માટે પ્રેરિત કર્યા. સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ સામુહિક આયોજનો પ્રતિબંધિત હતા ત્યારે ઉત્સાહી અને ઉર્જાવાન પ્રમુખ એવા શ્રીમતી અમિતાબેન સોલંકીએ ઓનલાઇન માધ્યમથી ઘરમાં જ રહેવા મજબુર બનેલા પરિવારો અને બહેનોને સદા પ્રવૃત્તિમય રાખ્યા. અલગ અલગ વિષયો પરની સ્પર્ધાઓના આયોજનો ઉપરાંત સ્વાસ્થ્ય સંબંધી માર્ગદર્શન, ઉત્સવોની ઉજવણી, પ્રિયદર્શિની એવોર્ડ વિતરણ, રમત-ગમત સ્પર્ધા સાથે ધર્મ અને આધ્યાત્મ જ્ઞાનમાં વધારો થાય તેવા કાર્યક્રમોનું આયોજન કર્યું. તેમના નેતૃત્વ હેઠળ અખિલ ભારતીય મહિલા મહામંડળે આયોજીત કરેલ ઓનલાઇન મ્યુઝિકલ હાઉઝી કાર્યક્રમ ખુબજ સફળ અને લોકપ્રિય રહ્યો. કોરોના કાળમાં આ કાર્યક્રમે લોકોન તનાવમુક્ત બનાવ્યા અને ખુબજ મનોરંજન પિરસ્યું. આ કાર્યક્રમના આયોજનને ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકર્ડ દ્વારા મ્યુઝિકલ હાઉઝીમાં સૌથી વધુ ઓનલાઇન સભ્યોને જોડવાનો વર્લ્ડ રેકર્ડ સ્થાપવાનો એવોર્ડ મળ્યો. જે આપણા સમાજ માટે ખુબજ ગર્વની વાત છે. આ સિવાય કોરોનાની સ્થિતિ હળવી થતાં વિવિધ ઘટકોની મુલાકાત લઇ બહેનો સાથે વાર્તાલાપ કર્યો. તેમના વિચારો જાણી અમલ કરવાનો પ્રયાસ કર્યો. સંસ્કાર શિબીરો અને માર્ગદર્શન કાર્યક્રમોનું આયોજન કર્યું. પાયાના કાર્યકરથી અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ પદ રૂપી સર્વોચ્ચ પદે પહોંચેલા અમિતાબેનના કાર્યકાળનું હજી એક વર્ષ બાકી છે... જેમાં ટીમ અમિતાબેન તરફથી ઘણા સમાજ ઉપયોગી કાર્યો થશે. ''સંસ્કાર-સેવા સાધના.. એજ નારીની આરાધના...''નું સુત્ર વધુને વધુ સાર્થક થશે.

રાયગઢ મહિલા મંડળ

સર્વે બહેનોના મનોરંજન માટે મહિલા મંડળ દ્વારા વન-વિહારનું આયોજન કરવામાં આવ્યું હતું. દિનાંક ૧૮-૧૨-૨૦૨૨ના રોજે સર્વે બહેનોએ વન વિહારનો આનંદ મેળવ્યો. નાની-મોટી બહેનો એક સાથે બેસીને રમત-ગમત અને હાઉઝીનો આનંદ લીધો. સર્વે સાથે બેસી સામુહિક ભોજનનો લાભ લીધેલ. રમત-ગમતમાં ભાગ લીધેલ બહેનોને પ્રથમ, દ્વિતીય, તૃતિય પુરસ્કાર આપવામાં આવેલ. રમત-ગમતમાં રમતી મોટી બહેનોને એટલો આનંદ આવ્યો. જાણે તેઓ



પોતાની ઉંમરથી ૧૦ વર્ષ નાના થઇ ગયેલ હોય. છેલ્લે સહુ એકબીજાનો આભાર આપી સ્વસ્થાન માટે વિદાય લીધી.

જબલપુર મહિલા મંડળ

જબલપુર મહિલા મંડળ દ્વારા તા. ૨૮ જાન્યુઆરીના ખુબજ સરસ પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. જબલપુરથી ૨૦ કી.મી. દુર પરિયટ ડેમમાં સવારે સમાજ ભવનથી બધા સદસ્ય બસ દ્વારા પહોંચ્યા હતા. હાઉઝી અને બધા ઉંમર ગ્રુપ માટે સરસ ગેમ્સ રમાડવામાં આવ્યા હતા. અમારા સાથે કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના પ્રથમ મહિલા પાર્ષદ ડિમ્પલબેન પણ હતા.

સવારનો નાસ્તો અને બપોરના ભોજનની વ્યવસ્થા મહિલા મંડળ દ્વારા કરવામાં આવી હતી. જબલપુર મહિલા



મંડળના પ્રમુખ જયશ્રીબેન અને મંત્રી રૂપલબેન દ્વારા પુરસ્કાર આપવામાં આવ્યા હતા. આખો દિવસ વિતાવ્યા પછી સાંજે ૫ વાગ્યે પુનઃ સમાજવાડી પ્રસ્થાન કર્યું હતું.

ઉદયપુર મહિલા મંડળ

ઉદયપુર મહિલા મંડળ અંતર્ગત દર મહિને બધા બહેનો દ્વારા એક્ટીવીટી કરવામાં આવે છે. જેમાં દર મહિને અલગ અલગ હાઉસની એક્ટીવીટી રાખવામાં આવે છે. જેમાં વાઇટ હાઉસ અંતર્ગત સીમાબેન રાઠોડના ઘરે તા. ૯-૧૦-૨૦૨૨ના શરદપૂર્ણિમાના દિવસે માતાજીનો પ્રસાદ બનાવવાની પ્રતિયોગીતા રાખવામાં આવેલ. ભજન-કિર્તન કરી મીટીંગની શરૂઆત કરેલ. બધા બહેનો ખુબ સ્વાદિષ્ટ પ્રસાદ બનાવીને આવ્યા હતા. નિર્ણય લેવા માટે બે જજ પણ રાખવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ સીમાબેન શિવલાલભાઇ રાઠોડ, દ્વિતીય જાગૃતિબેન ધીરજભાઇ યાદવ અને ત્રીજા સ્થાન પર કાજલબેન ચેતનકુમાર ચૌહાણ વિજેતા રહેલ અને પ્રોત્સાહન પુરસ્કાર પણ આપવામાં આવ્યા હતા. ત્યાર બાદ દાબેલી ખાવાનો આનંદ લઇને માધવીબેન ધર્મેશભાઇ રાઠોડ અને તેમની ટીમનો ધન્યવાદ કરી સૌ છુટા પડ્યા હતા.

તા. ૫-૧૨-૨૦૨૨ના રોજ ડિમ્પલબેન વિકાસભાઇ



પરમારને ત્યાં મહિલા મંડળની સામાન્ય સભા રાખવામાં આવી હતી. મીટીંગમાં બધા બહેનોની ઉપસ્થિતિ રહેલ. સૌ પ્રથમ સરપ્રાઇઝ ગેમ રમાડવામાં આવેલ. જેમાં આશાબેન નરેન્દ્રભાઇ ચૌહાણ અને જિજ્ઞાબેન મિહિરભાઇ ચૌહાણ વિજયી રહેલ. ત્યાર બાદ ભજન-કિર્તન કરી મીટીંગ આગળ વધારવામાં આવેલ. બધાય બહેનોએ હાઉસી રમવાનો આનંદ લીધો હતો. ત્યાર બાદ ગેમ રમાડવામાં આવી જેમાં હંસાબેન પ્રદ્યુમનભાઇ ચૌહાણ, જિજ્ઞાબેન મિહિરભાઇ ચૌહાણ અને પૂર્ણિમાબેન અમિતભાઇ પરમાર વિજયી રહેલ. ત્યાર બાદ આલુવડા,

ગુલાબજાંબુનો આનંદ લીધો. વિજયી રહેલ બધા બહેનોને ઇનામ આપવામાં આવેલ. ત્યાર બાદ ડિમ્પલબેનનો આભાર વ્યક્ત કરી સૌ રાજીખુશી છુટા પડ્યા હતા.

ઉદયપુર મહિલા મંડળની મીટીંગ તા. ૧૧-૧૨-૨૦૨૨ના રોજ દેવશ્રીબેન ચૌહાણ તરફથી સુખડીયા ગાર્ડનમાં રાખવામાં આવી હતી. સૌપ્રથમ સરપ્રાઇઝ ગેમ રમાડવામાં આવેલ. જેમાં આશાબેન ચૌહાણ વિજેતા રહેલ. ત્યાર બાદ પ્રમુખ શ્રીમતી આશાબેન ચૌહાણે બધા બહેનોને સંસ્કાર શિબિર વિશે માહિતિ આપી. ત્યાર બાદ દેવશ્રીબેને પ્લેનકાર્ડની ટ્વીસ્ટર વાળી બહુ સુંદર ગેમ રમાડી હતી. જેમાં પ્રથમ ભાવનાબેન ચૌહાણ અને બીજા સ્થાને આશાબેન ચૌહાણ અને ત્રીજા સ્થાને આરતીબેન ચૌહાણ વિજેતા રહેલ. વિજેતા બહેનોને દેવશ્રીબેન અને તુલસીબેન ચૌહાણથી સરસ મજાનું



ગીફ્ટ આપી તાડીઓના ગડગડાટ સાથે પ્રોત્સાહન આપવામાં આવેલ. ત્યાર બાદ દાબેલી, અડદીયા અને ચિપ્સનો સ્વાદ માણ્યો હતો અને ગરમ ચાનો સ્વાદ લીધો હતો અને દેવશ્રીબેન ચૌહાણ, તુલસીબેન ચૌહાણનો આભાર વ્યક્ત કરી સૌ બહેનો રાજીખુશીથી છુટા પડ્યા હતા.

વર્ધા મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી, શ્રીમતી પુષ્પાબેન ટાંક સલાહકાર સમિતિ અધ્યક્ષ શ્રીમતી વંદનાબેન ટાંક, કોષાધ્યક્ષ શ્રીમતી મીનાબેન વેગડ, વિદર્ભ પ્રાદેશિક સમિતિ મહિલા મંડળના પ્રમુખ નંદનીબેન વર્ધા ઘટકની શુભેચ્છા મુલાકાતે પધાર્યા હતા. સાદર સત્કાર સાથે સ્વાગત ગીત દ્વારા મહેમાનોને આવકારવામાં આવ્યા હતા. વર્ધા ઘટકની બહેનોએ આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. વર્ધા મહિલા મંડળના પ્રમુખ મીનાબેન જેઠવા, મંત્રી નેતલબેન ચૌહાણ, ખજાનચી વર્ષાબેન ચાવડાએ ભાગ લીધો હતો. વર્ધા



ઘટક પ્રમુખ શ્રી હરીશભાઇ પરમાર સાથે મંત્રી શ્રી પ્રેમભાઇ જેઠવા એ હાજરી આપી હતી. નેતલબેન ચૌહાણે બધાનો આભાર માન્યો હતો.

ગાંધીધામ મહિલા મંડળ



ગાંધીધામ મહિલા મંડળ દ્વારા ડિસેમ્બર મહિનામાં નાના બાળકો માટે વેશભુષા હરીફાઇ યોજવામાં આવી હતી. જેમાં ૧૫ વર્ષ સુધીના નાના પ્યારા પ્યારા ભુલાકાઓએ ખુબજ ઉત્સાહથી ખુબજ સુંદર પાત્રોમાં રજુઆત કરી હતી. નોંધનીય બાબત એ હતી કે રીપીટ પાત્રમાં ફૌજી અને મોદી સાહેબ સિવાય તમામ અલગ અલગ કોઇ ભગવાન વામન, કૃષ્ણ, રામ ભગવાન તો કોઇ ક્રાંતીવીર સુભાષચંદ્ર બોઝ, સ્વામી વિવેકાનંદ, ઝાંસીની રાણી, ભારતમાતા તેમજ પર્યાવરણનો સંદેશ આપતા વૃક્ષ, પ્લાસ્ટીકના ગેરફાયદા સમાચાર પત્રના સંદેશ એવા અનેક વિવિધતા સાથે વેશભુષાની રજુઆત થઇ હતી. આ હરીફાઇમાં ૧ થી ૯ વર્ષ સુધીના બાળકોમાં પ્રથમ ક્રમે તિલક ચૌહાણ (વૃક્ષ), દ્વિતીય - જીયાંશ ચૌહાણ (આર્મી સોલ્જર), તૃતિય



નીલ પરમાર (નરેન્દ્ર મોદી) અને ૯ થી ૧૫ વર્ષમાં પ્રથમ સાંચી ચૌહાણ (ઝાંસીની રાણી), દ્વિતીય વિધિ પરમાર (પેપરડોલ) અને તૃતિય દેવ ચાવડા (સુભાષચંદ્ર બોઝ) વિજેતા થયા હતા. તમામ વિજેતાઓને પુરસ્કાર આપી નવાજવામાં આવ્યા હતા અને ભાગ લેનાર દરેક બાળકને પ્રોત્સાહન ઇનામ આપવામાં આવ્યા હતા.

ત્યાર બાદ ગેમ રમાડી આનંદ સાથે અલ્પાહાર લીધો સૌ બાળકો અને બહેનોએ ઉત્સાહ સાથે ખુબ મજા કરી આ પ્રસંગને યાદગાર બનાવ્યો હતો.

પ્રમુખ શ્રીમતી પ્રતિમાબેન પરમારે આ પ્રસંગે કહ્યું હતું કે, આ પ્રોગ્રામ દ્વારા નાના બાળકોને સ્ટેજ પર આવી તેમનો ડર દુર થાય અને સાથે ઉત્સાહવર્ધન પણ થાય એ આપણો હેતુ સફળ થયો હોય એમ લાગે છે. મંત્રી શ્રીમતી હીનાબેન પરમાર સાથે સૌ કારોબારી બહેનોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત લીધી હતી એ માટે અભિનંદન આપ્યા અને મંત્રી હીનાબેન પરમારના આભારવિધી સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

આદિપુર મહિલા મંડળ

તા. ૮-૧૨-૨૦૨૨, ગુરૂવારના રોજ આદીપુર ઘટક, મહિલા મંડળ દ્વારા શ્રીમતી ત્રિવેણીબેન ટાંકના ઘરે મહિલા મંડળની મીટીંગ તેમજ કીટી પાર્ટીનું આયોજન કરવામાં આવેલ. પ્રભુ પ્રાર્થના બાદ ઠંડીમાં ગરમા-ગરમ મનચાઉ સુપથી વેલકમ કરવામાં આવેલ. ત્યાર બાદ વન મીનીટ ગેમ રમાડેલ તેમાં શારદાબેન ચૌહાણ અને મિતલબેન ચૌહાણ વિજેતા થયેલ. તેમને ઇનામ આપવામાં આવેલ. તેમજ બે સરપ્રાઇઝ ઇનામ પણ આપવામાં આવેલ. તેમાં નેહાબેન રાઠોડ અને હીનાબેન ચાવડાને ઇનામ આપવામાં આવેલ. ત્યાર બાદ હાઉઝી ગેમ



રમેલ. બધાને નાસ્તો આપવામાં આવેલ. મહિલા મંડળ દ્વારા તા. ૨૪-૧૨-૨૦૨૨ના રોજ અડદીયા બનાવવાનું આયોજન કરેલ હતું. આદીપુર ઘટકના જુદા જુદા સભ્યો દ્વારા ૨૫૦ કિલો અડદીયાના ઓર્ડર નોંધાયેલ. મહિલા મંડળની કારોબારી સભ્યોના સાથ-સહકારથી આયોજન પૂર્ણ કરેલ.

મુંબઇ (મુલુન્ડ) મહિલા મંડળ

મુંબઇ (મુલુન્ડ) મહિલા મંડળની દર મહીને મીટીંગ થાય છે. તેમાં સૌ પ્રથમ ત્રણ વખત 'ૐ' બોલીને ૧૫મો અધ્યાય, ગાયત્રી ચાલિસા પાઠ, હનુમાન ચાલિસા પાઠ અને ચાર ભજન કરીએ છીએ. ત્યાર બાદ મીટીંગની શરૂઆત કરીએ છીએ. તા. ૧૭ સપ્ટેમ્બરના વંદનાબેન પરમારને ત્યાં દાંડિયા સજાવવાની કોમ્પીટીશન રાખેલ હતી અને ૨૦ ઓક્ટોબરના ચંદનબેન ચૌહાણના ઘરે હતી ત્યાં નવરાત્રી નિમિત્તે બધા બહેનો ગરબા રમ્યા હતા. ડ્રેસ કોડ બાંધણીની સાડી પહેરવાની રાખી હતી. ત્યાર બાદ ૧૦ ડિસેમ્બરના વંદનાબેન ટાંક અને ૭



જાન્યુઆરીના મીનાબેન ટાંકના ઘરે મીટીંગ રાખેલ હતી. બીજું જે મહીને મીટીંગ હોય એ મહીનામાં જે બહેનોનો બર્થડે આવતો હોય તે બહેનોને મહિલા મંડળ તરફથી ગીફ્ટ આપીને સન્માન કરીએ છીએ તે બહેનો પણ મંડળને જન્મદિવસ નિમિત્તે ભેટ આપે છે. એ ભેટ મહિલા મંડળ દાન ધર્મમાં વાપરે છે. જેમ કે

અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ, ગૌશાળામાં જેમના ઘરે મીટીંગ હોય એ બહેનો બધાને ગેમ રમાડે છે અને ફર્સ્ટ, સેકન્ડ, થર્ડ પ્રાઇઝ પણ આપે છે.

અંતમાં બધા બહેનો સ્વાદિષ્ટ નાસ્તાનો આનંદ લે છે. અંતમાં મહિલા મંડળના મંત્રીશ્રીએ બહેનોનો આભાર વ્યક્ત કરે છે અને આમ મીટીંગનો આનંદ માણીને બધા બહેનો છુટા પડેલ.

વિદર્ભ પ્રા. મહિલા મંડળ

ચૌહાણ એ તા.૨-૧-૨૦૨૩, અને ૩-૧-૨૦૨૩ના રોજ વિદર્ભ અંતગેત આવતા તુમસર ઘટક મહિલામંડળ,ચંદ્રપૂર-







શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ ના પ્રમુખ શ્રીમતિ અમિતાબેન સોલંકી, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રીમતિ પુષ્પાબેન ટાંક, સલાહકાર તથા આધ્યાત્મિક સમિતી ના અધ્યક્ષ શ્રીમતિ વંદનાબેન ટાંક, કોષાધ્યક્ષ શ્રીમતિ મીનાબેન વેગડ સાથે વિદર્ભ પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી નંદિની બેન બલારશા ઘટક મહિલા મંડળ,તેમજ વર્ધા ઘટક મહિલા મંડળ ની શુભેચ્છા મુલાકાત લીધેલ હતી.અહીં તેમનો ખુબ આદર સત્કાર કરવાની સાથે સમાજ ચિંતન કરવામાં આવેલ હતું. આ પ્રવાસના પ્રાયોજક વિદર્ભ પ્રાદેશિક પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઇ રણજીતભાઇ પરમાર હતા તેમનો આભાર માનવામાં આવ્યો હતો.

રાઉરકેલા મહિલા મંડળ

ગત તા. ૧૪-૧-૨૦૨૩, શનિવારના રોજ સર્વભોતિક અનાથાશ્રમમાં નાના બાળકોને કે.જી.કે. સમાજ રાઉરકેલા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી સોનલબેન દિનેશભાઇ પરમાર પ્રમુખ પણ હેઠળ 'મકરસંક્રાંતિ'નાં પવિત્ર દિવસે સર્વે મહિલા મંડળ બહેનો દ્વારા ૧૦૦ બાળકોને ખાવાની વસ્તુ વિતરણ કરવામાં આવ્યું. બાળકો રાજી થઇ ગયા સોનલબેન દિનેશભાઇ પરમાર, ભૂમિકાબેન નીતિનભાઇ વરૂ, લલીતાબેન કિશોરભાઇ રાઠોર, ભૂમિકાબેન પ્રતિશભાઇ ચાવડા, શીતલબેન દેવેનભાઇ રાઠોર, કસ્તુરીબેન પ્રવીણભાઇ ચાવડા, દીપીકાબેન રોહિતભાઇ



ચાવડા, નિશાબેન કિશોરભાઇ પરમાર, પ્રતિક્ષાબેન હરીશભાઇ ટાંક, ભાવિશાબેન જીતેશભાઇ ટાંક, પારસભાઇ જીતેશભાઇ ટાંક, નીતીકાબેન રોહિતભાઇ ચાવડા સર્વે ઉપસ્થિત હતા.

મરાઠવાડા પ્રા. મહિલા મંડળ

મરાઠવાડા પ્રાદેશિક મહિલા મંડળ અંતર્ગત ભુસાવલ ઘટક દ્વારા રેશમના દોરાથી રૂમાલ બનાવવાની પ્રતિયોગીતા લેવામાં આવી હતી. આ પ્રતિયોગીતામાં કુલ સાત પ્રતિયોગીઓએ ભાગ લીધો હતો. બધાય પ્રતિયોગીઓએ ઘણી મહેનત કરી બહુજ સુંદર રૂમાલ બનાવેલા હતા. આ પ્રતિયોગીતામાં પ્રથમ - ચંપાબેન પરમાર (પરલી), દ્વિતીય દીપીકા ગિરીશ મારૂ (હિંગોલી) અને તૃતિય જયશ્રીબેન નિતિન રાઠોડ (પરભણી)ને પુરસ્કાર આપવામાં આવેલ હતા. ભુસાવલ ઘટક મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી ભાવનાબેન રાઠોડે આ પ્રતિયોગીતા આયોજીત કરી અને બધા પ્રતિયોગીઓનું અભિવાદન કરેલ. મરાઠવાડા પ્રાદેશિક મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી પ્રીતીબેન વરૂએ તેમને માર્ગદર્શન પુરૂં પાડેલ હતું.

હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ



હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ દ્વારા નવા સત્રની શરૂઆતનું પહેલું પ્રોગ્રામ તા. ૧૭-૧૨-૨૦૨૨, શનિવારના આયોજીત કરવામાં આવેલ. ૪૫ બહેનો સાથે મહિલા મંડળ ટીમએ સવારે બસમાં પ્રસ્થાન કરેલ. કાન્તા શાંતિવનમ મેડીટેશન સેન્ટરમાં શ્રીમતી રશ્મીબેન હેમંતભાઇ સોલંકીના ઘરે મીટીંગ આયોજીત કરવામાં આવી. સર્વપ્રથમ બહેનોએ મેડીટેશન હોલમાં મેડીટેશન કર્યું. પછી રશ્મીબેનએ યાત્રા ગાર્ડન અને રેન ફોરસ્ટમાં લઇ જઇને એના બારામાં જાણકારી આપી અને સ્વાદિષ્ટ ભોજન જમાડ્યું હતું. બપોર પછી સ્ટેચ્યુ ઓફ ઇક્વેલીટી અને એમાં બનેલા ૧૦૮ મંદિરના દર્શન, મ્યુઝીકલ ફાઉન્ટેન અને સાંજના સમય મંદિરની સુંદર લાઇટીંગનું આનંદ લીધેલ. પૂરા દિવસ બહેનોને સાથે મળીને ફરીને ખુબ આનંદ આવ્યો. પછી ઘર માટે પ્રસ્થાન કરવા માટે બધાએ વિદાય લીધી

રાયપુર મહિલા મંડળ



રાયપુર ઘટક (સંયુક્ત) મહિલા મંડળ દ્વારા તા. ૨૬-૧૨-૨૦૨૨, સોમવારના પિકનીકનું સુંદર આયોજન નરહરા વોટર ફોલમાં કરવામાં આવેલ. ખુબજ હર્ષ અને ઉત્સાહ સાથે ૫૦ બહેનોએ ભાગ લીધો હતા. ત્યાં જઇને રસોઇ કરવામાં આવેલ. સવારનો નાસ્તો, બપોરનું જમવાનું અને સાંજની ચાનો બધાએ ખુબજ આનંદ લીધો હતો. રમત-ગમત અને હાઉઝીમાં પણ બધી બહેનોએ ખુબજ આનંદ લીધો. અંતાક્ષરી અને ભજન સાથે નવા વર્ષનું વેલકમ કરી બધી બહેનો ખુબજ આનંદીત થયા. ગેમમાં પારિતોષીત આપવામાં આવેલ. પ્રથમ રીટાબેન ચાવડા અને દ્વિતીય ગિતિકાબેન ચાવડાને આપવામાં આવેલ.

Hemraj Damji Solanki 098221 17126
Ketan H. Solanki (B.Arch.) 098226 67940
Samir H. Solanki (B.E.) 097654 82266

M/s. DAMJI GANGJI & Co. (Forest Contractor)
M/s. SAMEER TRADERS (Agencies House)
3rd DIMENSION (Architect & Engineers)

D.G. Market, 1st Floor, Opp. Bus Station, Post Box No. 32, Po & Dist. NANDURBAR (M.S.) Ph. 02564 - 222365



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ

યુવા મંચ



પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ
શ્રી તૃષાર મોહનભાઈ ચૌહાણ
4, આનંદપાર્ક સોસાયટી, મયુર સોસાયટીની બાજુમાં
વૃંદાવન ક્રોસ રોડ, વાઘોડીયા રોડ,
વડોદરા (ગુજરાત) મો. 9426591239

મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ
શ્રી અનમોલ મહેન્દ્રભાઈ ટાંક
એલ.આઈ.જી. ૨૮, લાયનનગર, પહાડ મંદિર રોડ,
રાયગઢ (છ.ગ.) ૪૯૬૦૦૧ મો. 9685469888,
E-mail : kgkyuvamahamandal@gmail.com

Facebook - https://www.facebook.com/KGKYUVAMAHAMANDAL, Instagram - @akhil_bhartiya_yuva_mahamandal

અખિલ ભારતીય યુવા મહામંડળની દ્વિતીય વાર્ષિક કાર્યવાહક સભાનો અહેવાલ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળની દ્વિતીય વાર્ષિક કારોબારી સભા ખુબજ સુંદર વાતાવરણમાં ગોંદિયા યુવા મંડળના આતિથ્યમાં મહામંડળ પ્રમુખ શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણના અધ્યક્ષ સ્થાને આયોજીત કરવામાં આવેલ હતી.

સર્વ પ્રથમ ગોંદિયા યુવા મંડળ ઉપપ્રમુખ શ્રી તુષારભાઇ ચૌહાણ દ્વારા પ્રમુખ શ્રી યુવા મહામંડળ તૃષારભાઇ ચૌહાણ, પ્રમુખશ્રી વિદર્ભ પ્રા. યુવા મંડળ શ્રી દાનીશભાઇ રાઠોડ તેમજ ગોંદિયા યુવા મંડળ પ્રમુખ શ્રી રવિભાઇ પરમારને મંચસ્થ કરવામાં આવેલ ત્યાર બાદ મંચસ્થ અતિથિઓ દ્વારા દીપ



પ્રાગટ્ય કરી સભાની વિધિવત શરૂઆત કરી પ્રભુ પ્રાર્થના બાદ ગોંદિયા યુવા મંડળ ટીમ દ્વારા યુવા મહામંડળ પ્રમુખશ્રી, વિદર્ભ પ્રા. યુવા મંડળ પ્રમુખશ્રી તેમજ ગોંદિયા યુવા મંડળ પ્રમુખશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત સત્કાર કરવામાં આવેલ ત્યાર બાદ મંચ યુવા મહામંડળ મહામંત્રી શ્રી અનમોલભાઇ ટાંકને સોંપવામાં આવેલ. ભારત માતાની જય તેમજ જય સિયારામના ઉદ્‌ઘોષથી મહામંત્રી દ્વારા સભાની કાર્યવાહી પ્રારંભ કરવામાં આવેલ. સર્વ પ્રથમ ઉપસ્થિત સર્વે હોદ્દેદારો દ્વારા ટુંકમાં પરિચય આપવામાં આવેલ પરિચય બાદ મંચ વિદર્ભ પ્રા. યુવા મંડળ પ્રમુખશ્રી દાનીશભાઇને સોંપવામાં આવેલ. વિદર્ભ પ્રા. યુવા મંડળ દ્વારા કેરીયર કાઉન્સેલીંગ વેબીનારના વક્તા શ્રી નિકેતભાઇ ચૌહાણું મહામંડળ પ્રમુખશ્રીના હસ્તે સન્માન કરવામાં આવેલ ત્યાર બાદ નિકેતભાઇ દ્વારા પોતાના ઉદ્‌બોધનમાં સમાજ ઉત્કર્ષ માટે જે કોઇ સેવા હોય તેમાં તેઓ ભાગીદારી આપશે તેવું વિશ્વાસ આપવામાં આવેલ. ત્યાર બાદ મંચ અનમોલભાઇ ટાંકને સોંપવામાં આવેલ અને અનમોભાઇ ટાંક દ્વારા ગત બેઠકના



અહેવાલનું વાંચન કરવામાં આવેલ સાથે ગત વર્ષના અહેવાલને ઉપસ્થિત સર્વે હોદ્દેદારો દ્વારા બહાલી આપવામાં આવેલ.

ત્યાર બાદ મહામંડળ પ્રમુખ શ્રી હેતુલભાઇ જેઠવા દ્વારા પ્રાસંગીક ઉદ્‌બોધનમાં ઇ-કચ્છયાડ તેમજ અન્ય આયોજન વિષય જુના સંસ્મરણોને યાદ કરવામાં આવેલ સાથે શિક્ષાના ક્ષેત્રે યુવાનોની ભૂમિકા વિષય વિચારો વ્યક્ત કર્યા હતા. ઉપપ્રમુખ શ્રી ગૌરવભાઇ ટાંક દ્વારા ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, યુવનોને આગળ આવી સમાજના કાર્યોમાં રસ લેવું જોઇએ સાથે સમાજ ઉત્કર્ષના કાર્યોમાં ભાગ લઇ સમાજને આગળ લઇ જવું જોઇએ. ઉપપ્રમુખ શ્રી હિમાંશુભાઇ વેગડએ પોતાના ઉદ્‌બોધનમાં સમાજના ઉત્થાનમાં યુવાનોની ભાગીદારી વિષય પર ચર્ચા કરી તેમજ ૨૦૨૩માં યુવા મહામંડળનો ફરવાનો કાર્યક્રમ કરવામાં આવે તેવી ઇચ્છા જણાવી હતી. ઉપપ્રમુખ શ્રી

પુજનભાઇ રાઠોડ દ્વારા ઉદ્‌બોધનમાં દ્વિતીય ઇ-કચ્છયાડ વિષય ચર્ચા કરી યુવાનોને તકનીકથી જોડી યુવા ઉત્કર્ષના કાર્યો કરવામાં આવે તેવી ઇચ્છા જણાવી હતી.

સાથે યુવા મહામંડળ દ્વારા ઉપસ્થિત પ્રાદેશિક પ્રમુખશ્રી આંધ્રથી ભાવેશભાઇ પરમાર, મરાઠવાડાથી ઉમેશભાઇ ચૌહાણ, ગુજરાતથી મયુરભાઇ ચૌહાણ, વિદર્ભથી દાનીશભાઇ રાઠોડનું સન્માન કરવામાં આવેલ. ત્યાર બાદ દ્વિતીય ઇ-કચ્છયાડ કરવા માટે ઉપસ્થિત સર્વે હોદ્દેદારો દ્વારા રાજમાનદી આપવામાં આવેલ સાથે ત્યાં જ મંચ ઉપરથી ઇ-કચ્છયાડ ૨૦૨૩ મેજબાની માટે નાગપુરથી ગૌરવભાઇ, બાલાઘાટથી દેવશીશભાઇ અને મરાઠવાડાથી ઉમેશભાઇએ પોતાની ઇચ્છા જણાવી.

દાનીશભાઇ દ્વારા ઇ-કચ્છયાડ સાથે અન્ય ઇન્ડોર ખેલ રાખવાની વાત કરી. અંતે મહામંડળ મંત્રી શ્રી નિલેશભાઇ સોલંકી દ્વારા આભારવિધિ કરવામાં આવેલ અને રાષ્ટ્રગાન બાદ સમુહ ફોટા પાડીને કારોબારી સભાને પુર્ણ કરવામાં આવી હતી.

અખિલ ભારતીય યુવા મહામંડળની દ્વિતીય વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ



યુવા મહામંડળની સામાન્ય સભા ગોંદિયા યુવા મંડળના આતિથ્યમાં આયોજીત કરવામાં આવેલ. આ બેઠક યુવા મહામંડળ પ્રમુખ શ્રી તૃષારભાઇ ચૌહાણના અધ્યક્ષ સ્થાને આયોજીત કરવામાં આવેલ. સર્વ પ્રથમ તુષારભાઇ ચૌહાણ - ગોંદિયા દ્વારા હોદ્દેદારોને મંચસ્થ કરવામાં આવેલ. દીપ પ્રાગટ્ય કરી સભાની શરૂઆત કરી ગોંદિયા યુવા ટીમ દ્વારા પુષ્પગુચ્છથી હોદ્દેદારોનું સન્માન કરવામાં આવેલ ત્યાર બાદ મહામંત્રી અનમોલભાઇ ટાંક દ્વારા ગત મિટીંગના અહેવાલનું વાંચન કરી અને ઉપસ્થિત સર્વે સભ્યો દ્વારા એમને બહાલી આપવામાં આવેલ ત્યાર બાદ યુવા મહામંડળ પ્રમુખ શ્રી તૃષારભાઇ ચૌહાણ દ્વારા પ્રાસંગીક ઉદ્‌બોધનમાં યુવા મહામંડળ ટીમ તેમજ સર્વેનું આભાર માની યુવા મહામંડળના કાર્યોમાં સહભાગીતા આપવામાં આવે તેવી ઇચ્છા જણાવી અને ઇ-કચ્છયાડ વિષય માહિતી આપી અને બંધારણ ફેરફાર કરવાની વાત રાખી ટુંકા ઉદ્‌બોધનમાં પ્રમુખશ્રીએ યુવા ઉત્કર્ષના કાર્યો અને યુવાનોને સમાજ સાથે જોડવાની વાત રાખી અંતે સર્વેનું આભાર માની ઉદ્‌બોધનને વિરામ આપવામાં આવેલ.

ત્યાર બાદ ગોંદિયા યુવા મંડળ પ્રમુખ શ્રી રવિભાઇ પરમારે ઉદ્‌બોધનમાં સર્વે ઉપસ્થિત મહેમાનોનું આભાર માન્યો સાથે ગોંદિયા યુવા મંડળ દ્વારા કરતા કાર્યોની માહિતી આપી સાથે યુવા મહામંડળનો અધિકારીક બેન્ક એકાઉન્ટ ખુલે અને એના માટે જે પણ સરોકાર હોય તેવો આપવાની ખાતરી આપી હતી. ત્યાર બાદ છત્તીસગઢ પ્રાદેશિક યુવા મંડળ મહામંત્રી શ્રી હિમાંશુભાઇ વેગડ છત્તીસગઢ પ્રાદેશિકનું અહેવાલ રજુ કર્યું અને છત્તીસગઢ પ્રાદેશિક યુવા મંડળ દરેક કાર્યમાં યુવા મહામંડળની સાથે જ છે તેવી ખાતરી આપવામાં આવી હતી. ત્યાર બાદ મરાઠવાડા પ્રા. પ્રમુખ શ્રી ઉમેશભાઇ ચૌહાણ અને આંધ્ર પ્રા. યુવા મંડળ પ્રમુખ શ્રી ભાવેશભાઇ ચૌહાણ પોતાનું ઉદ્‌બોધન આપી આગામી દિવસોમાં કાર્ય કરવાની માહિતી આપી હતી. ત્યાર બાદ ગુજરાત પ્રા. યુવા મંડળ પ્રમુખ મયુરભાઇના આદેશથી મંત્રી શ્રી તુષારભાઇ ગુજરાત પ્રાદેશિકનું અહેવાલ રજુ કરેલ અને ગુજરાત પ્રા દ્વારા કરાતા કાર્યોની માહિતી આપી હતી.

ત્યાર બાદ વિદર્ભ પ્રા. યુવા મંડળ મંત્રી શ્રી ઉમંગભાઇ દ્વારા વિદર્ભ પ્રાદેશીનું અહેવાલ રજુ કરવામાં આવેલ અને ઉપસ્થિત મહામંડળના હોદ્દેદારોનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ. ત્યાર બાદ ઉપસ્થિત દરેક સભ્યો દ્વારા ઇ-કચ્છયાડ



૨૦૨૩ કરવા બાબતે તેમજ બંધારણમાં ફેરફાર કરવા બાબત બહાલી આપી હતી. ત્યાર બાદ ગોંદિયા યુવા મંડળ મંત્રી શ્રી મિહિરભાઇ પરમાર પોતાના વિચારોને વ્યક્ત કરતા યુવાનોને વધુથી વધુ સંખ્યામાં સમાજથી જોડવાની અપીલ કરી સાથે સમાજને નવી દશા અને દિશા આપવાની વાત કરી.

ત્યાર બાદ ઉપસ્થિત યુવાનોને વિચારો ઉપર મહામંડળ પ્રમુખશ્રીએ જવાબ આપ્યું અને સમાજમાં ચાલતા અનેક



સમિતિની માહિતિ આપતા તેમના લાભ લેવાની અપીલ કરી સાથે પૂજનભાઇ રાઠોડ દ્વારા પ્રાદેશિક સ્તરે અનેકો આયોજન કરવાની જાણકારી આપતા પ્રાદેશિકથી સહયોગની અપેક્ષા જાહેર કરી હતી.

સાથે ઇ-કચ્છયાડને પણ ૪ વિભાગમાં આયોજીત કરવાનો પ્રસ્તાવ દાનીશભાઇ દ્વારા આપવામાં આવેલ સાથે યુવા મહામંડળ પ્રમુખશ્રી દ્વારા ગોંદિયા યુવા મંડળથી તુષાર કાંતિલાલ



ચૌહાણ તેમજ મનીષ કાંતિલાલ પરમારની યુવા મહામંડળમાં કાર્યવાહક સભ્ય રૂપે વરણી કરવામાં આવેલ. સાથે યુવા મહામંડળ પ્રમુખ તેમજ ટીમ દ્વારા ગોંદિયા યુવા પ્રમુખ રવિભાઇ અને વિદર્ભ યુવા પ્રમુખ દાનીશભાઇનું શાલ અને પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવેલ. અંતે મંત્રી શ્રી નિલેશભાઇ સોલંકી દ્વારા આભારવિધી કરી અને રાષ્ટ્રગાન બાદ સભાને પુર્ણાહુતી આપવામાં આવેલ.

જી.કે.વરિષ્ઠ નાગરિક મંડળ ગોંદિયા દ્વારા પર્યટન નું આયોજન



જી.કે.વરિષ્ઠ મંડળ ની સ્થાપના ૨૦૨૨ જાન્યુઆરી મહિનામાં કરવામાં આવેલ હતી જેના બીજા વર્ષ માં પ્રવેશ કરવાના ઉપલક્ષ માં તારીખ ૧૫ જાન્યુઆરી (રવિવાર) ના દિવસે જી. કે. વરિષ્ઠ નાગરિક મંડળ દ્વારા એક પર્યટન નું ગોંદિયા શહર ની પાસે આવેલ (પાંગળી) ગામ માં શિવ મંદિરના પ્રાંગણમાં આયોજન કરવામાં આવ્યું.વરિષ્ઠ મંડળ માં અંદાજે ૨૦ જેટલા સદસ્યો છે,સદસ્યો દ્વારા વાર્ષિક સદસ્યતા શુલ્ક આપવામાં આવે છે, જેમાંથી મંડળ ના સદસ્યો ના જન્મદિવસ ની ઉજવણી તથા સત્કાર સમારોહ કરવામાં આવેછે તેવીજ રીતે દર રવિવારે સમાજવાડી માં એકત્રિત થઈ સમાજ ઉત્કર્ષ ની યોજનાઓ ઉપર ચર્ચા કરવામાં આવે છે,જી.કે.વરિષ્ઠ મંડળના સદસ્ય પ્રો.શ્રી ચુન્નીલાલભાઈ કલ્યાણજીભાઈ ચૌહાણ શ્રી દિલીપભાઈ પોપટભાઈ ટાંક તેમજ શ્રી પંકજભાઈ મુલજીભાઈ પરમાર નો જન્મદિવસ પણ પર્યટન ની સાથે ઉજવવામાં આવ્યો ત્રણે સદસ્યો તરફથી ચાય.નાસ્તા.તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી,સુંદર અને રમણીય સ્થળનું સર્વે ભાઈઓ તથા બહેનોએ નિરીક્ષણ કરીને આનંદ લીધો પ્રાકૃતિક જગ્યામાં આવેલ શિવજીનું મંદિર તથા ડેમ દર્શનીય સ્થળ જોવા મળ્યા.સાંજે ૫:૦૦ વાગે સૌએ ચાયનો સ્વાદ લઈ પર્યટન સ્થળથી વિદાય લીધી.

સમાજ ગૌરવ



સંબલપુર (ઓડિશા) નિવાસી શ્રી હિતેશભાઇ રતિલાલભાઇ ચૌહાણના પુત્ર ચિ. હર્ષવર્ધનએ ઓડિશા સ્ટેટવાઇઝ પેનકેક લિલેટ કમ્પીટીશન અને વાકો ઇંડિયા નેશનલ કિક બોક્સિંગ ચેમ્પીયનશીપ દહેરાદુન (ઉત્તરાખંડ)માં ભાગ લીધો હતો અને બન્નેમાં પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે. પરિવાર અને સમાજનું ગૌરવ વધારવા બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન... ઉતરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના...

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળની સામાન્ય સભા યોજાઇ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળની ત્રિવાર્ષિક સામાન્ય સભા તા. ૧૬-૧૦-૨૦૨૨ના રોજ મંડળના પ્રમુખ શ્રી બલરામભાઇ ત્રિકમજીભાઇ જેઠવાના અધ્યક્ષ સ્થાને અને સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીની ગરિમામય ઉપસ્થિતિમાં રાયબહાદુર શ્રી જગમાલભાઇ રાજાભાઇ ચૌહાણ વિદ્યાર્થી ભવન - ભુજ મુકામે યોજાઇ હતી. ભુજ ભવનના વિદ્યાર્થીઓએ પ્રભુ પ્રાર્થના રજુ કર્યા બાદ પ્રમુખશ્રી અને સમાજરત્નશ્રી સાથે અ.ભા. મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, મહાસભાના સલાહકાર શ્રી કુંવરજીભાઇ ટાંક, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ જેઠવા, ઉપપ્રમુખો શ્રી મનોજભાઇ વેગડ, બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમાર, શ્રી લાધુરામભાઇ રાઠોડ, શ્રી વિનોદભાઇ ચૌહાણ, ઝોનલ પ્રમુખ શ્રી અરૂણભાઇ ચૌહાણ, ઇ.પ્રાદેશિક પ્રમુખ શ્રી બાબુભાઇ ચૌહાણ, ભુજ ભવનના પ્રમુખ શ્રી દિલીપભાઇ ચૌહાણ, ભુજ ઘટકના પ્રમુખ ડૉ. શ્રી દેવેન્દ્રભાઇ પરમાર તથા મંચસ્થ મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કરેલ હતું.

દિવંગતોને શ્રદ્ધાંજલી આપ્યા બાદ મંડળના મંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયારે શાબ્દિક સ્વાગત કરી મંચસ્થ મહાનુભાવોને પુષ્પગુચ્છ અર્પણ કરી સભાનો પ્રારંભ કરાવેલ હતો. શુભેચ્છા સંદેશાનું વાંચન કર્યા બાદ ગત બેઠકની મિનિટ્સનું વાંચન મંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયાર દ્વારા અને વાર્ષિક હિસાબોની રજુઆત કોષાધ્યક્ષ શ્રી વિનોદભાઇ પઢિઆર દ્વારા કરવામાં આવેલ જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ હતી. અંજાર ભવનનો વિવિહટી અહેવાલ તથા લાગુની જમીન અંગેની વિગતવાર હકીકત શ્રી વિનોદભાઇ જેઠવાએ રજુ કરેલ હતો. ભુજ ભવનનો વહીવટી અહેવાલ સહમંત્રી શ્રી પ્રભુલાલભાઇ ચૌહાણએ રજુ કરેલ હતો. મંડળ



બાબતે મા. ચેરીટી કમિશ્નર સાહેબની કચેરીએ થયેલ ફરીયાદની કાર્યવાહી વિગત શ્રી વિનોદભાઇ ચૌહાણે આપેલ હતી. જેને સભા દ્વારા અનુમોદન આપવામાં આવેલ હતું. પ્રાસંગિક પ્રવચનમાં સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકીએ કેળવણી મંડળના નેજા હેઠળ ચાલતા બન્ને વિદ્યાર્થી ભવનનો અને સત્ર દરમિયાન અંજાર તથા ભુજ વિદ્યાર્થી ભવનમાં થયેલ નવનિર્માણ, નવિનીકરણ તથા સંચાલનની કામગીરીની પ્રશંસા કરી સમાજના પ્રશ્નો સમાજના મંચ ઉપર જ ચર્ચવા અનુરોધ કરેલ હતો. અધ્યક્ષ સ્થાનેથી શ્રી બલરામભાઇ જેઠવાએ પોતાના કાર્યકાળ દરમિયાન થયેલ કાર્યોની વિગત આપી તમામ સહયોગીઓનો આભાર માનેલ હતો. આ સભામાં નવા સત્ર ૨૦૨૨થી ૨૦૨૫ માટે નવી કારોબારી સમિતિની રચના કરી મંડળના પ્રમુખ તરીકે આપણા સમાજનું બહુમુખી અને પ્રતિભાશાળી વ્યક્તિત્વ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી. સભાનું સંચાલન અને આભારવિધી મંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયારે કરેલ હતા.

ચૌહાણ પરિવાર - રેહા






કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ચૌહાણ પરિવારના શુરાપુરા દાદાના સ્થાનક રેહા મધ્યે હોમ-હવન, રાસગરબા તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું. દિલીપ લાલજી ચૌહાણ તથા ચિરાગ દિનેશભાઇ ચૌહાણના યજમાન પદે આચાર્ય શ્રી જનકભાઇ દવે માધાપરવાળાએ હવનવિધી સંપન્ન કરાવેલ હતી. સમાજની રાષ્ટ્રીય મહાસભાના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ ચૌહાણે આ પ્રસંગે ઉપસ્થિત સમાજના પરિવારોને ક.ગુ.ક્ષ. મિસ્ત્રી સમાજના ગૌરવશાળી ઇતિહાસને યાદ કરી આપણી સંસ્કૃતિ, ગાયો અને સ્ત્રી રક્ષણ માટે શહીદ થયેલા શુરાપુરા દાદાઓને ભાવાંજલિ આપેલ હતી. કચ્છ પ્રાદેશિક સમિતિના ઉપપ્રમુખ શ્રી બાબુભાઇ ચૌહાણે આપણા પરાક્રમી પૂર્વજોના સંસ્મરણો જાળવી રાખવા અનુરોધ કરેલ હતો. મહાસભાની કચ્છ દર્શન સમિતિના સભ્ય શ્રી સોમનભાઇ ચૌહાણે પ્રમુખ શ્રી યોગેશભાઇ ચાવડાના માર્ગદર્શન હેઠળ સમાજના ઐતિહાસિક વારસા તથા કુળદેવીશ્રીઓના સ્થાનકોને સુરક્ષીત કરવાના પ્રયાસોની જાણકારી આપી હતી. પરિવારના પ્રમુખ શ્રી મોહનલાલ હીરજીભાઇ ચૌહાણે હવનના આચાર્ય, યજમાનો તથા મુખ્ય સહયોગીઓનું સેવા સન્માન કરેલ હતું. શ્રી શાંતિલાલ ઓધવજી ચૌહાણ - માધાપર તરફથી આયોજન વ્યવસ્થા સંભાળવામાં આવેલ હતી. હવનવિધી બાદ બહેનો દ્વારા ભજન-સંકિર્તન અને રાસ-ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. ભુપત ચૌહાણ, રોમેક્ષ ચૌહાણ, ત્રંબકલાલ ચૌહાણ, ગિરીશ ચૌહાણ તથા યુવા મંડળના સભ્યોએ વ્યવસ્થા સંભાળી હતી. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મંજુલાબેન ચૌહાણના માર્ગદર્શન હેઠળ પૂજનવિધી કરવામાં આવેલ હતી.

Sea Freight Solutions
Your Navigator in The World Of Trade

SERVICES
- Sea freight
- Custom clearing
- Air Freight
- Warehousing
- Transportation Service
- LCL Services
- Project Cargo Handling
- Packaging & Pelletization

CONTACT
MALAV CHAUHAN
Sea Freight Solutions
:Office :
Gandhidham
:Email :
seafreight.mun@gmail.com
Malav@seafreightsolutions.co.in
:Web Site :
www.seafreightsolutions.co.in
:Mobile:
+91 9662898112

મહાશિવરાત્રિ પર્વ વિશેષ



ભગવાન વિષે આજ યથાર્થ પરિચય કોઇ પાસે નથી. જેને કારણે માનવજીવન અનેક સમસ્યાઓથી ઘેરાયેલ છે. કોઇ ભગવાનને 'કણ કણ'માં અર્થાત 'સર્વવ્યાપી' માને છે, કોઇ 'પ્રકૃતિ' જ ભગવાન છે એમ માને છે, કોઇ કહે છે ભગવાન દરેક મનુષ્યના 'હૃદય'માં વસે છે, કોઇ 'આત્મા' સો 'પરમાત્મા' કહે છે, કોઇ 'દેવી-દેવતાઓને' ભગવાન માને છે, કોઇ માને છે ભગવાન '૨૪ અવતાર' ધારણ કરે છે તો કોઇ કહે છે ભગવાન 'યુગે યુગે અવતરીત' થાય છે, કોઇ ભગવાનના અસ્તિત્વનો સ્વીકાર તો કરે છે પરંતુ કોણ છે તે જાણતા નથી, કોઇ તો ઇશ્વર એકમાત્ર 'કલ્પના' છે, તે સિવાય કંઇ નથી એમ પણ માને છે, અજ્ઞાનવશ કોઇ 'શિવાઅહમ' પણ કહે છે.

આવી ભ્રામક માન્યતાઓ પરમાત્માના સત્ય સ્વરૂપને ઢાંકી દે છે. વાસ્તવમાં ઇશ્વરનું અસ્તિત્વ છે એના પ્રમાણ આપણી આધ્યાત્મ સંસ્કૃતિમાં જોવા મળે જ છે. પરમાત્માનું કોઇ શારીરિક રૂપ નથી, આત્મા સમાન જ્યોતિ સ્વરૂપ અને કલ્યાણકારી હોવાથી તેમને ''**પરમપિતા પરમાત્મા શિવ**'' ના નામથી સંબોધીત કરવામાં આવે છે. શિવલિંગ તેમનું પ્રત્યક્ષ પ્રમાણ છે, શિવલિંગ ઉપર દૃષ્ટિપાત કરીએ તો તેના પર અંકિત ત્રિપુંડ વિશેષ ધ્યાન ખેંચે છે. જે દર્શાવે છે કે પરમાત્મા ત્રિકાલદર્શી, ત્રિલોકીનાથ, ત્રિનેત્રી, ત્રિમૂર્તિ, ત્રિભુવનેશ્વર જેવું સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. તેઓ બ્રહ્મા, વિષ્ણુ અને શંકર દ્વારા સૃષ્ટિની સ્થાપના, પાલના અને વિનાશનું કર્તવ્ય કરાવે છે. અંગ્રેજીમાં તેને Generator, Operator અને Destroyer નું કાર્ય કરતા હોવાથી G+O+D = GOD નું સ્થાન આપવામાં આવ્યું છે. જ્યારે દેવતોઓને 'Lord' નું સ્થાન આપ્યું છે. ભારતમાં પણ દેવતાઓના નામ આગળ નારીનું પ્રથમ નામ લેવામાં આવે છે. જેમ કે, લક્ષ્મીનારાયણ, રાધાકિષ્ના, સીતારામ, ગૌરીશંકર, વગેરે પરંતુ પાર્વતી શિવ ક્યારે સાંભળ્યું છે ? અહીં શિવ પાર્વતી બોલાય છે કારણ કે શિવ પરમાત્મા છે દેવતા નહીં, રામેશ્વરમાં શ્રીરામે અને વૃંદાવન ગોપેશ્વરમાં શ્રી કૃષ્ણે પણ શિવલિંગ પૂજન કરેલ. આસુરી વૃત્તિ ધરાવતા લંકાપતિ રાવણ પણ પ્રખર શિવભક્ત હતા. શિવલિંગ સામે તપસ્વીરૂપ શંકર એ વાત સિદ્ધ કરે છે કે તેમનાથી ઉચ્ચ કોઇ એક સત્તા છે જેમનું તેઓ ધ્યાન ધરે છે.

અન્ય ધર્મના લોકોએ પણ પરમાત્માના અસ્તિત્વનો સ્વીકાર કર્યો છે. મુસ્લિમ ધર્મમાં મક્કામાં આવેલ 'ઓવલ શેપ'માં રાખેલ પથ્થર 'સંગે અસવદ' પરમાત્માના અસ્તિત્વનું પ્રમાણ છે. ઇશુ ખ્રિસ્તને જ્યોતિના સાક્ષાત્કાર થયેલા, જેમનું નામ 'જેહોવા' રાખ્યું, ચર્ચમાં અખંડ પ્રગટાવી રાખવામાં આવતી મીણબત્તી જ્યોતિ સ્વરૂપ પરમાત્માની યાદ અપાવે છે. ગુરૂદ્વારામાં જોવા મળતાં 'ખન્ડા'નું પ્રતિક ઇશ્વરના અસ્તિત્વનું પ્રમાણ છે. પારસી લોકો 'હોલીફાયર' ને ઇશ્વરનું પ્રતિક માને છે. વિશ્વના અન્ય દેશો પણ ઇશ્વરના અસ્તિત્વને સ્વીકારે છે. જેમ કે બેબિલોનમાં 'શિઉન', મિશ્રમાં 'સેવ', ફિજીમાં 'સેવાજીયા', રોમમાં 'પ્રિયપસ' વગેરે...

અંતમાં આપણે એટલું જાણી લઇએ કે પરમાત્મા શિવે ૫૦૦૦ વર્ષ પૂર્વે સમસ્ત વિશ્વને દુઃખ, અશાંતિથી મુક્ત કરી, એક નવયુગનું નિર્માણ કરી, મનુષ્યાત્માઓને મુક્તિ-જીવનમુક્તિ પ્રદાન કરવાનું દિવ્ય કર્તવ્ય કરેલ (અને વર્તમાન સમયે ફરીથી કરી રહ્યા છે) તેની યાદગાર રૂપે આપણે દર વર્ષે શિવરાત્રિનું મહાપર્વ ઉમંગ-ઉત્સાહ સાથે મનાવીએ છીએ. જે એકમાત્ર શાંતિ, પ્રેમ અને પવિત્રતાના સાગર પરમાત્માના અસ્તિત્વ અને અવતરણ થયાનું પ્રત્યક્ષ પ્રમાણ છે...

સ્વ. ભરતભાઇ વાઢેરના લેખમાંથી સાદર...

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મ્યુઝિક ગ્રુપ દ્વારા વડોદરા મુકામે ભવ્ય સંગીત મિલનનું આયોજન થયું



આપણા સમાજના ગાયક કલાકારો અને સંગીત રસિકો માટે તા. ૧૩/૧/૨૦૨૦ના રોજ સમાજના નામથી શરૂ થયેલા સર્વપ્રથમ અને એકમાત્ર સંગીત ગ્રુપ એવા શ્રી કે.જી.કે. સમાજ મ્યુઝિક ગ્રુપના ત્રિદિવસીય ભવ્ય 'સંગીત મિલન-૨૦૨૨' કાર્યક્રમનું આયોજન શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ વડોદરા ઘટકના સ્નેહમય આમંત્રણ તથા સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના મુખ્ય આર્થિક સહયોગથી તા. ૧૮,૧૯,૨૦ ડીસેમ્બર-૨૦૨૨ના રોજ વડોદરા સમાજ ભવન મધ્યે કરવામાં આવેલ હતું. ભારતભરના વિવિધ ઘટકોથી પધારેલા ૧૨૫ જેટલા સદસ્ય પરિવારોની ઉપસ્થિતિમાં પ્રથમ દિવસે યોજાયેલ ઉદ્‌ઘાટન સમારોહમાં વડોદરા ઘટકના પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ ભવાનજીભાઇ રાઠોડ સાથે અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી, યુવા મહામંડળના પ્રમુખ શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણ, એડમીન ગ્રુપના શ્રી વિજયભાઇ રામજીભાઇ સોલંકી, શ્રી વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણ, શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર, ગુજરાત પ્રાદેશિક પ્રમુખ શ્રી જગદીશભાઇ વરૂ, અ.ભા.મહિલા મહામંડળના મહામંત્રી શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ, ગ્રુપના મીડીયા ઇન્ચાર્જ શ્રી અંકિત અનિલભાઇ ચૌહાણ, વડોદરા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી દર્શનાબેન પરમાર, વડોદરા યુવા મંડળના પ્રમુખ શ્રી નિલશેભાઇ સોલંકીએ મંચ પર સ્થાન ગ્રહણ કરી દિપ પ્રાગટ્ય કરેલ હતું. ત્યાર બાદ સંજોગવસાત કાર્યક્રમમાં ઉપસ્થિત ન રહી શકેલા મહાસભાના આદ પ્રમુખશ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડાએ શુભેચ્છા આપતા જણાવેલ કે આપણો સમાજ હંમેશા કલા અને સંગીત પ્રેમી રહ્યો છે. આપ સૌ ગાયકો અને સંગીતપ્રેમી મિત્રો આપણા આ ભવ્ય કલાવારસાને આગળ વધારી રહ્યા છો તે ખુશીની વાત છે. શ્રી યોગેશભાઇ ચાવડાએ પોતે સારા-સારા ફિલ્મી ગીતો ગાવા અને સાંભળવાના શોખીન હોવાનું જણાવી ખુબજ સરસ રીતે પોતાને ગમતા ગીતની બે લાઇનો સંભળાવી હતી અને મ્યુઝિક ગ્રુપના ભવિષ્યમાં થનાર આયોજનમાં જરૂરથી ઉપસ્થિતહ રહીને સૌની સાથે આનંદ માણશે તેવી ઇચ્છા વ્યક્ત કરેલ હતી. તેવી જ રીતે સંજોગોવસતા અનુપસ્થિત રહેલા મુખ્ય પ્રાયોજક દાતાશ્રી 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ શુભેચ્છા આપતાં જણાવેલ કે સંગીતએ ઇશ્વરની દેન છે. મા સરસ્વતીની કૃપા હોય તો જ સારૂં ગાઇ શકાય છે. આપણા સમાજના આ મ્યુઝિક ગ્રુપના ભાઇ-બહેનો ખુબજ હળી-મળીને ગીતો ગાવાનો આનંદ લઇ રહ્યા છે તે ખુશીની વાત છે. આપનું ગ્રુપ આવી જ રીતે ઉત્સાહભેર દરેક આયોજનો કરી ખુબજ પ્રગતિ કરે તેવી હાર્દિક શુભકામના પાઠવું છું. તેવી જ રીતે ગ્રુપના સલાહકાર શ્રી રસિકભાઇ હરીલાલભાઇ ચૌહાણ - ઓસ્ટ્રેલિયા, ગ્રુપના વરીષ્ઠ સદસ્યા અને સહયોગી દાતા શ્રીમતી ચિત્રાબેન પ્રફુલ્લભાઇ ગોહિલ - રાજકોટ, ઇન્ચાર્જ એડમિન શ્રીમતી નમિતાબેન પરમાર - ધનબાદ તેમજ અન્ય સદસ્યોએ પણ વર્ચ્યુઅલ માધ્યમથી પોતાની ખુશી વ્યક્ત કરી શુભેચ્છા પાઠવેલ હતી. અતિથિ વિશેષ શ્રી પ્રભુલાલભાઇ રાઠોડ, શ્રીમતી અમિતાબેન સોલંકી, શ્રી તૃષારભાઇ ચૌહાણ તથા શ્રી જગદીશભાઇ વરૂએ વડોદરા ઘટકના આંગણે પધારેલા સૌ સંગીત ઉપાસકોનું અભિવાદન કરી સમર્પણભાવની સરાહના કરી હતી. એડમીન શ્રી વિનોદભાઇ પઢિઆરે સૌનું સ્વાગત કરી પ્રસંગ પરિચય આપેલ હતો. એડમીનશ્રી વિજયભાઇ સો.લંકીએ કાર્યક્રમના આયોજન સંબંધી જાણકારી આપેલ હતી. ગ્રુપના મીડીયા ઇન્ચાર્જ શ્રી અંકિતભાઇ ચૌહાણે ગીતોની પ્રસ્તુતિ વખતે ધ્યાનમાં રાખવા જેવી બાબતો અંગે ટેકનિકલ જાણકારી આપેલ હતી. ઉદ્‌ઘાટન કાર્યક્રમનું સંચાલન એડમીન શ્રી વિનોદભાઇ ચૌહાણે કરેલ હતું.

ત્યાર બાદ મુખ્ય સમિક્ષક શ્રી અજીતભાઇ જેઠવા - વડોદરાના નેતૃત્વ હેઠળ કોર કમિટીના સભ્યો શ્રી રૂપિનભાઇ

પરમાર - ધરમપુર, શ્રી દિનેશભાઇ પરમાર - રાઉરકેલા, શ્રી યોગેશભાઇ ચૌહાણ - માધાપર, તથા શ્રી દેવેનભાઇ વેગડ - ભુજના મનોરંજક અને માહિતીસભર સંચાલન હેઠળ ગીત માલાનો પ્રારંભ થયો હતો.

ગ્રુપના વરીષ્ઠ સદસ્યો ડૉ. શ્રી ગિરધરભાઇ રાઠોડ - જયપુર, શ્રીમતી કાન્તાબેન કોન્ટ્રાકટર - મુંબઇ અને સુ.શ્રી ઉષાબેન ચૌહાણ - રાયગઢ એ પ્રસ્તુત કરેલ મધુર ગીતો બાદ સુરસંગમના સથવારે સમૌ ક્લાસિક, કલાસિક, મેલોડિયસ, રોમાન્ટીક, ગઝલ, કવ્વાલી અને ગુજરાતી ગીતોની રમઝટ બોલાવી સૌને આનંદ વિભોર બનાવેલ હતા. વિશેષ રૂપે આપણા સમાજના ગૌરવ સમાન સ્ટેજ કલાકાર શ્રી મિતેશભાઇ પરમાર - ગોંદિયાએ પ્રસ્તુત કરેલ ધમાકેદાર અને કર્ણપ્રિય ગીતોએ સૌના મન મોહી લીધા હતા. તમામ કલાકારોના ગીતો ઉપર ઓડિયેન્સ મન મુકીને ઝુમ્યું હતું. રાત્રે શ્રી રૂપિનભાઇ પરમારની ટીમ દ્વારા ખુબજ મજેદાર શૈલીમાં અંતાક્ષરીનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. અંકિત ચૌહાણ અને ઝીલ ચૌહાણે સંચાલન કરેલ હતું.

બીજા દિવસે સવારે શ્રીમતી કાન્તાબેન કોન્ટ્રાકટર દ્વારા વિવિધ મુદ્રાઓ તથા હાસ્ય થેરાપી દ્વારા યોગ સેશન કરાવવામાં આવેલ હતું. ત્યાર બાદ સવારે ૯.૦૦ વાગ્યા સુધી ભક્તિ ગીતો અને ત્યાર બાદ સાંજ સુધી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ આગળ વધ્યો હતો. બીજા દિવસે સાંજે શ્રી મિતેશભાઇ પરમાર, શ્રી વિનોદભાઇ પઢિઆર, શ્રી અંકિતભાઇ ચૌહાણ, શ્રી રુપિનભાઇ પરમારના કંઠે ગવાયેલ રાસ-ગરબામાં પરંપરાગત પહેરવેશ અને આભુષણો સાથે સૌ ભાઇ-બહેનોએ ગરબા રમવાનો આનંદ માણ્યો હતો. રાત્રે યોજાયેલ સમાપન કાર્યક્રમમાં મુખ્ય પ્રાયોજક દાતાશ્રી સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકી, કાર્યક્રમના સહયોગી શ્રી ક.ગુ.ક્ષ. સમાજ વડોદરા ઘટક, સહયોગી દાતાશ્રીઓ શ્રીમતી ચિત્રાબેન પ્રફુલભાઇ ગોહિલ - રાજકોટ, શ્રી નિતીનભાઇ દેવસીભાઇ પરમાર - ગાંધીધામ, શ્રીમતી શ્રુતિબેન રાજેશભાઇ પરમાર - મુંબઇ, શ્રી અરૂણભાઇ નરોત્તમભાઇ ચૌહાણ - ગાંધીધામ, શ્રી પ્રવિણભાઇ નારાયણભાઇ ચૌહાણ - ગાંધીધામ, શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાકટર - મુંબઇ, શ્રી રસીકભાઇ હરિલાલભાઇ ચૌહાણ - ગાંધીનગર, શ્રીમતી મીનાબેન જયેશભાઇ ચૌહાણ - ભુજ, શ્રીમતી આશાબેન રાજેશભાઇ પરમાર - રાઉરકેલા, શ્રીમતી જ્યોતિબેન પ્રભુલાલભાઇ પરમાર - નિઝામાબાદ, શ્રી ડૉ. દેવેન્દ્રભાઇ વ્રજલાલ પરમાર - ભુજ, શ્રી અનિલભાઇ ધનજીભાઇ ચૌહાણ - કુકમા (રૂા. ૫૦૦૦ સુધીના) તેમજ અન્ય દાતાશ્રીઓનું ગ્રુપ દ્વારા સન્માન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમના મેમ્બર્સ ચોઇસ સિંગર જાહેર થયેલા ઝરણાબેન હુલ્લાસભાઇ ટાંક - દુર્ગ, લક્કી મેમ્બર ઓફ ગ્યુઝિક ગ્રુપ જાહેર થયેલા શ્રી દેવેનભાઇ વેગડ - ભુજ, ઇનામી ડ્રોના પ્રથમ વિજેતા શ્રીમતી પ્રતિમાબેન ચંદુભાઇ યાદવ - ભુજ તેમજ ડિજીટલ માધ્યમથી આખા કાર્યક્રમના આયોજનને સફળ બનાવવા સક્રિય ભાગ ભજવનાર મિડીયા ઇન્ચાર્જ શ્રી અંકિતભાઇ ચૌહાણનું વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ હતું.

સુશ્રી ઉષાબેન ચૌહાણ, ડૉ. ગિરધરભાઇ રાઠોડ, શ્રીમતી અમિતાબેન ચૌહાણ, ડૉ. શ્રી નરેન્દ્રભાઇ ચૌહાણ તથા શ્રી પ્રિતીબેન ખુશાલભાઇ રાઠોડે પોતાના સુખદ પ્રતિભાવો આપીને આટલું સુંદર આયોજન કરનાર આયોજકોને અભિનંદન આપેલ હતા. સમાપન સમારોહનું સંચાલન એડમીન શ્રી વિનોદભાઇ પઢિઆરે કરેલ હતું. આયોજનના ત્રીજા દિવસે બે બસો દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સ્વામિનારાયણ મંદિર - પોઇચાનો પ્રવાસ કરવામાં આવેલ તેનો સૌએ આનંદ માણ્યો હતો. ચોથા દિવસે વડોદરા ઘટકના વડીલ અગ્રણી શ્રી જેઠાલાલભાઇ પરમારના સ્નેહમય આમંત્રણથી તેમના ફાર્મ હાઉસ પર સૌએ સ્વીમીંગનો આનંદ માણેલ હતો. તેમના તરફથી બપોરનું ભોજન ગ્રહણ કરી પાવાગઢ જઇ શ્રી મહાકાલી માતાજીના દર્શન કરેલ હતા. આવી રીતે સંગીતમિલનનો આનંદ માણી યાદગાર સ્મૃતિઓ સાથે સૌએ વડોદરાથી વિદાય લીધી હતી.

કાર્યક્રમમાં બે દિવસ સુધી ૬૦ જેટલા ગાયકોએ ૧૮૦ જેટલા ગીતો પ્રસ્તુત કરેલ હતા. સમગ્ર કાર્યક્રમનું સ્નેપ એન્ડ શુટ - આશિષભાઇ ચૌહાણ દ્વારા યુ-ટ્યુબ ઉપરથી જીવંત પ્રસારણ કરવામાં આવેલ હતું. જેનો હજારોની સંખ્યામાં સમાજબાંધવોએ ઘેર બેઠાં આનંદ માણ્યો હતો. ચાવડા સ્ટુડીયો-ભુજના જીતુભાઇ ચાવડાએ ફોટોગ્રાફીની સેવા આપેલ હતી. વિજય સોલંકી, વિનોદ ચૌહાણ, વિનોદ પઢિઆર, અંકિત ચૌહાણ (એડમીન ગ્રુપ)

શ્રી બ્રહ્માણી માતાજી ચૌહાણ પરિવાર - કુંભારીયા

સર્વે ગોઠી ભાઇ-બહેનોને સહર્ષ જણાવવાનું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ ચૈત્રી નવરાત્રીમાં આપણા કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીની અસીમ કૃપાથી **ચૈત્ર સુદ-૯, ગુરૂવાર, તા. ૩૦-૦૩-૨૦૨૩ના રોજ માતાજીના સ્થાનકમાં હોમ-હવન, નૈવેદનું આયોજન રાખેલ છે** તો સર્વે ગોઠી ભાઇઓને સહ પરિવાર પધારવા હાર્દિક નિમંત્રણ છે. જે ગોઠી ભાઇઓને હવનમાં બેસવાની ઇચ્છા હોય તેમણે તા. ૨૦/૩/૨૦૨૩ સુધી નીચે જણાવેલ ગોઠી ભાઇ પાસે નામ નોંધાવવા વિનંતી.

જીતેન્દ્ર જેઠાલાલ ચૌહાણ - ૯૯૨૪૯૩૨૫૦૩
ચંદ્રેશ જયંતિભાઇ ચૌહાણ - ૯૪૨૭૪૪૩૨૧૬

અનંતની યાત્રાએ...



ગળપાદર નિવાસી શ્રી વેલજીભાઇ ખેંગારભાઇ પરમાર (ઉ.વ.૮૯) પૂર્વ પ્રમુખશ્રી ગળપાદર ઘટકનું તા. ૨૩-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



નિઝામાબાદ (હાજાપર) નિવાસી શ્રી વિનોદભાઇ વરજાંગભાઇ પરમાર (ઉ.વ.૭૧)નું તા. ૨૩-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



નાગલપર નિવાસી શ્રી જગદીશભાઇ ભાણજીભાઇ જેઠવા (ઉ.વ.૬૫)નું તા. ૨૬-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



લોહારીયા નિવાસી ગં.સ્વ. નર્મદાબેન ઓધવજીભાઇ વેગડ (ઉ.વ.૮૭)નું તા. ૦૧-૦૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



ગાંધીનગર (કુકમા) નિવાસી ગં.સ્વ. ભાગીરથીબેન નારાયણભાઇ ચૌહાણ (ઉ.વ.૭૮) તેઓ સમાજ સંદેશના માજી તંત્રી નારાયણભાઇના ધર્મપત્નીનું તા. ૩૦-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



કલોલ (રેહા) નિવાસી શ્રી નરસિંહભાઇ જેઠાલાલભાઇ વાઘેલા (ઉ.વ.૭૪)નું તા. ૩૧-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



અમદાવાદ (કુકમા) નિવાસી શ્રી શશીકાંતભાઇ પરસોત્તમદાસ ટાંક (ઉ.વ.૭૯)નું તા. ૨૫-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



માધાપર (હાજાપર) નિવાસી શ્રી ગંગાધરભાઇ કાનજીભાઇ વરૂ (ઉ.વ.૭૬)નું તા. ૦૬-૦૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



રાયપુર (ખંભરા) નિવાસી શ્રી ભગવાનલાલ મનજીભાઇ રાઠોડ (ઉ.વ.૮૦)નું તા. ૦૬-૦૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



રાયપુર (ખેડોઇ) નિવાસી શ્રી દિનેશભાઇ કેશવભાઇ પરમાર (ઉ.વ.૫૮)નું તા. ૦૫-૦૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



રાયપુર (કુકમા) નિવાસી શ્રી ચંદુલાલભાઇ નરશીભાઇ ટાંક (ઉ.વ.૭૯)નું તા. ૦૯-૦૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



કેંજારેગઢ (ખેડોઇ) નિવાસી શ્રીમતી પુષ્પાબેન મોહનલાલ રાઠોડ (ઉ.વ.૭૪)નું તા. ૨૦-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



કેંજોરગઢ (રેહા) નિવાસી શ્રીમતી કાંતાબેન શામજીભાઇ ચૌહાણ (ઉ.વ.૮૩)નું તા. ૦૬-૦૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



કેંજોરગઢ (ખેડોઇ) નિવાસી શ્રી મોહનલાલ વલમજીભાઇ રાઠોડ (ઉ.વ.૭૫)નું તા. ૦૭-૦૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.

અનંતની યાત્રાએ...



દુર્ગ (કુકમા) નિવાસી શ્રી ભરતભાઇ રસીકભાઇ ટાંકનું તા. ૨૯-૧૨-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



બાલાઘાટ (માધાપર) શ્રી રમેશભાઇ શીવજીભાઇ રાઠોડ (ઉ.વ.૮૨) (પૂર્વ પ્રમુખ બાલાઘાટ) (ઉ.વ.૮૨) તેઓ ભાવેશભાઇ પૂર્વ પ્રમુખ અ.ભા.યુવા મહામંડળના પિતાનું તા. ૧૬-૦૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



માધાપર (નાગોર) નિવાસી શ્રીમતી મણીબેન અમૃતલાલ ચૌહાણ (ઉ.વ.૮૦)નું તા. ૧૬-૦૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.




અંજાર (ખંભરા) નિવાસી શ્રીમતી નિરૂપાબેન કિશોરભાઇ ચાવડા (ઉ.વ.૬૨) તેઓ મહાસભાના પૂર્વ મંત્રી મોહનભાઇ વરૂના પુત્રીનું તા. ૧૬-૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.




માધાપર (રેહા) નિવાસી શ્રી અમરશીભાઇ હિરજીભાઇ ચૌહાણ (ઉ.વ.૭૩)નું તા. ૧૬-૦૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



કુકમા (અંજાર) નિવાસી ગં.સ્વ. શાંતાબેન ચુનીલાલભાઇ જેઠવા (ઉ.વ.૬૧)નું તા. ૨૪-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



સિનુગ્રા નિવાસી શ્રી ધીરજલાલ શામજીભાઇ ચૌહાણ (ઉ.વ.૭૩)નું તા. ૨૯-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



અંજાર નિવાસી શ્રી ત્રિકમજીભાઇ વાઘજીભાઇ ખોડિયાર (ઉ.વ.૮૫)નું તા. ૧૭-૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર નિવાસી શ્રી કિશોરભાઇ દેવરામભાઇ જેઠવા (ઉ.વ.૫૧)નું તા. ૧૨-૦૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



છીંદવાડા (સિનુગ્રા) નિવાસી શ્રી નરેશભાઇ રમણીકલાલ ટાંક (ઉ.વ.૬૫)નું તા. ૧-૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



શીવની (નાગલપર) નિવાસી શ્રી સુરેશભાઇ દેવરામભાઇ રાઠોડ (ઉ.વ.૮૩) પૂર્વ પ્રમુખ શીવની ઘટકનું તા. ૧૭-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



નાગલપર નિવાસી શ્રી ધરમશીભાઇ કાંતિલાલ વરૂ (ઉ.વ.૭૧)નું તા. ૦૧-૦૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



કુકમા નિવાસી ગં.સ્વ. શાંતાબેન જીવણભાઇ ટાંક (ઉ.વ.૮૫)નું તા. ૧૬-૧૨-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર (દબડા) નિવાસી શ્રી બાબુલાલ વાઘજીભાઇ જેઠવા (ઉ.વ.૯૩)નું તા. ૦૭-૦૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



KIA

Movement that inspires

RATHOD KIA

(3S-Sales, Service, Spares)

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

RATHOD TOYOTA

(3S-Sales, Service, Spares)

Vapi : Survey No. 315/1, N.H.No.48, Balitha, Vapi.

Navsari : Block No. 1064, Opp. Sai Mandir Sisodra Ganesh, Navsari.





croma

in-store | online | mobile

India's leading Consumer Durables and Electronics (CDE) retailer

Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210

Mail : info@sandyresort.com

Website : www.sandyresort.com

Phone : 9727 223333



Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750

Rajen A. Rathod - 9898 907744

Ashok A. Rathod - 9898 907740

Ashish A. Rathod - 9898 907747

Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.

મંગળ પરિચય



Vaneshkumar Rathore

Date of Birth	:	10/07/1991
Birth Time	:	12:37 pm
Place of Birth	:	Chaibasa, Dist. W.Singbhum, JhKh.
Height	:	5'8"
Native Place	:	Kumbharia, Anjar (Kutch)
Kuldevi	:	Shri Chamunda Maa
Gotra	:	Goutam
Education	:	B.Com. (Accountancy Hons) with CS inter passed
Occupation	:	Government Employee in Steel Authority of India Ltd. (SAIL), A Govt. of India Enterprise, As an Assistant Cum Technician (Official)
Father	:	**Lt. Navin Rathore**
Mother	:	**Mrs. Savita Rathore**
Brother	:	**Mr. Dhawal Rathore (Ygr.)**
Grand Father	:	**Lt. Govind Devrajbhai Rathore**
Grand Mother	:	**Lt. Godavriben Rathore**
Address	:	Qtr. No. 90/2, A type, Meghahatuburu, Kiriburu, Dist. W.Singhbhum, Jh.Kh. - 833223 (Desirous to transfer to Bhilai, C.G.)
Mosad	:	**Lt. Shivlal Chawda (Nanaji)** **Lt. Veluben Chawda (Naniji)** **Mr. Jagdishbhai Chawda (Mamaji)** Chandil
Contact	:	**9931367907, 9693138858**
E-mail	:	vaneshrathore@gmail.com



Megha Rathor

Grand Father	:	**Lt. Purushottam Gokulji Rathor**
Father	:	**Dinesh Rathor (Business)**
Mother	:	**Kirty Rathor**
D.O.B.	:	14-06-1994
Time	:	05:55 pm
Height	:	5'1"
Birth Place	:	Katrasgadh - Dhanbad
Education	:	M.Com.
Occupation	:	Teaching
Mosad	:	**Amritlal Parmar**
Native Place	:	Khedoi
Gotra	:	Gautam
Kuldevi	:	Shri Chamunda Maa
Ygr. Brother	:	**Ketan Rathor** (Pursuing B.Tech. from Pune)
Address	:	Station Road, Chandil, Jamshedpur (Jharkhand)
Contact No.	:	**9570120524, 9304477476**

મંગળ પરિચય



Kunjal Chawhan

D.O.B.	:	22/02/1994
Birth Time	:	03:40 am, Chandrapur
Height	:	5'.7"
Education	:	B.B.A., M.B.A. (Marketing/Digital) Nagpur
Job Profile	:	SEO Manager at Botpresso + Prof. Income+Investments Income & Partner in DBC Investments.
Kuldevi	:	Shri Brahmani Maa, Reha (Kutch)
Gotra	:	Vatsa
Father	:	**Dharamsi Bhavanjibhai Chawhan** (B.M. Chawhan & Sons Chandrapur) Real Estate / Investments **Cont. 9834063516, 9421300685** dchawhan50@gmail.com
Mother	:	**Geeta Dharamsi Chawhan** **Cont. 8830891939, 7588656828** geetachawhan6@gmail.com
Elder Brother	:	**Mitul Dharamsi Chawhan (Married)** **Mo. 7020385074** Mitul Coins/Investments - Nagpur, Coindealer1@gmail.com
Elder Sister	:	**Leena Narendra Chauhan - Nagpur**
Elder Sister	:	**Mudra Akash Taunk (Raipur)**
Mosad	:	**Kamal Purushottam Parmar (Mama)** Ballarpur
Address	:	67/68, "Amrutvilla", Sparkling Medows Nr. Hotel Le Meridean, Panjari, Nagpur - 441108 (MH)



Urvashi Tank

Father	:	**Liladhar Amrutlal Tank**
Mother	:	**Vanita Liladhar Tank**
Grand Father	:	**Amrutlal Shivji Tank**
Grand Mother	:	**Lilavantiben Amrutlal Tank**
Date of Birth	:	17/07/1993
Time of Birth	:	05:30 pm
Place of Birth	:	Gandhidham
Height	:	4'9"
Education	:	B.Com.
Native Place	:	Anjar
Kuldevi	:	Shri Brahmani Mataji (Khambhara)
Gotra	:	Shaunak
Mama	:	**Dhirajbhai Chauhan**
Languages	:	Gujarati, Hindi, English
Address	:	Plot No. 83/84, Bileshwar Nagar, Anjar (Kutch) 370110
Contact No.	:	**9978004695 (Mother)**

હાર્દિક અભિનંદન



Titles :-

Mr. Sundargarh

Mr. Odisha 1st Runnerup

Mr. Odisha Best Work

Mr. Chhatisgarh

Mr. India Finalist

Mr. Universh Active Model

Official Gramar (Modeling Teacher)

Modling started from 2018 to onwards contnued...

My modeling teacher is Leena Biswal

Pravinkumar Rasiklal Chawda
Sundargarh (Odisha)





હું મોડલ પ્રવિણ મોડલીંગ કાર્યક્ષેત્રમાં કાર્ય સફળતા માટે મારા પરિવાર, મમ્મી, પપ્પા અને મારા મોડલીંગ શિક્ષક લીના બિસ્વાલનો આભાર વ્યક્ત કરું છું. હું સુંદરગઢ (ઓડિશા)થી નાના-મોટા છોકરા-છોકરીઓને મોડલીંગ કાર્ય શિખવાડું છું અને પુરસ્કૃત કરાવું છું તથા તેઓને પ્રત્યેક પ્રોગ્રામમાં લઇ જાવ છું અને પ્રત્યેક પ્રોગ્રામમાં મિ. ઓડિશા, મિસ ઓડિશા, મિ. એન્ડ મિસીસ (જુનીયર), જુનિયર ઓડિશા એવા અનેક એવોર્ડ મારા છાત્રો, છાત્રાઓ પોતાના નામે કર્યા છે અને સમાજ, પરિવાર, રાજ્ય એવં જીલ્લાનું નામ રોશન કરેલ છે.

પ્રવિણકુમાર રસિકલાલ ચાવડા
સુંદરગઢ (ઓડિશા)

મંગળ પરિચય

Lokesh Taunk



Father	:	Kamlesh Taunk
Mother	:	Hema Taunk
Grand Father	:	Lt. Sheolal Ladhu Taunk
Grand Mother	:	Lt. Revakunwarben Taunk
Date of Birth	:	02 Jan 1992
Time & Place	:	11.05 pm, Raipur
Mangal	:	Yes
Complexion	:	Fair
Education	:	MBA (Foreign Trade) Daw University
Height	:	5'6"
Profession	:	Business (Readymade Garments shop)
City Livein	:	Indore (MP)
Native Place	:	Khambhara (Kutch)
Kuldevi	:	Shri Brahmani Maa
Gotra	:	Sonak
Mosad	:	Anil Vijaybhai Varu (Raipur (C.G.)
Contact	:	Father - 9993866450 Mother - 9826970631
E-mail	:	kamlesh19980@gmail.com
Resi. Adrs.	:	402, D'Block, Shreeji Heights society, Shreeji Vally, Bicholi Mardan, Indore, (M.P.) 452016

હાર્દિક અભિનંદન



ખુશાલી મંજુલાબેન જીતેન્દ્ર ચાદવ

મૂળ ગામ : હાજાપર, હાલ : માધાપર (કચ્છ)

કુળદેવી શ્રી ચાવલ માતાજી તથા શ્રી દ્વારિકાધીશની અસીમ કૃપાથી તેમજ વડીલોના આશીર્વાદથી આપશ્રીએ **M.Ed. (Master of Education)** ની પદવી **85.36%** સાથે મેળવેલ છે. આપશ્રીએ સમસ્ત સમાજ તથા કુટુંબનું ગૌરવ વધાર્યું છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન... ભવિષ્યમાં પણ આપશ્રી ઉતરોત્તર પ્રગતિ કરો તેવી શુભેચ્છાઓ સહ આશીર્વાદ...

:: શુભેચ્છક ::

શ્રીમતી મંજુલાબેન જીતેન્દ્રભાઈ ચાદવ	(માતા-પિતા)
સ્વ. નર્મદાબેન મનજીભાઈ ટાંક	(નાની-નાના)
ગં.સ્વ. જયાબેન કિશનલાલ ચાદવ	(દાદી-દાદા)
સ્વ. મગનભાઈ મનજીભાઈ ટાંક	(મામા)
શ્રીમતી પારૂલબેન રાજેન્દ્રભાઈ ચાદવ	(કાકી-કાકા)
હિમાંશી જીતેન્દ્રભાઈ ચાદવ (બહેન) (Jr. Engineer-GETCO)	
કશીષ જીતેન્દ્રભાઈ ચાદવ	(બહેન)

અશ્રુપૂર્ણ શ્રદ્ધાંજલિ





રમેશભાઈ શિવજીભાઈ રાઠૌર

માધાપર-બાલાઘાટ

અવતરણ ૨૦.૧૦.૧૯૪૧

કોઈ સુચન વગર સર્વત્ર સુવાસ ફેલાવી ગયા... સંભારણા સૌના હૈયે વસાવી ગયા...
સમાજ ઉત્કર્ષના કાર્યો કરવાની સાથે સાથે... પરિવાર સુખ માટે ફૂલો પાથરી ગયા...

:: શોકાકુળ પરિજનો ::

ગં.સ્વ. રેખાબેન રમેશભાઈ રાઠૌર

(સુપુત્રો-પુત્રવધુ) ● દિમેશભાઈ-સૌ. અનામિકાબેન, મુદિત-કુશાગ્ર ● ભાવેશભાઈ-સૌ. જયાબેન, કુ.પ્રિશા


(સુપુત્રી-જમાઈરાજ) ● સૌ. સોનાબેન-સંજયભાઈ, નુતાંશ વરૂ (રાયપુર)

(ભાઈઓ) શ્રી તપેશભાઈ-લતાબેન, સ્વ. પોપટલાલભાઈ-ગં.સ્વ. કાંતાબેન, સ્વ. યોગેશભાઈ-ગં.સ્વ. ભારતીબેન રાઠૌર

(ભત્રીજા) તેજેશભાઈ-દર્શનભાઈ-જયેશભાઈ-તુષારભાઈ એવમ્ સમસ્ત રાઠૌર પરિવારજનો

(બહેનો) ગં.સ્વ. નર્મદાબેન લખમશીભાઈ પરમાર (જબલપુર), કુસુમબેન રમણિકભાઈ સોલંકી (રાયપુર)
હર્ષિદાબેન અરવિંદભાઈ ચાવડા (બેલુર), ઉર્મિલાબેન નટવરલાલભાઈ ચૌહાણ (ચેન્નઇ)

ભાવપૂર્ણ આદરાંજલિ



રમેશભાઈ શિવજીભાઈ રાઠૌર

માધાપર-બાલાઘાટ

અવતરણ	રામશરણ
૨૦.૧૦.૧૯૪૧	૧૩.૦૧.૨૦૨૩

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ
બાલાઘાટ ઘટક ના પૂર્વ પ્રમુખશ્રી રૂપે
અનેક વર્ષો સુધી અવિસ્મરણીય યોગદાન
આપનાર આદ. શ્રદ્ધેય વડીલશ્રી.

સ્નેહ લાગણીથી હૃદયમાં સૌના વસતા રહ્યા... ચંદનની જેમ ઘસાઈને સુવાસ સદાય ફેલાવતા રહ્યા...
અંજલી માટે શબ્દો ઓછા પડે... પુષ્પાંજલિ માટે પુષ્પો ઓછા પડે... અંતરમાં સ્મરણ હજુ તમારૂં આવે છે...
આપના ઓચિંતા પરલોક ગમનથી સ્તબ્ધ છીએ અમો સહુ...
પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે... એ જ પ્રાર્થના... ॐ શાંતિ:... શાંતિ:... શાંતિ:...

શ્રદ્ધાવનત...

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા વિદર્ભ પ્રાદેશિક સમિતિ

પ્રમુખ : શ્રી જીતેન્દ્રભાઇ રણજીતભાઇ પરમાર (બાલાઘાટ)
ઉપપ્રમુખ : શ્રી દિલીપભાઇ દેવરામભાઇ ચૌહાણ (બલ્લારશાહ)
ઉપપ્રમુખ : શ્રી કમલેશભાઇ હરિલાલભાઇ રાઠોડ (ગોંદિયા)
ઉપપ્રમુખ : શ્રી વિનયભાઇ મુળજીભાઇ પરમાર (ગોંદિયા)
મંત્રી : શ્રી મિતેશભાઇ કરસનભાઇ પરમાર (ગોંદિયા)
કોષાધ્યક્ષ : શ્રી તપનભાઇ કુંદનભાઇ રાઠોડ (બાલાઘાટ)
સહમંત્રી : શ્રી મેહુલભાઇ ચંદ્રકાંતભાઇ ચૌહાણ (નાગપુર)
સહમંત્રી : શ્રી ખેમરાજભાઇ કાનજીભાઇ વેગડ (ઉમરેડ)

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ બાલાઘાટ ઘટક

પ્રમુખ : શ્રી જીતેન્દ્રભાઇ રણજીતભાઇ પરમાર
ઉપપ્રમુખ : શ્રી સુનીલભાઇ મોહનભાઇ રાઠોડ
ઉપપ્રમુખ : શ્રી મહેન્દ્રભાઇ કરમશીભાઇ ટાંક
ઉપપ્રમુખ : શ્રી રસિકભાઇ મુળજીભાઇ રાઠોડ
ઉપપ્રમુખ : શ્રી ધીરજલાલભાઇ શામજીભાઇ પરમાર
મંત્રી : શ્રી અરૂણભાઇ રામજીભાઇ જેઠવા
કોષાધ્યક્ષ : શ્રી તપનભાઇ કુંદનભાઇ રાઠોડ
સહમંત્રી : શ્રી તનમયભાઇ ભરતભાઇ જેઠવા
સહમંત્રી : શ્રી ધર્મેશભાઇ રમેશભાઇ રાઠોડ

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



સ્વ. વેલજીભાઈ ખેંગારભાઈ પરમાર
(પૂર્વ પ્રમુખશ્રી ગળપાદર ઘટક)
જન્મ તા. ૦૯-૦૫-૧૯૩૫, સ્વ. તા. ૧૩-૧૨-૨૦૨૨



સ્વ. તારાબેન વેલજીભાઈ પરમાર
સ્વ. તા. ૨૦-૧૦-૨૦૨૨
ગળપાદર, તા. ગાંધીધામ (કચ્છ)

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः । न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ।।

આપના સરલ સ્વભાવ, કુટુંબ સાથે પ્રેમ સૌના હૃદયમાં જીવીત રહેશે. આપના આદર્શો અમારા માર્ગદર્શક હતા. હર દમ તમારા હોવાનો આભાસ રહ્યા કરે છે, ક્યારેક કહેલી વાતોના ભણકારા વાગ્યા કરે છે, યાદમાં સતત આપના દર્શન થયા કરે છે. દરેક કાર્યોમાં આપના આશીર્વાદનો અહેસાસ થયા કરે છે. પ્રભુ આપની આત્માને શાંતિ આપે એજ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ...

:: આપના પરિવારજનો ::

સ્વ. મણીબેન તથા સ્વ. ખેંગાર દેવશી પરમાર (માતા–પિતા)
સ્વ. તારાબેન વેલજીભાઈ પરમાર (પત્ની)
શારદાબેન કેશવજીભાઈ પરમાર (વહુ, નાનાભાઈ)
લક્ષ્મીબેન મગનલાલ પરમાર (વહુ, નાનાભાઈ)
અનિતાબેન ચમનલાલ પરમાર (વહુ, નાનાભાઈ)
ઈચ્છાબેન અમૃતલાલ જેઠવા (બહેન–બનેવી)

સ્વ. મણીબેન તથા સ્વ. ખેંગાર દેવશી પરમાર (સાસુ-સસરા)
સ્વ. વેલજીભાઈ ખેંગારભાઈ પરમાર (પતિ)
શારદાબેન કેશવજીભાઈ પરમાર (દેરાણી–દિયર)
લક્ષ્મીબેન મગનલાલ પરમાર (દેરાણી–દિયર)
અનિતાબેન ચમનલાલ પરમાર (દેરાણી–દિયર)
ઈચ્છાબેન અમૃતલાલ જેઠવા (નણંદ–નણદોયા)

રેખાબેન દિનેશભાઈ પરમાર	**પુત્રવધુ–પુત્ર**
દીપાબેન દર્શનભાઈ પરમાર	**પૌત્રવધુ–પૌત્ર**
ધ્રુતિબેન ધવલભાઈ પરમાર	**પૌત્રવધુ–પૌત્ર**
ચાન્સી, ચાર્મી, માધવ	**પ્રપૌત્રી, પ્રપૌત્ર**
ગં.સ્વ. નિમુબેન ધરમશીભાઈ વરૂ	**પુત્રી–જમાઈ**
ધનુબેન રસીકભાઈ ચૌહાણ	**પુત્રી–જમાઈ**
ગં.સ્વ. સુમીતાબેન મોહનભાઈ	**પુત્રી–જમાઈ**

તથા સમસ્ત પરમાર પરિવારના જયશ્રી કૃષ્ણ

એન્ટાલીયા સી માર્ગ	**એન્ટાલીયા સી માર્ગ**	**પરશુરામ ડેવલોપર્સ**
દર્શનભાઈ પરમાર – ૭૮૭૪૩૩૧૯૧૯	**ધવલભાઈ પરમાર – ૭૮૭૪૩૩૩૦૦૫**	**દિનેશભાઈ પરમાર – ૯૯૭૮૦૪૭૩૧૮**

પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



સ્વ. સંજયભાઈ રણછોડભાઈ રાઠોડ

જન્મ તા. : ૧૯/૫/૧૯૭૦ સ્વ.તા. ૧૫-૦૨-૨૦૨૨
દેશમાં ગામ : ખેડોઈ, હાલ મુકામ : માધાપર (કચ્છ)

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ।।

તમારા ઉચ્ચ વિચારો, સાદું જીવન, હસતો ચહેરો, મિલનસાર સ્વભાવ અને કૌટુંબીક અને સમાજ પ્રત્યેની લાગણી, હંમેશા સૌને પ્રેરણા આપતી રહેશે. તમારી ખોટ કદી પણ કોઇ ભુલી તથા પુરી પાડી નહીં શકે, ઈશ્વર તમારા દિવ્ય આત્માને પોતાના ચરણોમાં સ્થાન આપે... ૐ શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

સ્વ. રણછોડભાઈ ધારશીભાઈ રાઠોડ – પિતા
સ્વ. ભાગવતીબેન રણછોડ રાઠોડ – માતા
સ્વ. પોપટભાઈ રણછોડભાઈ કાચા – સસરા
ત્રિવેણીબેન પોપટભાઈ કાચા – સાસુ
ગં.સ્વ. અનસુયાબેન સંજયભાઈ રાઠોડ – ધર્મપત્ની
વિજયભાઈ રણછોડભાઈ રાઠોડ – ભાઈ
ભાવનાબેન વિજયભાઈ રાઠોડ – ભાભી
રમણીકભાઈ ધનજીભાઈ સોલંકી – બનેવી
ઉમાબેન રમણીકભાઈ સોલંકી – બહેન
ભાવિન સંજયભાઈ રાઠોડ – પુત્ર
હર્ષ સંજયભાઈ રાઠોડ – પુત્ર
ગૌતમ વિજયભાઈ રાઠોડ – પુત્ર
યેશા ગૌતમ રાઠોડ – પુત્રવધુ
યશ વિજયભાઈ રાઠોડ – પુત્ર

તથા સમસ્ત રાઠોડ પરિવાર



Surbhi
CLOTHING



Inspired By Culture

Manufecturer and Retailer of Kurti and Dresses

Factory Address:

Shraddha Complex, Adani School Rd, Near Zero Point, Mundra 370421.

Home Address:

Girinarayan Street, Mandvi Chock, Old Bandar Road, Mundra 370421.

Contact Address:

+91 93246 85342
+91 99208 43135

surbhiclothing@gmail.com

LALITA PUBLIC SCHOOL® (CBSE)

CHETNA KIDS PARADISE

Ring Road, Wardhaman Nagar, Nagpur- 35

Email : lpswnngp1@gmail.com | Website : lalitapublicschool.com





Director :
Mrs. Chetna Raju Tank

PURUSHOTTAM JAIRAM CO. & M/S JAIRAM KARSAN TANK

IMPORTERS AND EXPORTERS OF TIMBER

69, LAKADGANJ, NAGPUR-440 008 INDIA Off.: 91-712-2764667, 2764639, Fax : 91-712-2765367, E-mail : pj.tank@yahoo.com

ASHUTOSH INDUSTRIES

GUMTHALA, BHANDARA ROAD, NAGPUR. LARGEST MANUFACTURER OF DECORATIVE TEAK VENEER IN INDIA

RISING FURNITURE

Gandhi Putla Sq., Central Avenue, Nagpur-2

FURNITURE SHOWROOM FOR ALL TYPES OF FURNITURE

NARAYANA MINERALS

GUMTHALA, BHANDARA ROAD, NAGPUR

MANUFACTURER OF MANAGANESE DI OXIDE (MNO2) & MANAGANESE OXIDE (MINO)

॥ ઓમ શાંતિઃ ॥

ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર

(ખંભરા)

ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

Mob. 98252 97341

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)

માધવ સ્વીમીંગ - કુકમા











આપના શુભ પ્રસંગો, પારિવારીક ઉત્સવો, જન્મદિન જેવા પ્રસંગે પરિવાર સહીત ફરવાલાયક ઉત્તમ સ્થળ...

સ્વિમીંગ પુલ, બાગ-બગીચા સહીત નયનરમ્ય વાતાવરણનો આનંદ માણો...



શ્રી હરગોવિંદભાઈ એચ. ચૌહાણ

પ્રમુખશ્રી, કુકમા ઘટક

મો. ૯૮૨૫૫ ૧૪૩૫૧

શ્રી રામેશ્વરમ્ એગ્રી ફાર્મ - માધવ સ્વીમીંગ

આકાશવાણી રેડીયો સ્ટેશન ફાટકથી બે કી.મી. અંદર, કુકમા (કચ્છ)

શ્રી રામેશ્વરમ એસ્ટેટ બ્રોકર

બેંક ઓફ બરોડાની બાજુમાં, બસ સ્ટેશન પાસે, કુકમા

માધવ સ્વીટ એન્ડ નમકીન

બસ સ્ટેશન પાસે, કુકમા



શ્રી માધવ એચ. ચૌહાણ

કુકમા

મો. ૯૫૩૭૧ ૮૨૭૭૮



YOGESH CHAWDA



Aatur Chawda
(M.Arch Texas Univ.)



Raunak Chawda
(B.E. Civil, MBA)



vedbhumi

VEDBHUMI BUILDERS & DEVELOPERS PVT.LTD.
VEDBHUMI INFRAPROJECTS PVT. LTD.

1st Level, Bhumi Arcade, Near Garden, Lakadganj, Nagpur - 08.
Ph.: 0712 - 2760512 | e-mail : info@vedbhumi.com | www.vedbhumi.com
Residence : "Amber", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35.
M : +91 9373129642 | M : +91 7773933433

Meena Y. Chawda | Abhilasha A. Chawda

(Chandia)



Khodiyar Engineering Works
Urja Engineering Company
Perfect Power Systems
Unique Power Systems

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009

(Electrical Contractors, Consultants & Engineers)

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

Besides the manufacturing of Panel, we also attain works such as

~ Installation of DP Structure.
~ Installation of Cables and connecting them, etc.
~ Supply of Transformers and Vaccume Circuit Breaker
~ Rewinding Of all types of Motors and Generators.
~ Filtration and supply of Transformer Oil.
~ Supply of All types of Switchgears.
~ All Types of HT & LT deals with P.G.V.C.L

Authorised Dealer

Lighten Up Your Life...



C&S electric | AVOCAB WIRES & CABLES | HPL The Power of Technology | connectwell THE RIGHT CONNECTION

Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.
Ph. (O) +91 2836 233791 • Fax : +91 2836 233761
E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com
Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com



With Best Compliments



Vipin Rathod
Managing Director

UNITRON
The Instrumentation People

UNITRON INSTRUMENTATION PVT. LTD.

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India. Our major customers are Aerospace Industry, Automobile Industry, Steel Industry, Foundry & Forge Industry and Surface Coating Industry.



Head Office
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore- 560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Email- info@unitron.in unitron@vsnl.net Web: www.unitron.in
Branch Office: Chennai, Delhi(Gurgoan), Pune

Developers and Sponsorers of Home Page of Rathods of Khambra
www.rathodsofkhambra.in

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025 Posted at S.O. BHUJ on 2nd of Every Month.
Published on February-2023

॥ જય સીયારામ ॥



'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર

SHREE RAM GROUP OF INDUSTRIES

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

દાન માટે અપિલ :-

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

PAN NO. AABTS 4600 B

રૂા. ૫૦,૦૦૦/-	કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી
રૂા. ૧૦,૦૦૦/-	કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી
રૂા. ૫,૦૦૦/-	કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી
રૂા. ૬,૦૦૦/-	નું દાન આપનાર દત્તક દાતાશ્રી (એક વિદ્યાર્થીનીની સત્ર ફી ભરી વિદ્યાદાન આપી શકાય છે.)
રૂા. ૪,૦૦૦/-	નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી
રૂા. ૨,૦૦૦/-	નું દાન આપનાર આજીવન સભ્યશ્રી આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

આપના વિનમ્ર

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી કાંતીલાલ આર. પરમાર - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - સહ વ્યવસ્થાપક

મુદ્રક અને પ્રકાશક : વિનોદ મોહનલાલ ખોડીયાર એ આ મુખપત્રના માલિક : શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા (પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા), 'અંબર' વાત્સલ્ય ભૂમિ, વાઠોડા, નાગપુર – ૩૫ (મહારાષ્ટ્ર), મો. ૯૩૭૩૧૨૯૬૪૨ વતીથી, શ્રી ગાયત્રી ગ્રાફીક્સ – અંજાર ખાતે તૈયાર કરાવી, શ્રી હરિ ઓફસેટ – ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.